Date of Publication 10th Posted on Every Month

જૂન : ૨૦૧૭

વર્ષ : ૧૧, અંક : ૧૨

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)

समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક



રણજિતરામ વાવાભાઈ મહેતા

જન્મ : ૨૫-૧૦-૧૮૮૧ અવસાન : ૪-૬-૧૯૧૭

*સમાની મન્ત્રઃ* (ઋગ્વેદ) *સમાની પ્રપા* (અથર્વવેદ)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૧ જૂન : ૨૦૧૭ અંક : ૧૨

પરામર્શનસમિતિ

**ચન્દ્રકાન્ત ટોપીવાળા**
પ્રમુખ

**ઉષા ઉપાધ્યાય**
પ્રકાશનમંત્રી

તંત્રી
**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**‘પરબ’ સંવર્ધક : ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ ઍન્ડ કેમિકલ્સ લિ., વડોદરા**

E-mail : gspamd@vsnl.net ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 પરબ છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : ઉષા ઉપાધ્યાય (પ્રકાશમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ☎ ૨૬૫૬૪૨૭૯



## અ નુ ક્ર મ

**આ ક્ષણે..** : ગુજરાતી ટૂંકી વાર્તાની શતાબ્દી અને પાઠકસાહેબ, યોગેશ જોષી 6

**કવિતા** : બે કાવ્યો, ચંદ્રકાન્ત શેઠ 13 ચાર કાવ્યો, નલિન રાવળ 15 પાવાગઢ, મેહુલ દેવકલા 16 ટહુકે બાંધ્યું છે અમે વંન, મુકુન્દ પરીખ 18 ક્યાં સુધી ?, દક્ષા સંઘવી 19 હટાવી છે, હર્ષ બ્રહ્મભટ્ટ 20 લઘુકાવ્ય, પારસ હેમાણી 20

**વાર્તા** : અં...કલ, ગિરિમા ઘારેખાન 21

**લલિત ગદ્ય** : પંખીની પાળીએ ના વાણી, જગદીશચંદ્ર ત્રિવેદી 26

**વિદેશી સાહિત્ય** : રાજાઓનો અંતિમ દાવો : સ્ટીફન સ્પેન્ડર, અનુવાદ : પ્રદીપ ખાંડવાળા 29

**આસ્વાદ** : સર્જક સિતાંશુરચિત સૂફી ઝંખનનાં ખંજન, રાધેશ્યામ શર્મા 32

**વિશેષ** : કવિતાલેખનની પિછવાઈ, ચન્દ્રકાન્ત ટોપીવાળા 36

**વક્તવ્ય** : કવિતા : કાળાતીત ક્ષણો, કમલ વોરા 40

**પ્રસ્તાવના** : લોકગીતાસ્વાદને શતાબ્દી તિલક, નરોત્તમ પલાણ 43

**વિવેચન** : ૨૧મી સદીમાં પાશ્ચાત્ય વિવેચનના પ્રવાહો, હર્ષવદન ત્રિવેદી 46

**અભ્યાસ** : ભોળાભાઈ પટેલનાં (પરબ) સંપાદકીય, કિશોર વ્યાસ 59

**સમીક્ષા/ગ્રંથાવલોકન** : વૈવિધ્ય અને નાવીન્ય, હિમાંશી શેલત 71, સહજતા અને સ્વાભાવિકતાનો રસ, વિજય શાસ્ત્રી 73, ‘હૃદયલિપિ’ની કવિતા, દક્ષા વ્યાસ 75, જળ પર સુરેખ લકીર, ઉર્વીશ વસાવડા 78

**અહેવાલ** : અસ્મિતાપર્વ-૨૦, અજય પાઠક 81

**આપણી વાત** : સંકલન : પ્રફુલ્લ રાવલ 86

**પત્રસેતુ** : સપ્ટેમ્બર ૨૦૧૬ના ‘પરબ’નું આવરણચિત્ર, મહેન્દ્ર પુરોહિત 87, ભૂલસુધારણા, એન. એલ. રાઠોડ 88

**આ અંકના લેખકો** : 89

આ ક્ષણે...

# ગુજરાતી ટૂંકી વાર્તાની શતાબ્દી અને પાઠકસાહેબ

■ યોગેશ જોષી ■

ગુજરાતી ટૂંકી વાર્તાની શતાબ્દીની ઉજવણી થઈ રહી છે ત્યારે, આ ક્ષણે પાઠકસાહેબ (રામનારાયણ વિશ્વનાથ પાઠક) સાંભરે છે.

વીસમી સદીની શરૂઆતમાં ગુજરાતીમાં ટૂંકી વારતાનો આરંભ થયો. ૧૯૦૪માં રણજિતરામ; ૧૯૧૧ના અરસામાં મુનશીએ વાર્તાલેખન શરૂ કર્યું; ૧૯૧૩માં મલયાનિલે વાર્તા લખવાનું શરૂ કર્યું; એમની પાસેથી 'ગોવાલણી' જેવી સુરેખ ટૂંકી વાર્તા મળી જે 'વીસમી સદી'માં નવેમ્બર ૧૯૧૮માં પ્રગટ થયેલી. ત્યારબાદ ધૂમકેતુ પાસેથી દાયકાઓ સુધી ટૂંકી વાર્તાઓ મળતી રહી. ધૂમકેતુએ પાત્રો તથા પરિવેશની સૃષ્ટિને ઉઘાડ આપ્યો. ધૂમકેતુની વાર્તાઓ ભાવનાશીલ, ઊર્મિશીલ, લાગણીપ્રધાન રહી. ૧૯૨૪થી રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'દ્વિરેફ'ના ઉપનામથી વાર્તાલેખન શરૂ કર્યું. ધૂમકેતુ તથા પાઠકસાહેબે ગુજરાતી વાર્તાને નવો વળાંક આપ્યો. ચિમનલાલ ત્રિવેદીએ નોંધ્યું છે :

> 'કવિતાક્ષેત્રે જેમ ન્હાનાલાલની ભાવનારંગી કવિતા સામે બલવંતરાયની વિચારરંગી કવિતાએ કાઠું કાઢી નવો રાજમાર્ગ ખોલ્યો, તેમ ટૂંકી વાર્તાના ક્ષેત્રે પણ દ્વિરેફની વાર્તાઓએ, ધૂમકેતુના વાર્તાઓઘ સામે, નવી દિશા ઉઘાડી.'

ધૂમકેતુ તથા દ્વિરેફ માટે હીરાબહેને નોંધ્યું છે :

> 'આ બંને વાર્તાકારોએ પરસ્પર પૂરક રૂપે ટૂંકી વાર્તાનું ઘાટઘડતર કરેલું છે. એકના ભાવાત્મક અને બીજાના તાત્ત્વિક જીવનદૃષ્ટિના નિરૂપણે, નવલિકાનું કલેવર ઘડ્યું છે.'

પાઠકસાહેબે ટૂંકી વાર્તાનાં સ્વરૂપ અને સામગ્રીનું સંતુલન સાધ્યું, પ્રયોગો માટે દિશા ચીંધી ને લાગણીવેડાનો મેદ ઉતાર્યો. વાર્તાના કલાસ્વરૂપ પ્રત્યેની એમની સભાનતા ધ્યાનાર્હ બની રહી. ગુજરાતી ટૂંકી વાર્તાની વાત કરતાં સુરેશ જોષીનેય યાદ કરવા પડે. તેમણે કપોલકલ્પિત તથા આકારની પ્રતિષ્ઠા કરવાના પ્રયત્નો કર્યા. અતિવાસ્તવ - પરાવાસ્તવ તથા આંતરચેતનાપ્રવાહનો એમણે વાર્તામાં વિનિયોગ



કર્યો. ટેકનિક અને ભાષાનું અલગ રૂપ એ સુરેશ જોષીનો મૂલ્યવાન ઉન્મેષ છે. સુરેશ જોષીએ ગુજરાતી વાર્તામાંથી ઘટનાનો મેદ ઉતારવાનું મહત્ત્વનું કામ કર્યું. ઘટનાનો હ્રાસ કે ઘટનાનું તિરોધાન કહેતાં જ સુરેશ જોષી યાદ આવે. પરંતુ સુરેશ જોષી અગાઉ પાઠકસાહેબે 'મેહફિલે ફેસાનેગુયાન'ની વાર્તાઓમાં ઘટનાના તિરોધાનની વાત કરી છે. એટલું જ નહિ, એ જમાનામાં પાઠકસાહેબે 'જમનાનું પૂર' જેવી, ઘટનાના લોપવાળી વાર્તા પણ આપી છે. વળી એ જમાનામાં પાઠકસાહેબે 'મેહફિલે ફેસાનેગુયાન'ની વાર્તાઓ નિમિત્તે - વાર્તામાં 'સ્વરૂપ' કે 'આકાર'નો આગ્રહ ઘટતો જ જાય છે તેની ચિંતા કરી છે.

પાઠકસાહેબનો જન્મ તા.૮-૪-૧૮૮૭ના રોજ ધોળકા તાલુકાના ગાણોલ ગામે. (૧૮૮૭માં 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ પ્રગટ થયો.) પ્રશ્નોરા નાગર જ્ઞાતિના વિદ્યાસંસ્કાર તથા નર્મ-મર્મ-વ્યંગ-વિનોદ એમને વારસામાં મળ્યાં. નર્મ-મર્મ-વ્યંગ-વિનોદ સભર હળવાશભરી વાક્પટુતા એમને વાર્તાલેખનમાં ખપ લાગી છે. પિતા વિશ્વનાથ સંસ્કૃતના વિદ્વાન હતા. મહદ્અંશે એમણે વિવિધ ગામોમાં શિક્ષણનું કામ કર્યું અને પાછળથી સંન્યાસ સ્વીકાર્યો. રામનારાયણ પાઠકનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વિવિધ ગામોમાં. આમ ગ્રામચેતના એમના શિશુ-કિશોર ચિત્તમાં રોપાતી ગઈ. ઉચ્ચશિક્ષણ ભાવનગર તથા મુંબઈમાં. નગરજીવનના અનુભવો એમની ભીતર સંચિત થતા ગયા. ૧૯૦૮માં લૉજિક અને મૉરલ ફિલૉસોફી સાથે તેઓ બી.એ. થયા. એમની ફિલસૂફ દૃષ્ટિ સતત વિકસતી રહી. કવિ-વિવેચક ચંદ્રકાન્ત શેઠે યથાર્થ નોંધ્યું છે –

> "'દ્વિરેફ'ની નજર ફિલસૂફની નજર છે. તત્ત્વભાવ ને ભાવતત્ત્વ પ્રત્યેની એમની અભિમુખતા ધ્યાનાર્હ છે; સંયમ ને રસિકતા યુગપત્ રીતે એમનામાં કામ કરે છે અને તેથી એમના વાર્તા-આલેખનના અભિગમમાં કલાકારનું તાદાત્મ્યપૂર્ણ તાટસ્થ્ય કે તાટસ્થ્યપૂર્ણ તાદાત્મ્ય આવી રહે છે. રામનારાયણ જીવનના જે તે અનુભવમાંથી કાર્યક્ષમ વસ્તુને કલાકાર-દૃષ્ટિએ ગાળી-ચાળી-ઘૂંટી-ગોઠવીને એવી રીતે રજૂ કરે છે કે એમાં એમને ઇષ્ટ એવું ભાવરહસ્ય વ્યંજિત થઈને રહે."

('દ્વિરેફ'ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. ચંદ્રકાન્ત શેઠ, પૃ.૧૯)

મુંબઈની વિલ્સન કૉલેજમાંથી બી.એ. થયા બાદ એ જ કૉલેજમાં દક્ષિણાફેલો તરીકે સંસ્કૃતનું અધ્યાપન કર્યું. ૧૯૧૧માં એલએલ.બી. થઈને અમદાવાદમાં વકીલાત શરૂ કરી. ૧૯૧૮માં પત્નીનું અવસાન થયું એ પછીના વરસે એકની એક પુત્રીનું અવસાન થયું. પાઠકસાહેબને ક્ષયરોગનું નિદાન થતાં હવાફેરના ખ્યાલથી સાદરા સ્થિર થયા. વકીલાત દ્વારા વીસેક હજાર રૂપિયા ભેગા કરી, તેના વ્યાજમાંથી નિર્વાહ કરી, વકીલાત છોડીને શેષજીવન સાહિત્યની

સેવામાં ગાળવાની તેમની ઇચ્છા હતી. પણ માંદગીના કારણે તેમની આ ઇચ્છા પૂરી ન થઈ. ૧૯૧૯ના અંતમાં એમણે વકીલાત છોડી. ત્યારબાદ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં આચાર્ય, ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે કામ કર્યું : 'પ્રસ્થાન' માસિક (૧૯૨૫-૧૯૩૭) ચલાવ્યું. વિદ્યાપીઠ છોડ્યા પછી ખાનગી ટ્યૂશન કર્યાં. ગાંધીજીના સત્યાગ્રહોમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. મુંબઈની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અમદાવાદ, મુંબઈની ભવન્સ કૉલેજમાં અધ્યાપન કર્યું. પત્નીના અવસાન બાદ ૨૭ વરસનું એકાકી જીવન ગાળ્યા પછી ૫૯ની વયે પાઠકસાહેબે તેમનાં ત્રીસ વર્ષનાં શિષ્યા હીરાબહેનના પ્રસ્તાવ-આગ્રહથી તેમની સાથે લગ્ન કર્યું.

ઉમાશંકરે પાઠકસાહેબને 'ગાંધીયુગના સાહિત્યગુરુ' લેખ્યા છે ને નોંધ્યું છે :

> 'પાઠકસાહેબે કોઈ શાળા (સ્કૂલ-સંપ્રદાય) બાંધી નથી. એ પોતે એક વાતાવરણ રૂપે હતા. જીવનના ઉત્તમ સાક્ષી અને ભોક્તા રૂપે એ ઊભા હતા.'
>
> ('હૃદયમાં પડેલી છબીઓ')

અત્યારેય, નવા વાર્તાકારોએ પાઠકસાહેબને વાર્તાગુરુ કરવા જોઈએ. પાઠકસાહેબ માટે ઉમાશંકરે નોંધ્યું છે - 'સૌંદર્ય જ્યાં હોય ત્યાંથી એમનું ચિત્ત એને ઊંચકી લેતું.' એમની આ રસવૃત્તિનો લાભ એમનાં કાવ્યોને તથા વાર્તાઓને મળ્યો છે. એમની ભીતરનો ફિલસૂફ સતત જાગ્રત રહેતો આથી તેઓ લાગણીના પ્રવાહમાં કે વાર્તારસના પ્રવાહમાંય તણાઈ જતા નહીં. સ-જાગ કવિની શિસ્ત તથા સંયમનો લાભ એમની વાર્તાઓને પણ મળ્યો છે. પંચેન્દ્રિયથી જીવન અને જગતને, પ્રકૃતિને એનાં રહસ્ય સાથે પામવાની એમની રસવૃત્તિ સહજ હતી. આથી એમને ક્યાં ક્યાંથી વાર્તાઓ મળતી ?! –

જાજરૂના પગથિયે બેઠેલા જોવા મળેલા એક હરિજન યુગલમાંથી 'ખેમી' મળેલી. એક વિદ્યાર્થી ઘેર પાછો ફરતાં મા-બાપને પજવતો એવી વાત સાંભળ્યા પછી 'મુકુંદરાય' સ્ફુરેલી. જોયેલી કે સાંભળેલી કોઈ વાસ્તવિક ઘટનાના અંશના આધારે 'સૌભાગ્યવતી !!', 'નવો જન્મ' લખાયેલી. અમદાવાદમાં હાથલારી ખેંચનાર યુગલને જોઈને 'રેંકડીમાં' વાર્તા રચાયેલી. સ્વપ્નના અનુભવના આધારે 'એક સ્વપ્ન' લખાયેલી. તેમના પિતાજીની શાળાના ઘરડા પટાવાળાની ઘટનાના અંશના આધારે 'કોદર' લખાયેલી. હાથલારી ખેંચનાર યુગલ તો આપણેય જોઈએ છીએ ને જાજરૂના પગથિયે બેઠેલ યુગલ તરફ તો આપણું ધ્યાન પણ જતું નથી ને જો ધ્યાન જાય તોય આપણને કોઈ વાર્તા કે કાવ્ય ન સૂઝે. એ માત્ર પાઠકસાહેબને જ સૂઝે. જે છે તે પાઠકસાહેબની નજરમાં છે. એમની ભીતર સૂક્ષ્મ સંવેદના સતત ધબકતી રહી છે. કૅમેરા જેવી એમની આંખોમાં દૃશ્ય-શ્રાવ્ય ઝિલાતાં રહે, એમના



સર્જકચિત્તમાં બધું સંચિત થતું રહે, એમાંનું કશુંક જે વાર્તારૂપ પામવાનું હોય એનું એમની સર્જકચેતનામાં પ્રોસેસિંગ થતું રહે ને વાર્તા આકાર ધારણ કરતી રહે. કશું નજરે પડે ને તરત લખી નાખો તો એ છાપાની કૉલમ બને, વાર્તા નહિ. સર્જકચેતનામાં કેટલું ઘૂંટાય છે, રસાય છે, એમાં શું શું ઉમેરાય છે, શું શું ગળાય છે, ચળાય છે; ગર્ભમાં બાળકનો પિણ્ડ બંધાય તેમ વાર્તા બંધાય ને પછી યોગ્ય સમય આવતાં વાર્તા જન્મે. અત્યંત સૂક્ષ્મ સંવેદનશીલતાની સાથે સાથે પાઠકસાહેબની કલા-સંપ્રજ્ઞતાના કારણે એમની વાર્તાઓ અવનવા કલા-ઘાટ પામે છે. પાઠકસાહેબે જ કહ્યું છે તેમ પૂરનાં પાણી ઊમટ્યાં હોય ત્યારે વાઘ જે રીતે વહેણ ઓળંગે એ રીતે વાર્તાએ ગતિ કરવાની રહે. જયંતિ દલાલે પાઠકસાહેબની વાર્તાની ગતિ અને લક્ષ બાબતે નોંધ કરી છે –

> ''(દ્વિરેફ) ક્યારેય, કશા આડંબરમાં લપસી ન પડાય એની નિશદિન.. કાળજી રાખે છે. પણ સાથે સાથે જ નમણી ઋજુતા ભારોભાર ભળી છે. આ સહુ દીપી ઊઠવાનું કારણ તો એ છે કે શ્રી પાઠકને વાત કહેવાની અનોખી ફાવટ છે. પોતાને વાત કહેવી છે, અને પોતે વાત કહે છે એની સંપ્રજ્ઞતા ક્યારેય ક્ષણભરને માટેય એમના લક્ષ બહાર નથી જતી અને એટલે જ એ હરીભરી મનોહારી અને મુગ્ધકારી લાગતી વેલબુટ્ટીની આળપંપાળમાં નથી પડતા... લક્ષની એક ક્ષણની વિસ્મૃતિ પણ આ શૈલીમાં નાખી નજરે નથી દેખાતી. ન્યાયશાસ્ત્ર અને પ્રમાણશાસ્ત્રના અભ્યાસીએ બે બિંદુઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર સીધી લીટી છે એ સનાતન સત્ય આ શૈલી પર કોતરી દીધું છે.''
>
> ('રેખા', જુલાઈ ૧૯૪૨, પૃ.૭૮-૭૯)

વિષય-વસ્તુ, શૈલી, આકાર, પ્રયોગશીલતા, વાર્તા-કર્મનું જેટલું વૈવિધ્ય પાઠકસાહેબમાં જોવા મળે છે તેટલું ભાગ્યે જ કોઈ વાર્તાકારમાં જોવા મળે. વિવેચક-વાર્તાકારની કલાસભાનતા, આકાર-સભાનતા ક્યારેક વાર્તાને સહજ વહેવા ન દે એવું મોટેભાગે જોવા મળે છે. એમાં પાઠકસાહેબ અપવાદ છે. એમની સંપ્રજ્ઞતા એમની વાર્તાના સહજ વહેણને અવરોધતી નથી, બલકે એ સહજ વહેણને સૌંદર્ય બક્ષે છે. સુરેશ જોષીએ ગુજરાતી ટૂંકી વાર્તાને લિરિકલ ગદ્ય આપ્યું પણ પછી લિરિકલ ગદ્ય એ સુરેશ જોષીની મર્યાદા બની રહી. ગુજરાતી વાર્તામાં લિરિકલ ગદ્યની શરૂઆત ક્યારથી થઈ ?! આ પ્રશ્નના જવાબમાં તરત આપણને પાઠકસાહેબની વાર્તા 'જમનાનું પૂર' યાદ આવે. એના ગદ્યનું થોડું આચમન કરીએ –

> 'કાલિન્દીના ધમધમતા પૂર ઉપર તરતા દીવા મેઘલી રાતમાં આગિયા જેવા દેખાતા હતા. સાત વાટવાળી આરતી ઉતારાતી હતી, તે જાણે ફેણે ફેણે મણિવાળો કાલિય નાગ આ સુંદર દૃશ્યને જોઈ ડોલતો હોય તેમ લાગતું હતું.'

*

'આરતી પાસે બધા દીવા કોણ કોના છે, ક્યાં છે, એની તથા વિના, એકબીજાને શોભાવતા જુદા જુદા વેગે જતા હતા, ત્યારે તેનો એકલો દીવો રણવગડામાં એકલા ખજૂરીના ઝાડ જેવો તણાયે જતો હતો. સર્વ સ્ત્રીઓ દીવાની મમતા મૂકી આખા દશ્યના સૌંદર્યમાં લીન થતી હતી ત્યારે તે એક ખૂણે પોતાના દીવાની પેઠે એકલી ઊભી ઊભી માત્ર પોતાનો જ દીવો જોતી રહી.'

પોતાના આવા કાવ્યાત્મક ગદ્યના મોહમાં પાઠકસાહેબ જરીકે ફસાયા નહિ. 'જમનાનું પૂર' વાર્તા માટે અત્યંત જરૂરી હતું માટે આવું ગદ્ય. પાઠકસાહેબે કહેલું તેમ, 'કેટલીક વાર વાર્તાનું વસ્તુ જ વાર્તાનું શૈલી-સ્વરૂપ નક્કી કરે છે.' 'કેટલીક વાર્તાઓએ પોતે જ 'દશ્યશૈલી' માગી લીધી છે.'

ફિલ્મકળાના મર્મજ્ઞ અને સર્જક શ્રી પરેશ નાયકે પાઠકસાહેબની વાર્તાઓની દશ્યકલાને ફિલ્મ-ટેક્નિકના પરિપ્રેક્ષ્યમાં તપાસી છે. એમણે પાઠકસાહેબની શુદ્ધ વસ્તુલક્ષિતા અને સૂક્ષ્મ સંવેદનશીલતાની દશ્યશૈલી સંદર્ભે વિશેષ નોંધ લીધી છે.

'ખેમી' વાર્તાના આરંભના દશ્ય વિશે ફિલ્મ-ટેક્નિકના પરિપ્રેક્ષ્યમાં પરેશે યોગ્ય રીતે નોંધ્યું છે –

'આરંભમાં એક ઉપર એક પાંચ દીવાસળીઓ સળગતાંની સાથે પવનને કારણે બુઝાઈ જતી જોવા મળે છે ને એ સાથે વાર્તાની પહેલી સ્થિર ફ્રેમમાં આંતરિક લય, ક્રિયા, પ્રકાશ ને બાક્સ ઉપર ઘસાતી દીવાસળીનો અવાજ પવનની ઉપર ઊઠતો સંભળાય છે. ધનિયાના પાત્રની જીવંત છબિ આ ક્રિયા-દશ્ય દ્વારા પ્રગટ થાય છે. થોડી વારે 'લે હું લૂગડું આડું ધરું' એ ઉક્તિથી ધનિયા તરફ ખસતી ખેમીનું ચિત્ર ઊપસે છે. ખેમીની ધનિયા તરફ ખસવાની આ ક્રિયાથી બીડી સળગવાની ક્રિયા દરમિયાનનો આ દશ્યખંડ - ટૂ શૉટ - માત્ર સવા પાંચ વાક્યો ને બાસઠ શબ્દોની મર્યાદામાં ફિલ્મ-ટેક્નિકનાં અનેક સમીકરણો સિદ્ધ કરે છે. '

(રા. વિ. પાઠક પરિશીલન-ગ્રંથ, પૃ.૨૫૦)

પાઠકસાહેબ કેવી ખૂબીથી કલમ પાસેથી કૅમેરાનું કામ લે છે તે નીરખીએ –

'ખેમીએ લાજ કાઢવાનો છેડો લાંબો તાણ્યો અને ધનિયાની પાસે જઈ તેના મોઢા આગળ પવન આડો ધર્યો. ધનિયાની દીવાસળી સળગી. તે શ્વાસ અંદર લે અને મૂકે તે પ્રમાણે દીવાસળીનો પ્રકાશ ઝબક ઝબક થવા લાગ્યો. ધનિયો તેની પત્નીના જુવાન, ભરેલા, ઘઉંવર્ણા પણ ઉજ્જવળ, મોટી તેજસ્વી આંખોવાળા, નાકે મોટો કાંટો પહેરેલા મુખ સામે જોઈ રહ્યો. બીડીની લિજ્જત કરતાં તે નવોઢાના સૌંદર્યપાનમાં ગરકાવ થઈ ગયો.'

ગામના પાદરના સવારના નવ-દસ વાગ્યાના સમયના એક લૉંગ શૉટથી



'મુકુન્દરાય' વાર્તાનો કેવો અસરકારક ઉઘાડ થાય છે તે નીરખીએ -

'...પાદરે વડલા હેઠળ ગામનાં ઢોર ભેગાં થયેલાં છે. વડનો છાંયો ફરે અને તડકો પડે તેથી તપીને કોઈ ઢોર માંડ માંડ ઊઠી પાછું છાંયે જાય..' આ અભિવ્યક્તિથી પરેશ નાયકે નોંધ્યું છે તેમ, દશ્યમાં ગતિ ભળે છે ને સમગ્ર દશ્યનો લય પણ બંધાય છે.

'...જાર ચણીને ધરાઈને કેટલાક પોપટ દેરી ઉપર અત્યારે મોટાં માથાં હલાવતા હલાવતા જાણે કોઈ કારભારાં ડહોળતા હોય તેમ વાતો કરતા હતા, તે સમયે એક ઠાકરડો બેઠેલાં ઢોરમાંથી વાંકોચૂકો રસ્તે કરતો ધીમે ધીમે ગામમાં ગયો.' - ઠાકરડાની પાછળ પાછળ કૅમેરા રઘનાથના ઘર પર ને પછી અંદર રઘનાથ અને ગંગા પર મંડાતો જાય છે.

આ વાર્તાના અંતમાં નખ્ખોદ માગતા વિમળશાની વાત કહેતા રઘનાથ અને પાસે બેસીને વાત સાંભળતી હોંકારા દેતી, ગંગાના શૉટમાં વાર્તાકારનું સંવેદનને ધાર કાઢતું ભાષાકર્મ જુઓ -

'ગંગાનો હોંકારો શિથિલ પડતો ગયો...'

*

'હવે ગંગાનો હોંકારો નિઃશ્વાસ જેવો થઈ ગયો હતો'

*

'ડોસા ફરી નીરવ શાંતિમાં પડ્યા.'

પછી કૅમેરા ગંગા અને ડોસા પરથી હટીને જાણે ઘરના ખાલીપણા પર ફરે છે ! ઘરમાં કોઈનું મૃત્યુ થયું નથી પણ પાઠકસાહેબ જ કરી શકે તેવા ભાષાકર્મને પ્રગટાવતું વાર્તાનું અંતિમ વાક્ય જુઓ –

'આખા ઘરમાં મૃત્યુ જેવી શાંતિ છવાઈ રહી.'

અપુત્રયીની એક ફિલ્મમાં સત્યજિત રેએ પણ ઘરના ખાલીપણા પર કૅમેરા ફેરવીને અપુની માનું મૃત્યુ દર્શાવ્યું છે.

'મુકુન્દરાય' વાર્તામાં મુકુન્દરાય માટે લેખક સમભાવ દાખવી શક્યા નથી. મુકુન્દરાય તરફ લેખકની ઘૃણાય ક્યાંક દેખા દે છે. પણ લેખકની ફિલસૂફ દષ્ટિના વિકાસ પછી લેખક કોઈ પાત્ર માટે ઘૃણા કરી શકતા નથી. બધાં જ પાત્રોને સમભાવથી જુએ છે. 'દ્વિરેફની વાતો'ના બીજા ભાગની પ્રસ્તાવનામાં લેખકે નોંધ્યું છે -

'પહેલા ભાગની કેટલીક વાર્તાઓમાં અનિષ્ટનાં બળોની સામે, કેટલાંક પાત્રો પ્રત્યે તિરસ્કાર તદ્દન સ્પષ્ટ છે પણ પછીની વાર્તાઓમાં લેખકની દષ્ટિમાં ફેર પડે છે, દષ્ટિકોણ બદલાય છે. લેખકને એમ જણાય છે કે જગતમાં ક્યાંક એવી જગાએ અનિષ્ટ રહેલું છે કે જેની પાસે માણસ

લાચાર, નિરૂપાય હોય છે. માણસમાં એવાં ગૂઢ અંધ બળો રહેલાં છે જેની આગળ વ્યક્તિ બિચારી કશું જ કરી શકતી નથી, અને ઊંટ નકલથી દોરાય તેમ, તેની દોરી દોરાય છે. આમ, દોરાઈ ગયેલી વ્યક્તિ તરફ પછી લેખક ઘૃણા કરી શકતો નથી.'

આમ, ફિલસૂફ દૃષ્ટિ ધરાવતા આ વાર્તાકારને બધાં જ પાત્રો તરફ ઊંડો સમભાવ છે; સહાનુભૂતિ નહિ, પણ કરુણા છે. એમની આ ફિલસૂફ દૃષ્ટિની સંપ્રજ્ઞતાના કારણે પાઠકસાહેબ વાર્તાને તલવારની ધાર પર ચલાવી શકે છે.

વાર્તાનું વિષયવસ્તુ, સમય અને વાતાવરણ મુજબ અલગ અલગ વાર્તાબાની પાઠકસાહેબ સહજતાથી પ્રયોજી શકે છે. વાર્તાનાં પાત્રો પણ સમાજના વિવિધ સ્તરમાંથી આવે છે. એ પ્રમાણે પાત્રોની બોલીમાં એમણે લોકબોલીનો વિનિયોગ કર્યો નથી, પણ લોકબોલીની છાંટ-સોડમ જરૂર મળે છે. પાત્રોના મનમાં તેઓ ખૂબ ઊંડે ઊતરી શકે છે. પ્રાચીન, મધ્યકાલીન કે અર્વાચીન વાતાવરણ મુજબ એમની વાર્તાબાની બદલાતી જાય. 'ઉત્તરમાર્ગનો લોપ', 'બુદ્ધિવિજય', 'જમનાનું પૂર', 'ખેમી', 'મુકુન્દરાય', 'જક્ષણી' જેવી વાર્તાઓમાં 'વાર્તાબાની'નું એવું વૈવિધ્ય જોવા મળે છે કે આ વાર્તાઓ અલગ અલગ લેખકની હોય તેવું લાગે. કોઈ એક-બે પ્રકારની વાર્તાબાનીમાં પાઠકસાહેબ પુરાઈ નથી રહ્યા. સુરેશ જોષીનું ગદ્ય બધાં પાત્રોમાં, બધી વાર્તાઓમાં જ નહિ, નવલકથા ને નિબંધમાંય એકસરખું વિહરતું જોવા મળે છે જે પાત્રને ને વાર્તાનેય હાનિ પહોંચાડે.

વિશિષ્ટ કથનરીતિ, વાસ્તવનું દૃશ્યાત્મક નિરૂપણ, વાર્તાબાનીનું વૈવિધ્ય, પ્રયોગશીલતા, મનોવિજ્ઞાનનું ઊંડાણ, સૂક્ષ્મ સંવેદનશીલતા, ઘટનાનું તિરોધાન, શુદ્ધ વસ્તુલક્ષિતા, વાતાવરણ-પરિવેશ, વક્તાનું કલાત્મક નિરૂપણ, કથનકેન્દ્ર તથા સક્રિય થવા માટેની વાર્તાકારની પોઝિશન (જેમ ક્રિકેટર કોઈ ચોક્કસ શૉટ માટે યોગ્ય ફૂટવર્ક સાથે ચોક્કસ પોઝિશન લે તેમ આ વાર્તાકાર પણ 'હું'નો વિવિધ રીતે ઉપયોગ કરીને, કથનાર કે શ્રોતા તરીકે કે કોઈ પાત્ર રૂપે વાર્તામાં સ્વસ્થતા-તટસ્થતાથી પ્રવેશીને ફાવતી પોઝિશન લઈને જાણે વાર્તાને ડાયનેમિક એનર્જી પૂરી પાડે છે.), સમાજના વિવિધ વર્ગોનાં પાત્રોનું હૂબહૂ ચિત્રણ-પાત્રાલેખન, નાટ્ય-તત્ત્વનો વિનિયોગ, સંપ્રજ્ઞતા, સંયમ, નર્મ-મર્મ-મજાક-ટોળ-ટિખળ-વિડંબના-કટાક્ષ-ઠઠ્ઠો-માર્મિક વિનોદ-હાસ્ય વગેરેનો સાર્થક ઉપયોગ, મનનાં આંતરવહેણને પ્રત્યક્ષ કરનારું ભાષાકર્મ, રહસ્યમૂલક જીવનદર્શન, ....આ બધું તો ખરું જ, પણ આ બધાથી ઉપર ઊઠતી ફિલસૂફની વેધક દૃષ્ટિ ધરાવનાર પાઠકસાહેબને 'વાર્તાગુરુ' તરીકે 'મારા પરથમ પરણામ' કરીને વિરમું.

❑



## કવિતા

### બે કાવ્યો | ચંદ્રકાન્ત શેઠ

#### ૧. વાત એક ચકલાની

સન્મુખ છે સુકાઈ રહેલા પીપળાનું એક વૃક્ષ.
એની જીર્ણ ડાળ પર બેઠું છે એક પંખી –
– ચકલો !
પાનખરના પાન જેવો,
કરમાયેલા ફૂલ જેવો.
આંખો એની ઢળેલી,
પાંખો એની સંકોડેલી.
નીંદરની રેતમાં કદાચ એ ભળી જવા ચાહતો હશે !?
એવું તો નહીં હોય ને કે
 એ ચકલાને
 એની અંદરના આકાશમાં જ
 ઊડાઊડ કરવી હોય !?
જેવો એનો વેરવિખેર માળો,
એવો જ એના માળાની બહાર એ !
એનાં બચ્ચાં તો પાંખોથી ઊડવાનું આવડ્યું ત્યારથી,
 ઊડી ગયાં છે બહાર,
અવારનવાર એમની ચકાચક
 ચકલાના કાન પર
 અડી અડીને ઓસરી જાય છે !
પોતાની ચાંચમાં ચાંચ પરોવીને વહાલ કરનારી જે ચકલી,
તે પણ હજી સુધી ક્યાં પાછી ફરી છે માળામાં ?
ચકલીને, બચ્ચાંને – બધાંને યાદ કરતાં કરતાં
પોતે જ અટવાઈ જાય છે કોઈ ભેદી ભુલભુલામણીમાં !
આ ઢળતી સાંજના હોલવાતા જતા અજવાળામાં
ઊઘડતી ભાસે છે કોઈ કાળી બિલાડીની આંખો !
જાણે કે કોઈ પોતાની આસપાસના અવકાશને પીંખતું પીંખતું

આવી રહ્યું છે નિકટ ને નિકટ...
શું એ ચકલો પીપળાની ડાળ પર આમ બેઠો બેઠો
એ ડાળનો જ એક જર્જરિત ટુકડો તો નહીં થઈ જાય ને ?

## ૨. તમાચો

મારા આ ગાલ પર
કેટલા તમાચા પડ્યા હશે ?!
ગણ્યા નથી મેં એ !
પણ પડ્યા હશે તો ખાસ્સા !
કેમ કે, સમયનાં કઠોર આંગળાંની છાપ,
મારા ચહેરા પર – ગાલ પર
ગાઢ રીતે અંકિત થયેલી વરતાય છે !
એ તમાચાઓનો ચમચમાટ
એવો તો અંદર ઊતરેલો છે કે
મને તળિયાની ઊંઘ તો નિરાંતે લેવા દેતો જ નથી !
મારા આ રૂક્ષ ગાલ પર વાત્સલ્યની સુંવાળી હથેલીઓ ફરે,
કોઈના રતુંબડા હોઠ વહાલપની મીઠી મીઠી ચૂમીઓ ભરે,
કોઈની મીઠી નજર મારા ચહેરાની પ્રસન્ન તાજગીમાં તરે,
એવું તો હોય જ ક્યાંથી ?
એવું તો થાય જ કઈ રીતે ?
અહીં તો વિસ્તાર છે વેરાનનો - લુખ્ખાસુક્કા રણનો !
રણમાં ગુલાબ ભાળ્યાં કદી ?
રણમાં કદાચ ને હોય તો હોય કાંટા ને ઝાંખરાં !
ધરતીની તીખી તરસનાં ઝાંઝવાં !
હું તો અવારનવાર મારી બરછટ હથેલીઓથી
પસવારું છું મારા તમાચાઓથી ચમચમતા ગાલ !
હું તો એમ જ નીકળી પડું છું અધરાતે મધરાતે
નિર્જન નગરની વાટે,
આજ લગીના તમાચાઓનો ચમચમાટ ઠારવા માટે !
મને ભરબપોરે સેંકડો લોકોની ભીડે ભીંસ્યો નહોતો,
એવો ભીંસ્યો મધરાતની નિર્જનતાએ !
હું અથડાતો-કુટાતો,
થાકતો ને ત્રાસતો,



નાછૂટકે પાછો વળ્યો ઘર ભણી :
ઘરના પગથિયે જ્યાં પગ મેલ્યો ત્યાં જ
એક પોલો-પોલાદી હાથ
મને તમાચો મારવા ઊંચકાયો,
ત્યાં જ અવશપણે મારો ગાલ એ તરફ...
ને... ને....
પાછો એક વધુ તીખો ચમચમાટ...

## ચાર કાવ્યો | નલિન રાવળ

### ૧. આનંદલહરી

ગતકાલ
આજ
અને
આવતી કાલના
મધુર ત્રિવેણીસંગમે
લ્હેરાતા બકુલ વૃક્ષને
અઢેલી
નિરખી રહ્યો છું.
મારી કવિતાને રસપ્લાવિત કરી
દિગંત પાર વહી જતી
આનંદલહરીને.

### ૨. પ્રકાશરથ

સાંધ્ય સમીરે
પ્હાડ ઉપર થઈ
શ્વેત પંખીઓ ઊડે.
ગ્રીષ્મરાત્રીએ
તારક તારક પરથી સઘળે
સૂર મનોહર પ્રસરે.
ઝળહળ ઝળહળ પ્રકાશ પહોરે
સ્વર્ગ થકી ધરતીની ઉપર
પ્રકાશનો રણઝણતો
અદ્ભુત રથ ઊતરે.

## ૩. સ્મરણોની કુંજમાં

શ્રાવણની સાંજમાં
આછરતા તડકાની સંગ
ઊડે આભમાં
પંખી કલરવ,
તરુવરની છાંયમાં
ટહુકતા મોરના પીંછામાં
ફરતા કિરણ,
વહેતા સમીરમાં
લીલી વનરાઈમાં
ફૂલની તરતી સુગંધ,
સ્મરણોની કુંજમાં
અધરાતે
  મધરાતે
ફરતું ફરે છે આ કોણ ?

## ૪. નવું કાવ્ય

પ્રકાશિત પૂર્ણિમાના ચંદ્ર સમું,
નમનીય શ્રાવણની સવાર સમું,
લયાન્વિત નદીના પ્રવાહ સમું,
સુરભિત મોગરાના ફૂલ સમું,
આહ્લાદક પ્રેયસીના સ્મિત સમું,
અપરિમેય કવિની કલ્પના સમું.

## પાવાગઢ | મેહુલ દેવકલા

આકાશ સ્વચ્છ હોય તો –
સવારે,
ઘરના શયનખંડની બાલ્કનીમાંથી
પાવાગઢ દેખાય છે

કેસરવર્ણી આકાશમાં
ધ્યાનની મુદ્રામાં બેઠેલા જોગી જેવી
શ્યામવર્ણી કાયા ઊપસી આવે છે



કહે છે કે,
લાખો વરસો પહેલાં
એ પૃથ્વીનું પેટાળ ઉલેચતો જ્વાળામુખી હતો

યુગો વીત્યા
એ ટાઢો પડ્યો
વ્હાણાં વાયાં
માટીના માનવી બન્યા
ગુફામાંથી એણે મેદાનોમાં વસવાટ કર્યો

ટોળાં બન્યાં નગરો વસ્યાં
ચાંપાનેર નામનું એક ભવ્ય નગર
ઉત્તરે દિલ્લી સુધી એની આણ
એને જીતવા બાદશાહ અકબરે ઘેરો ઘાલ્યો મહિનાઓ સુધી

કહે છે કે,
એ વખતે રાજ હતું મહંમદ બેગડાનું
કહે છે કે,
જે એક બેઠકે બસ્સો કેળાં હજમ કરી જતો
ને દસ દસ મરઘાં ખાતો.

કહે છે કે,
એણે મચક ના આપી ને બાદશાહ વીલા મોઢે પાછો ફર્યો
કહે છે કે,
વરસો નાં વ્હાણાં વાયાં
ચાંપાનેર ગયું ને બચ્યાં એનાં ખંડેરો
મોટાં મોટાં નગરો વસ્યાં
ને પાવાગઢની તળેટીમાં હજારો મોટરગાડીઓ બનાવનારી કંપનીઓએ ઘેરો ઘાલ્યો

હજારો ગાડીઓ નીકળવા માંડી એના મોઢામાંથી
ને દોડવા માંડી પુરપાટ વેગે રાષ્ટ્રીય દ્રુત ગતિ માર્ગો પર
પૃથ્વીનાં પેટાળ ઉલેચીને માણસે પૂરવાં માંડ્યાં એ હજારો ગાડીઓના પેટમાં

સરપટ દોડતી ગાડીઓ
રાત પડે પોતપોતાનાં ગંતવ્યસ્થાનો પર
રહેઠાણોમાં વસાહતોમાં નગરોમાં
પ્હોંચી જાય છે

નગરોનાં સિનેમાગૃહો બતાવે છે,
મોહેં જો દડો નામની ફિલ્મો
હજારો વર્ષો પહેલાંનાં નગરો વિશે
બુદ્ધ-કૃષ્ણ કે ક્રાઇસ્ટ પહેલાંના સમય વિશે

નાની નાની વસાહતોનાં
એ નાનાં નાનાં મકાનોમાં
નાનાં નાનાં કુટુંબો
વરસતા વરસાદની મેઘલી રાતે
દીવાનખંડમાં ટિમટિમ દીવડા પ્રગટાવે છે

શયનખંડમાં દીવડા બુજાવે છે

બીજા દિવસની સવારે –
બાલ્કનીમાંથી
પાવાગઢ
દેખાય તો દેખાય
ને ના પણ દેખાય
દેખાય –જો આકાશ સ્વચ્છ હોય તો

## ટહુકે બાંધ્યું છે અમે વંન | મુકુન્દ પરીખ

પગલાંમાં ધરતી ને માથે મૂક્યું છે ગગન
અમે ટહુકે બાંધ્યું છે વંન.
આંબાની છાંયડીએ પસરાવી પળભર
પોરો ખાતું કોઈ તંન
રૂપાળી ઢેલડીને કેમ કરી કહીએ
કે ટહુકે ઉલાળે ના મંન
અમે ટહુકે બાંધ્યું છે વંન.
પાંખાળાં પંખી જેમ ઊડીએ આકાશ
ને મારગમાં ખળખળ સરિત
શીતળ નીરે અમે રમતાં જૈએ
ને પીતાં જૈએ કો'કવાર
અમે ટહુકે બાંધ્યું છે વંન.
લીલેરાં વૃક્ષ ને લીલેરાં કલરવ
મોરની જીવંત કેકા
નવોઢા ધરતીનાં મર્માળાં સ્મિત
એનાં લહેરાતાં લીલાં વસન
અમે ટહુકે બાંધ્યું છે વંન.
ટહુકે જનમ ને ટહુકે જોબનિયું ઊભરાય
ટહુકે ઘર ઘર નવતર થાય
ટહુકે જીવ્યા ને ટહુકે કર્યાં પ્રસ્થાન
અમે ટહુકે બાંધ્યું છે વંન.

## ક્યાં સુધી ? | દક્ષા બી. સંઘવી

રેત નદીઓના સહારે ક્યાં સુધી લખશો તમે ?
શબ્દ તરફડતાં કિનારે ક્યાં સુધી લખશો તમે ?

કાન શું; સંવેદનાઓ અંધ બહેરી છે હવે;
શબ્દ શું માંજે-મઠારે ? ક્યાં સુધી લખશો તમે ?

હોય મેળો, થાય ચક્કાજામ સૌ સંવાદ તો;
શબ્દની બુઠ્ઠી કટારે ક્યાં સુધી લખશો તમે ?

શબ્દ દ્વારા અન્ય સામે આંગળી ચીંધાય પણ;
આપણા વાંકા અઢારે ! ક્યાં સુધી લખશો તમે ?

ભીડ-ટોળાં ખદબદે, પણ માનવી જડતો નથી;
એ જ ઘટના છાશવારે ક્યાં સુધી લખશો તમે ?

જેમ આ દારૂડિયાના પગ વળે પીઠા તરફ !
એમ બસ સાંજે સવારે ક્યાં સુધી લખશો તમે ?

શબ્દ બા'રે, જગ વિશાળે; લ્યો ઊભી તહેનાતમાં !
જિંદગી બાહુ પ્રસારે, ક્યાં સુધી લખશો તમે ?

## હટાવી છે | હર્ષ બ્રહ્મભટ્ટ

તમે સાચી દિશા અમને બતાવી છે,
મુસીબત એ પછીની ક્યાં જણાવી છે ?
તમસની પણ વફાદારી નિભાવી છે,
તરુણ સૌ મીણબત્તીઓ બુઝાવી છે.
હું તેથી હોડી હંકારે જ રાખું છું,
કિનારે લાલ ઝંડીઓ લગાવી છે !
પ્રથમ તો "જીવવું છે કે નહીં" પૂછ્યું,
પછી "ના" પણ જબરદસ્તી પડાવી છે.
ગઈ કાલે મળ્યા'તા એક-બે તણખા,
મને લાચારીઓ અંગત જણાવી છે.
હશે આનંદ કે પીડા, ચહેરા પર ?
અહીંયાં જેણે દુનિયાને ઝુકાવી છે.
થતી હોનારતો બસ એ ઘડીઓમાં,
તમે જે જે ઘડી નજરો હટાવી છે.

## લઘુકાવ્ય | પારસ એસ. હેમાણી

ઘૂઘવતા
સાગરના અવાજો સાંભળી
કાન
રેતીમાં ઘર બનાવવા જીદ કરે છે !!!

❑



## વાર્તા

# અં...કલ

■ ગિરિમા ઘારેખાન ■

'અં...કલ'

મારું છાપું વાંચવામાં મન સમાચારોમાંથી બહાર આવીને, આંખોને ખેંચીને એ સુરીલા અવાજ તરફ ગયું. બારણામાં એક લાવણ્યમયી યુવતી ઊભી હતી. ઉંમર ચોવીસ-પચીસથી વધારે નહીં હોય. એનો શ્યામળો પણ ચમકતો ચહેરો ઉપરથી આવતા તડકાને ઝીલીને સહેજ શ્યામ ગુલાબી બની ગયો હતો. ચપોચપ પહેરેલી કુર્તીમાંથી એની સપ્રમાણ દેહાકૃતિ ઊડીને આંખે વળગતી હતી. મારી ચશ્માંધારી નજર એ યુવતીની દેહાકૃતિ ઉપરથી આરોહણ કરીને એના નમણા ચહેરા ઉપર આવીને સ્થિર થઈ ગઈ.

કોણ હશે આ ? ચહેરા ઉપર કંઇક પરિચિતતાની છાંટ હતી. પણ કંઈ યાદ નહોતું આવતું. મેં મારા કાળા કરેલા વાળના જથ્થા ઉપર હાથ ફેરવ્યો અને થોડાક બહાર આવતા પેટને અંદર ખેંચીને ખુરશીમાં ટટ્ટાર થઈને બેઠો.

મંદ મંદ સ્મિત કરતી એ યુવતી મારી સામે જ તાકી રહી હતી.

કોણ હશે આ ?

ત્યાં તો ફરીથી એ જ રીતે સહેજ ગવાઈને ટહુકાતું હોય એવું એ સંબોધન કાનમાં પ્રવેશ્યું.

'અં...કલ ! ઓળખી કે નહીં ?'

મારી સમગ્ર ચેતના મગજના ટાઇમ મશીનને ફ્લૅશબૅકમાં લઈ જવામાં ગૂંચવાઈ. હૃદય ટકોરા મારતું હતું, પણ મગજ ઊઠતું કેમ ન હતું ? આ સંબોધન ! કોણ મને આવી રીતે 'અં...કલ' કહીને બોલાવતું હતું ?

ત્યાં તો રસોડામાંથી નેપ્કિનથી હાથ લૂછતી પ્રતિમા બહાર આવી. એને પણ કદાચ આ અવાજ જ ખેંચી લાવ્યો હતો. પ્રતિમાને જોતાં જ યુવતીના ચહેરા પર મીઠું સ્મિત લહેરાયું અને ગાલના ઊંડા ખંજનમાં ઝાકળબિંદુની જેમ તે ચમક્યું. એ સાથે જ પ્રતિમાના હાથમાંથી નેપ્કિન પડી ગયો અને એ 'સોનુ તું !' કરતી હાથ ફેલાવીને આગળ વધી. સોનુ પણ એની પર્સ ફગાવીને એ ફેલાયેલા હાથની અંદર સમાઈ ગઈ. બન્ને જણાએ એકબીજાને એવી રીતે જકડી લીધાં જાણે વર્ષોના વિરહનું સાટું આજે જ વાળી લેવું હોય.

ઓહ માય ગૉડ ! આ તો સોનુ-સોનાલી - અમારી અદિતિની ખાસ બહેનપણી ! કેટલાં વર્ષો પછી ! આ તો નાનકડી કળીમાંથી ખીલેલું ફૂલ બની ગઈ છે ! અને એ પણ કેટલું સુગંધી ! પછી પણ કહેવું પડે આ સ્ત્રીઓનું ! માણસોને અંદરથી કે બહારથી ઓળખી જવામાં એમને જરાયે વાર ન લાગે.

પ્રતિમા સોનાલીને ગાલ ઉપર, કપાળ ઉપર, ચૂમતી રહી. એના ખભે - પીઠ

ઉપર હાથ ફેરવતી રહી. બન્નેની આંખોમાંથી છલકાતાં આંસુ જોઈને થોડી વાર હું પણ ભાવવિભોર બની ગયો, પછી મેં જ એ મિલનમાં ભંગ પાડતાં કહ્યું, 'હવે એને અંદર તો લાવ, મને તો મળવા દે !'

હું પણ સોનાલી તરફ હાથ લંબાવીને ઊભો રહ્યો. એ નજીક આવીને મને પગે લાગી અને પછી પ્રતિમાની પાસે જઈને બેસી ગઈ. પછી હસતાં હસતાં બોલી, 'અંકલ, તમે તો મને ઓળખી જ ન શક્યાં ને ? મારાં આન્ટીએ કેવી ઓળખી લીધી ?'

મેં મારું છોભીલાપણું છુપાવતાં ન ઓળખવાનું બહાનું આગળ ધર્યું, 'પણ તું કેટલાં વર્ષે મળી ? કેટલી બદલાઈ ગઈ છે ? પછી કેવી રીતે ઓળખાય ?'

'ના, પણ તોયે આન્ટીએ તો ઓળખી જ લીધી ને ?' સોનાલીએ પ્રતિમાની સોડમાં સહેજ વધારે દબાતાં કહ્યું.

'હા ભાઈ, હા, તું તો આમેય તારી આન્ટીની જ દીકરી હતી ને ?'

'હાસ્તો, અને આન્ટી, એ માટે તો અદિતિ ઘણી વાર તમારી સાથે ઝઘડો કરતી કે તું મારા કરતાં સોનુને વધારે વહાલ કરે છે.'

સોનાલી બોલતાં તો બોલી ગઈ, પણ પછી એકદમ જ ચૂપ થઈ ગઈ. રૂમમાં અચાનક જ આવી ગયેલી શાંતિનો ભાર અમે ત્રણેય અનુભવી રહ્યાં. પછી પ્રતિમા જ બોલી, 'તું આમ અચાનક અહીં ? અમને તો હતું કે હવે તમને ક્યારેય નહીં મળી શકાય.

'અરે એમ તો હું તમને છોડતી હોઈશ આન્ટી ? પણ અહીંથી સિંગાપોર જતાં જ અમારા સામાનમાંથી એક બૅગ ગુમ થઈ ગઈ. બધાના ફોનનંબરવાળી ડાયરી પણ એની સાથે ગઈ. તમારો કૉન્ટેક્ટ કેવી રીતે કરવો ? પાંચ વર્ષ સિંગાપોર રહી, પછી કૉલેજ અને એમ.બી.એ. માટે મણિપાલ હૉસ્ટેલમાં રહી. કેમ્પસમાંથી જ નોકરી મળી ગઈ. તમને લોકોને મળવાની ઝંખના એટલી તીવ્ર હતી કે પહેલી ટ્રેનિંગ અહીં જ મળી. અઠવાડિયું તો છું જ. બાકી આટલાં વર્ષોમાં એક પણ દિવસ એવો નથી ગયો કે તમને યાદ ન કર્યાં હોય.

'ભૂલ્યાં તો અમે પણ ક્યાં છીએ બેટા ? અને ભૂલી શકાય એવું છે પણ ક્યાં ?' પ્રતિમા રૂમમાં લટકતા અદિતિના મોટા ફોટા સામે જોતાં બોલી.

થોડી વાર સુધી અમે ત્રણેય અદિતિના ફોટા સામે જોઈ રહ્યાં. છેલ્લાં દસ વર્ષથી દીવાલ ઉપર લટકતો એ ફોટો અત્યારે સોનાલીની હાજરીમાં વધારે જીવંત લાગતો હતો, જાણે અત્યારે પણ એ ફરિયાદ કરતી હતી, 'મમ્મી, જો મારા કરતાં તું સોનુને વધારે વહાલ કરે છે.'

અંદરથી ખળભળતા એ શાંત વહેણમાં મારે જ કાંકરી નાખવી પડી. 'પ્રતિમા, સોનાલીને ભૂખ લાગી હશે, એને માટે કંઈ નાસ્તો તો લાવ !'

'આન્ટી, નાસ્તો તો હું કરીને જ આવી છું. આજે તો અહીં જમવાની જ છું. પણ એ પહેલાં તમારા હાથની મસાલાવાળી ચા પીવી છે. યાદ છે તમને હું અને અદિતિ વાંચવા ઊઠતાં અને પછી તમારા હાથની ચા પીને પાછાં સૂઈ જતાં ?'

રસોડા સુધી પહોંચેલાં એ બંનેની પાછળ પાછળ બીજા બે અદૃશ્ય પગ પણ પહોંચી



ગયા છે એવું મને લાગતું હતું. રસોડામાંથી સંભળાતી સોનાલી અને પ્રતિમાની વાતોમાં એક ક્યારેય ન ભુલાયેલો અવાજ પણ ઉમેરાઈ જતો હતો.

રસોડામાંથી આવતો અવાજ ધીમો થતો થતો સંભળાતો બંધ થઈ ગયો. સંભળાય પણ ક્યાંથી ? સોનાલીના આવવાથી એક ડીમ થયેલો લાઇટનો ગોળો ઝળહળી ઊઠ્યો હતો અને એ આંખો આંજી દેતા પ્રકાશમાં ઝળાહળા થતો હતો વર્ષો પહેલાંનો એ સમય - હા, એ જ ... એ જ...જ્યારે અદિતિ પહેલી વાર સોનાલીને ઘરમાં લઈને આવી હતી.

'મમ્મી, ડેડી, આ સોનાલી છે. મારી બેસ્ટ ફ્રેન્ડ', બે ચોટલા વાળેલી એક શ્યામળી, પાતળી છોકરીની ઓળખાણ કરાવતાં અદિતિએ અમને કહ્યું હતું.

આ સાંભળીને હું અને પ્રતિમા એકબીજાની સામે જોઈને હસ્યાં હતાં. અદિતિને જે મળે એ તરત જ એની 'બેસ્ટ ફ્રેન્ડ' બની જતી.

'ના, એમ તમે લોકો હસો નહીં, આ તો સાચ્ચે જ બેસ્ટમ બેસ્ટ છે. તને ખબર છે મમ્મી, આ લોકો આપણી નજીકમાં જ રહેવા આવ્યાં છે. એટલે અમે સ્કૂલબસમાં પણ સાથે જ હોઈએ છીએ. પાછી એ છે પણ મારા જ ક્લાસમાં. બેસીએ છીએ પણ સાથે. પછી મારી બેસ્ટ ફ્રેન્ડ થાય કે નહીં ?'

પછીના પાંચ વર્ષનો એક એક દિવસ આ 'ખાસમ ખાસ બહેનપણીઓ'ને વધારે ને વધારે નજીક લાવી રહ્યો. ગમે તેટલો પ્રયત્ન કરીએ તોપણ હું કે પ્રતિમા અદિતિનાં ભાઈ, બહેન કે બહેનપણી બની શકતાં ન હતાં. સોનાલીને એનાથી ત્રણ વર્ષ નાની એક બેન અને પાંચ વર્ષ નાના બે જોડકા ભાઈઓ હતા. એટલે એની મમ્મી પાસે બહુ સમય ન હતો. પપ્પા ઑફિસના કામમાં વ્યસ્ત હતા. સોનાલીની મમ્મી-પપ્પાના પ્રેમની જરૂરિયાત કદાચ અમારા ઘેર પૂરી થઈ જતી હશે. અદિતિના અક્ષાંશ અને સોનાલીના રેખાંશે મળીને અમારી ઘરની દુનિયાને પૂરી ગોળ બનાવી દીધી હતી.

'અં...કલ, ચા તૈયાર છે', સોનાલીની બૂમ સંભળાઈ

'હા, ક્યાં બહાર હીંચકે બેસવાનું છે ?'

'હાસ્તો, ઘરમાં બેસીને કંઈ ચા પિવાતી હશે ?'

અમારા ઘરના વરંડામાં બાંધેલો હીંચકો આ બે સખીઓનું પ્રિય સ્થળ. પરીક્ષા વખતે થોડુંઘણું વાંચીને સોનાલી સૂઈ જતી પણ અમારે ઘેર જ. એ વર્ષોમાં જોકે વાંચવાનું તો એટલું બધું શું હોય, પણ એ બંને તો સાથે રહેવાના બહાનાં જ શોધતાં હોય. સવારે ઊઠીને એ સખીઓ હીંચકે ગોઠવાઈ જાય. સોનાલી તો પ્રતિમાના વ્હાલની જેમ એના હાથની મસાલાવાળી ચાની પણ જાણે વ્યસની થઈ ગઈ હતી. હું અને પ્રતિમા પણ અમારા ચાના કપ લઈને, સામે ખુરશીઓમાં ગોઠવાઈને, આ બે બહેનપણીઓની મોજમસ્તીને માણ્યા કરતાં.

આજે પણ ચાનો કપ લઈને સોનાલી હીંચકે ગોઠવાઈ ગઈ હતી. હું અને પ્રતિમા વર્ષો પછી એ હીંચકાની સામે અમારી ખુરશીઓમાં ગોઠવાયાં. સોનાલીએ પ્રતિમાને પોતાની સાથે બેસવા કહ્યું –

'આન્ટી, અહીં બેસો ને, હીંચકો ખાલી જ તો છે'.

'હા બેટા, હીંચકો ખાલી જ છે. હવે એ જગ્યા તો ક્યાંથી ભરાવાની ?' બોલતાં બોલતાં પ્રતિમાની આંખ વરસવા માંડી.

'આઈ ઍમ સૉરી આન્ટી, મેં અહીં આવતાં પહેલાં નક્કી કર્યું હતું કે જૂની કોઈ વાત યાદ નહીં કરાવું. પણ અહીંની હવામાં જ અદિતિ હોય તો હું શું કરું ? અહીં આવી ત્યારથી મારા શ્વાસમાં પણ એ આવ-જા કર્યા કરે છે. રિયલી સૉરી આન્ટી ! ના, મારે આ બધું આમ યાદ ન કરાવવું જોઈએ' — કહેતાં સોનાલીનું ગળુ ભરાઈ આવ્યું.

પ્રતિમા એની બાજુમાં બેસીને એની પીઠ ઉપર હાથ ફેરવવા માંડી. રડવાનું રોકવાનો પ્રયત્ન કરતી સોનાલીનું નાકનું ટેરવું લાલ થઈ ગયું હતું અને શરીર થોડું ધ્રુજતું હતું. ચાનો કપ બાજુએ મૂકીને હું ઊભો થયો અને સોનાલીના માથા ઉપર હાથ ફેરવવા માંડ્યો. એના છુટ્ટા, રેશમી વાળમાં ક્યાંય સુધી મારો હાથ ફરતો રહ્યો.

'થૅન્ક્યુ અંકલ. આઈ એમ ઑ.કે. નાઉ.'

વાતાવરણ થોડી વાર ગોરંભાયેલું રહ્યું. પછી રાહતના છાંટા સોનાલીએ જ નાખ્યા.

'આન્ટી, આજનું મેનુ શું છે ? શું બનાવો છો મારે માટે ? ચાલો હું તમને મદદ કરું.'

'ચાલ, આજે તો હું તારું ભાવતું...' પ્રતિમા અને સોનાલીએ અણગમતા રસ્તેથી મનને રસોઈના વળાંક તરફ મરોડ્યું. હું એકલો બેસીને એ બે છોકરીઓનાં નાનપણનાં તોફાનો યાદ કરતો રહ્યો. સોનાલીએ મારા રુઝાયેલા મનને... ના રે ના, એ રુઝાયું જ ક્યાં હતું ? વીતેલા સમયે પાકેલા ઘા ઉપર જેવુંતેવું ભીંગડું વાળ્યું હતું, પણ અંદર તો લોહી ઝમ્યા જ કરતું હતું.

બાળપણ એ છોકરીઓનો હાથ છોડાવીને જતું રહ્યું. પણ તરુણાવસ્થાએ એમના હાથ, ખાલી હાથ નહીં - હૈયાને પણ કસીને બાંધી લીધાં. બે ચોટલાનું સ્થાન નાની પોનીએ લઈ લીધું. સ્કૂલબસ છોડીને હવે એ લોકો સાઇકલ ઉપર સ્કૂલ જવા માંડ્યાં હતાં. સોનાલીના પપ્પા પરદેશ જવા માટે પ્રયત્ન કરી રહ્યાં હતાં, એટલે બન્ને જણીઓ ખાસ્સી અપસેટ હતી અને બને એટલો સમય સાથે જ વિતાવતી હતી.

વાર્ષિક પરીક્ષાનું છેલ્લું પેપર હતું. સ્કૂલથી પાછા ફરતાં એ બંને વૅકેશનમાં શું શું મસ્તી કરવી એની યોજનાઓ ઘડતી હતી. વધતી જતી ગરમીની એ સૂમસામ બપોરે સામેથી આવેલી એક વૅનમાંથી અચાનક બે-ત્રણ ગુંડાઓ ઊતર્યા હતા અને કંઈ સમજે, વિચારે એ પહેલાં તો અમારી બ્યુટી ક્વીનને એમની વૅનમાં નાખી દીધી હતી. ચીસો પાડતી સોનાલીને એમણે ઊંચકીને રસ્તાની બાજુના ખાડામાં ફેંકી દીધી હતી. જ્યાં એક પથ્થર સાથે માથું અથડાવાથી એ બેભાન થઈ ગઈ હતી. પોલીસના લાખ પ્રયત્નો છતાં અદિતિનો કોઈ પત્તો લાગતો ન હતો. આખરે ત્રણ દિવસ પછી પેલા માનવવરુઓ દ્વારા ચૂંથાઈ ગયેલી અદિતિની લાશ પાસેના શહેરની ઝાડીમાંથી મળી આવી હતી.

પ્રતિમાની અંદરનું જીવન તો એ પછી જીવંત થયું જ ન હતું. હા, શ્વાસ લેવો એ જ જિંદગી હોય તો પ્રતિમા જીવતી હતી. વહાલસોયી દીકરીને આવી રીતે ગુમાવ્યા પછી મારી હાલત પણ સારી તો ન જ હતી. પણ નોકરીની વ્યસ્તતા કે પછી પુરુષસહજ સ્વભાવે એ પીડા ઉપર થોડી ફૂંક મારી દીધી હતી.

હું ક્યાંય સુધી અન્યમનસ્ક હીંચકો હલાવતો રહ્યો. અંદરથી આવેલા 'અં...કલ'ના અવાજે મને ઢંઢોળ્યો. જમવાનું તૈયાર હતું. સોનાલીને મળીને આજે વર્ષો પછી મેં પ્રતિમાને



ખડખડાટ હસતી જોઈ. રસોઈ કરતાં કરતાં એ બન્નેએ ખાસી હળવી વાતો કરી હશે. એટલે બન્ને જણ મૂડમાં હતાં. જમતી વખતે મારી નજર સોનાલીની કાજળ-કાળી આંખો ઉપર આવી જતા વાળથી લઈને, હસતી વખતે ફેલાતા એના હોઠના વળાંક વચ્ચે ફરતી રહેતી હતી. કેટલી સુંદર થઈ ગઈ છે અમારી સોનુ ! અચાનક તણખાની જેમ ફૂટેલા એક વિચારે મારા મનને દઝાડ્યું - એ વખતે સોનાલી આટલી સુંદર દેખાતી હોત તો પેલા લોકો કદાચ અદિતિને બદલે...!?

ચાવતાં ચાવતાં જીભ કચરાઈ ગઈ, અત્યારે કોણ યાદ કરતું હશે ?

પ્રતિમાના મોંમાં ઢોકળું મૂકતાં સોનાલીએ કહ્યું, 'આન્ટી, તમે તમારા શું હાલ કરી નાખ્યા છે એ તો જુઓ ! ક્યાં એ વખતના મારા પ્રીટી પ્રીટી આન્ટી અને ક્યાં અત્યારના આન્ટી ! દસ વર્ષમાં તો તમે વીસ વર્ષ મોટાં થઈ ગયાં છો. વચ્ચે એકાદ દિવસ આવીને હું તમને પાર્લરમાં લઈ જઈશ.

'ના રે બેટા, હવે મારે...'

'ના ચાલે આન્ટી ! આ જમાનામાં કોઈ સ્ત્રીના વાળ સફેદ થાય છે ? સૉલ્ટ ઍન્ડ પેપર રસોઈમાં સારાં લાગે, વાળમાં નહીં. અંકલને જુઓને, કેટલાં ફિટ ઍન્ડ ફાઇન લાગે છે !'

મેં સ્ટાઇલમાં ખોંખારો ખાધો.

'બસ બસ અંકલ. હું આન્ટીનો મેકઓવર કરાવું પછી જોજો, એ પણ કેવાં લાગે છે !

પ્રતિમાનો મેકઓવર ! હું વર્ષોથી એની જ રાહ જોતો હતો.

જમીને થોડી વાર પછી સોનાલી ઊઠી અને પ્રતિમાના ગળે વળગીને બોલી, 'હવે હું જઉં આન્ટી. વચ્ચે એકાદ વાર આવી જઈશ.'

આજે વર્ષો પછી ઘરમાં આવેલું આનંદનું ઊછળતું મોજું વિદાય થઈ રહ્યું હતું. હું પણ થોડો ઢીલો હતો. મારા પગ ઉપર હાથ મૂકતી સોનાલીને મેં ખભા પકડીને ઊંચી કરી અને ગળે લગાડી. પછી અચાનક શું થયું મને ખબર નથી. એક પળ, માત્ર એક પળ સોનાલી ઉપરની મારી ભીંસ થોડી વધી ગઈ. બીજી જ પળે મેં એને છોડી દીધી. સામે ઊભેલી પ્રતિમા તરફ સ્હેજ નજર નાખીને, 'બાય' કહીને સોનાલી પાછું જોયા વિના સડસડાટ નીકળી ગઈ. અમે બન્ને એ વિદાય થતી ખુશીની પીઠને તાકી રહ્યાં.

બાકીનો દિવસ અમે રોજની જેમ જ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈને વાંચવામાં અને ટીવી જોવામાં પસાર કર્યો. રાત્રે જમતી વખતે પ્રતિમાએ મને કહ્યું, 'રાજીવ, મને આટલાં વર્ષો એ પ્રશ્નનો ઉત્તર ન મળ્યો કે ઈશ્વરે આપણી સાથે આવું કેમ કર્યું ? આપણી દીકરીને આવી રીતે કેમ છીનવી લીધી ?'

'હા પ્રતિમા, મને પણ ક્યારેય સમજાયું નથી કે ઈશ્વરે આપણને આટલો મોટો દંડ કેમ આપ્યો ?'

મને મારો જ અવાજ કેમ મારો ન લાગ્યો ? મેં સામે લટકતા અદિતિના ફોટા સામે જોયું, પણ મારે તરત જ નજર ફેરવી લેવી પડી. હું કેમ આજે મારી અદિતિ સાથે નજર મેળવી શકતો ન હતો ? ❑

## લલિત ગદ્ય

# 'પંખીની પાળીએ ના વાણી'

■ જગદીશચંદ્ર ત્રિવેદી ■

પંખીનાં ક્યાં બેસણાં કે ઉઠમણાં હોય છે ? પ્રકૃતિનું અદનું બાળ આવે અને જાય, આટલા બધા કલરવો વચ્ચે એકાદ અવાજ ખૂટે તો ક્યાં કળાય ? હા, સંભળાય પેલા વૃક્ષને, પડઘાય જંગલમાં, પગલીઓ સંઘરાય વતનની બચી-ખૂચેલી ધૂળમાં. એવું જ એક પંખી જેવા માણસની ભરચક વિદાયથી થયું ! ફેબ્રુઆરી ૨૦૦૭માં 'શિવરાત્રી'એ શ્રી જનક ત્રિવેદીની જન્મભૂમિ અને એમની વારતાઓની મનોભૂમિના પ્રદેશમાં પ્રવેશતાં વધુ તાજું થયું !

મૂળે એ પ્રકૃતિના બાળ, સહજ રીતે પરિસ્થિતિઓમાં ગોઠવાઈ જવું, અભાવને નજરઅંદાજ કરી ક્ષણોને માણી લેતો માણસ. ઊછર્યો એ સ્થળ જસદમથી પાંચ કિ.મી. છેટે આવેલા કોઠી ગામમાં. બૂઢણપરિ નદીના પટને માથોડું-માથોડું પાન્ય હજુય ઢાંકીને એબ જાળવે, એ નદીકિનારે ઘટાદાર વૃક્ષો, ખેતલાદાદાનું પુરાતન મંદિર, બપોર ગાળવાનું સર્વોત્તમ સ્થળ, ધૂબકા મારી થાકેલા ભેરુઓ, વાતો કરતાં-કરતાં ઘડી જંપી જતા. ત્યારે બે-ત્રણ અર્ધી પેન્સિલોને ગણિતની કોરી (દાખલા વિનાની) નોટનાં પાનાં પર, મેળે ચિતરાઈ જતી બળકટ રેખાઓ, ચિત્રો - બાળકને બિરદાવે કોણ ? બસ પ્રકૃતિ જ એની પ્રેરક, પુચ્છકારે પુરસ્કારે અને પંખી જેવો માણસ માણે, જાણે, પરમાણે.

રૂઢિચુસ્ત પિતાનો પુત્ર છતાં જાત-પાત ખંખેરી બેઠેલો. ગોઠે ત્યાં ગોઠવાય. પણ મનથી માને સાધુ તો ચાલતા ભલા. જસદણથી કોઠી ભણવા માટે આવ-જા કરે, ઋતુઓના સંગાથે રસ્તામાં બોરડીનાં જાળાં લૂમઝૂમ ખેરે, ખાય, ખંખેરે, ખવરાવે. રંગબેરંગી પતંગિયાં પકડે ને ત્વરાથી ધોળા ખમીસ ઉપર એની પાંખની છાપ ઉપસાવી, છોડી મૂકે. બસ, વનનું બાળ બેફિકર, બળૂકું તે એની રંગસૃષ્ટિનાં સર્જન કુમાર વયમાં 'ધર્મયુગ' જેવાં પ્રતિષ્ઠિત હિન્દી માસિકમાં પ્રકાશિત થયાં. કદાચ એ ત્યારથી આ મીડિયા સાથે થોડા જોડાયા હોય ! હું ત્યારે ૧૯૬૪માં આઠમા ધોરણમાં આવ્યો અને મને પણ ચિત્રોનું, રંગોનું વળગણ એમણે લગાડ્યું, તે અમે 'શંકર્સવિકલી'ની ચિત્રહરીફાઈમાં ત્રણેક ચિત્રો મોકલેલાં. ક્યાંકથી એમણે પત્રવ્યવહાર કરેલો કલાનિર્દેશક શ્રી કનુ દેસાઈનો, એમણે પ્રત્યુત્તરમાં નાનકડા એવા જનકને નોતરેલો એની વ્હી. શાંતારામની ટીમ માટે ! અકિંચન બ્રાહ્મણનો બાળક માંડ બે જોડી કપડાં મળે તો, ચંપલ માટે રોડવવાનું એમાં મુંબઈ ક્યાં આવ્યું ? કોણ બતાવે ? હા, પણ અંદરનો રસ્તો એણે શોધી કાઢ્યો. હજુ મારા ઘરની



દીવાલો પર આછાં-આછાં એમણે આળખેલાં ચિત્રો, માત્ર એકાદ રંગથી ભાવભરપૂર ભંગિમા સહ જીવંત લાગે એવાં સર્જનો સચવાયાં છે. 'કલ્યાણ' (ગીતા પ્રેસ)નાં ચિત્રો મૂળે રંગીન પ્રિન્ટને - આબાદ બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં પીંછીના લસરકાઓથી દસ-બાર ગણા મોટા બનાવતા ત્યારે એના ગજા વિશે આસપાસમાં કોઈ એને બિરદાવે એવું નહોતું. પણ પંખીને પુરસ્કારોથી શું ? પછી તો દ્વારકાની શારદાપીઠમાં શિષ્યવૃત્તિના જોરે S.S.C. પછી પ્રથમ વર્ષ બી.એ. ભણવા ગયા. કોઈ દિવસ નહિ જોયેલું, નહિ જાણેલી રમત - બેડમિન્ટન અને બૅટ (રૅકેટ) ઝાલ્યું અને યુનિ.કક્ષાએ કૌવત દેખાડેલું કાંડાનું. ક્યાં પેલો ચિત્રકાર જીવ ? લાંબી ડાંફો ભરતો ભણતો. શારદાપીઠના (દ્વારકા) વસવાટ દરમિયાન એમણે બનાવેલી પ્રથમ 'સ્કેચબુક'નાં પાનાં રજાઓમાં આવે ત્યારે જોયાં છે, આશીર્વાદો, શુભેચ્છાઓથી ભરપૂર સહીઓ સહિતના એ સ્કેચ હતા. (HBપેન્સિલ વર્ક). પૂ. શંકરાચાર્ય મહારાજ, સિંહાસાહેબ (સુપ્રીમ કૉર્ટ જજ), શ્રી બિસ્મિલ્લાખાન (શહેનાઈવાદક) અને આવા કેટલાય મહાનુભાવોનાં નામથી ત્યારે હું પરિચિત થતો ગયેલો.

એમની સાથેના સહવાસનાં સ્મરણો તાજાં એવાં ને એવાં છે. થોરના એક જ લસરકે, ચામડી પર મશીન (દરજીનું) ચલાવો ને જે ઉઝરડા થાય કટકે કટકા ઊપસેલા હોય, એવાં અકબંધ છે.

ભણતર ભણે એ કરતાં પોતાના પગ પર ઊભો રહે એવી ઉતાવળમાં સૌએ રેલવેની ટ્રેનિંગમાં મોકલી દીધાં ઉદયપુર એને. ત્યાંથી મારા માટે 'કૅમલ'નું કલરબૉક્સ ને પીંછીઓ (સેબિલહેરની) પણ લાવે. બસ, આ એમની મોટામાં મોટી ભેટ ! રજાઓમાં ઉદયપુરથી આવ્યાં ત્યારે કલાભૂમિ - રાજસ્થાને એમને વધુ સમૃદ્ધ કરેલાં. અમને માટીના હાથી, પોપટ બનાવી આપેલા. ઘાસ સળગાવી પકાવી, કાચા રંગે રંગી આપેલા. કેટકેટલી ઊપજ એમની !

રેલવેની કઠિન નોકરી, ઉજ્જડ, એકાંત, વેરાન સ્ટેશનોમાં રહે પણ સેવે પ્રકૃતિને. બાંકડો વૃક્ષોના ઝુંડ નીચે ખેંચીને સૂએ, બેસે, શ્રવે, સંચરે એ બધું રંગરેખાઓની મોકળાશ સમેટાતી ગઈ અને ઊતરી પડી - અક્ષર રૂપે સફેદ કાગળ પર, એના ગ્રામ્યજીવનની ધડબડ કરતી, ઝીંક ઝીલતી પાત્રોની સેના સાથે. 'લઘુકથા'ઓ માટે મુ. બચુભાઈ રાવતે એમને 'કુમારચંદ્રક'થી પોંખ્યા, પોષ્યા, અને પછી અવિરત એનાં એકાંતો, એષણાઓ, ઇચ્છાઓ, દબાણો, દેકારાઓ, બંડ, બેફિકરાઈ બધું સહજ થઈ ઊતરી આવ્યું એમની વારતાઓમાં. શ્રી કિરીટ દૂધાત એમના મિત્ર અને વિવેચક પણ ખરા, તે ચડભડો થતી પણ બંને 'બળિયા' તારવી લ્યે તારતમ્ય. વાતો-વાતોમાંથી મોટા ભાગે ઘરની બહાર જ રહેલો માણસ - પંખીને માળો હોય પણ નિશ્ચિત નહિ - માયા વગરનો લાગે. પણ લાગણીભૂખ્યો. એણે 'ઘર' ઉજાળીને તીર્થ કર્યાં છે... એમના આમંત્રણે શ્રી રઘુવીરભાઈ હોય, શ્રી ભોળાભાઈ પણ હોય, શ્રી રજનીકુમારેય હોય, કે અશોક દવેય હોય ! કોણ ન હોય ? રાત નહિ, સવારો-સવાર અડિંગો લગાવી એમના આશ્રયે કડકડતી ઠંડીમાં ઘેરો... અનેક સાહિત્યકારોએ જિયાફતો ઉડાવી છે ભજિયાંની. માણસવલ્લો સો ટકા.

પણ પંખી જેમ પૂર્ણ વિશ્વાસ નહિ કેનાય પર ! ચકાસી લે ! હા, ગદ્‌ગદ થઈ જાય દુઃખ દેખીને ! કહે છે, શ્રી રમેશ પારેખને ડૂમો ઠાલવવાનો હોય તો ખભો જનક ત્રિવેદીનો હોય હાજર. બીડીઓ અર્ધી-અર્ધી પીને ઠાર્યાં છે મન કેટકેટલાં ! મુ. છેલભાઈ વ્યાસ છેલ્લે મળેલાં ત્યારે શ્રી રઘુવીરભાઈને એમણે કહેલું, “જગદીશ ત્રિવેદી, જનક ત્રિવેદી - બહારવટિયા વાર્તાકારનો ભત્રીજો છે.” માણસ માણસને પારખતો હોય, છેલ્લે એમની અનુપસ્થિતિમાં ‘પરબ’માં ‘પત્ર’ માટે પોંખાયો હોય અને એ પંખી જેવો નિરભિમાની જઈ બેઠો હોય પ્રકૃતિની ધોધમાર ધારા વચ્ચે જઈ ‘પરશુરામ કુંડ’ ત્યાં ગોઠે એવું ક્યાંય ન ગોઠે એને. પંખી, સમાજમાં આવે, હરે-ફરે અને ઊડી જાય, નિસ્બતો છોડીને (ઊડી જાય) અગોચર ભણી. એમની લેખન-નોંધો મળશે ત્યારે ઠીક, અંતિમ પત્ર શ્રી હર્ષદ ત્રિવેદી (‘શબ્દસૃષ્ટિ’ ૨૦૦૭) પરનો એમની સાહિત્ય સાથેની નિસ્બતનો નમૂનોમાત્ર છે. એ મરોડદાર અક્ષરનો આસામી ઊડી આવશે ક્યારેક પંખીની જેમ જ ફરફરાટ લઈ !

❑

## સાભાર સ્વીકાર

(૯) ગૌરીકુંડ ૧.૫ KM : એકતા પટેલ, ૨૦૧૫, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ. પૃ. ૧૬૦, રૂ.૧૫૦/- (૧૦) હું માનવી માનવ થાઉં તો ઘણું : નટવર આહલપરા, ૨૦૧૫, અવનિકા પ્રકાશન, અમદાવાદ. પૃ.૬૪, રૂ.૬૦/- (૧૧) જિપ્સીની રૂપક કથાઓ : અનુઃ માવજી કે સાવલા, ૨૦૧૫, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ ૮+૭૬, રૂ.૭૫/- (૧૨) મારી કટોકટીની ક્ષણો : સંપા. અંકીત ત્રિવેદી, ૨૦૧૫, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ પૃ.૩૮૪, રૂ.૪૦૦/- (૧૩) શુભદૃષ્ટિ : ડૉ. ઈશ્વરભાઈ પટેલ, ૨૦૧૫, જ્ઞાનમંદિર પ્રકાશન, અમદાવાદ પૃ. ૧૧૯, રૂ. ૧૨૫/- (૧૪) મારી પ્રવાસનોંધ : ઉર્વી તેવાર, ૨૦૧૫, એ/૧૩, જય યોગેશ્વર સોસાયટી, સમા રોડ, વડોદરા-૩૯૦૦૦૪, પૃ. ૬૪, રૂ.૧૦૦/- (૧૫) ચોથા શનિવારની સાંજે : સંપા. અવિનાશ મણિયાર, ૨૦૧૫, ગુજરાત પુસ્તકાલય સ.સ. મંડળ વડોદરા, પૃ.૨૨૪, રૂ.૧૫૦/-



## વિદેશી સાહિત્ય

# રાજાઓનો અંતિમ દાવો

■ **સ્ટીફન સ્પેન્ડર, અનુવાદ : પ્રદીપ ખાંડવાળા** ■

વસંતમાં
ડુંગરી પર સીસાના અક્ષરોમાં
અંતિમ કારણની જોડણી
બંદૂકો કરે છે.
પણ ઑલિવ વૃક્ષની નીચે મરીને પડેલો
પેલો છોકરો
તો અગત્યની તેમની આંખ માટે
બહુ નાનો અને નાદાન હતો.
એ તો ચુંબનને માટે વધુ લાયક હતો.

એ જીવિત હતો ત્યારે
કારખાનાનાં ઊંચાં ભૂંગળાંઓએ હાજર થવા
એને કદી બોલાવ્યો નહોતો.
ને નહીં રેસ્ટોરાંના પ્લેટ-કાંચવાળા દ્વાર
ગોળ ફરીને એને નિમંત્રતા.
દૈનિકોમાં એનું નામ કદી છપાયું ન હતું.
જેનું સોનું કૂવા જેટલું ઊંડું દટાયેલું હતું
એવા મૃતકોની આસપાસ
જગતે એની પારંપરિક દીવાલ રચી રાખી હતી.
જ્યારે એનું જીવન તો
બહાર રસળતું હતું
શેરબજારની અફવા જેવું, ક્ષણભંગુર.

એક દિવસ વૃક્ષો પરથી પવન જ્યારે
ફૂલોની પાંદડીઓને નીચે ફેંકતો હતો ત્યારે
ઓ, અતિ હળવાશથી એણે એની ટોપી
નીચે નાખી.

ફૂલ-વિહોણી દીવાલ પર બંદૂકો પાંગરી
અને મશીનગનોએ ઘાસને ત્વરાથી વાઢી નાખ્યું.
પતાકાઓ અને પાંદડાંઓ.
હાથો અને ડાળો પરથી નીચે ખર્યાં.
ઊનની ટોપી
કાંટાળા ઝાંખરામાં સડતી રહી.

જરા વિચારો.
એનું જીવન તો
નોકરી કે હૉટેલોના ચોપડાઓ માટે કે અખબારોની ફાઈલો માટે
મૂલ્યહીન હતું.
જરા વિચારો.
દસ હજારમાં એક ગોળી માણસને મારે છે.
પૂછો તો ખરા.
આવા નાના અને બાલિશ છોકરાના મૃત્યુ માટે
આટલું ખર્ચ વ્યાજબી હતું ?
એ, જે ઑલિવ વૃક્ષ નીચે પડેલો હતો
ઓ જગત, ઓ મૃત્યુ ?

નોંધ :- સર સ્ટીફન સ્પેન્ડર (૧૯૦૯-૧૯૯૫) બ્રિટનના નામાંકિત સાહિત્યકાર હતા. એમના પિતા પત્રકાર હતા અને માતા ચિત્રકાર અને કવયિત્રી હતાં. સ્પેન્ડર કૉલેજમાં તો ગયા હતા પણ પદવી હાંસલ કર્યા વગર કૉલેજ છોડી દીધી હતી. બ્રિટનમાં અને અમેરિકામાં અધ્યાપન કર્યું. ડાબેરી હતા. ફાસિવાદના વિરોધી હતા. જોકે પાછળથી સામ્યવાદથી એમણે છેડો ફાડ્યો હતો. કવિતા ઉપરાંત તેમણે નવલો, નિબંધો, અનુવાદો અને સંપાદનમાં હાથ અજમાવ્યો હતો. એમની કવિતામાં વર્ગ-વિગ્રહ અને અન્યાય સામેની લડતનાં સ્પષ્ટ એંધાણ મળે છે.

મૂળ અંગ્રેજીમાં આ કાવ્યનું શીર્ષક લૅટિનમાં છે : ('Ulitma Ratio Regum') એનો અંગ્રેજીમાં અર્થ છે 'The Last Argument of Kings' - યુદ્ધ ! અંગ્રેજીમાં કહેવત છે : 'Power grows out of the barrel of a gun'. અગણિત રાજાઓએ, સરમુખત્યારોએ અને અત્યાચારીઓએ આ વિધાનને અપનાવી લોહીનો કેર વરતાવ્યો છે. આ કાવ્યમાં સ્પેન્ડર યુદ્ધની ખૂનામરકી તરફનો એમનો વિરોધ અને એમની વેદના પ્રતીકાત્મક રીતે જાહેર કરે છે. એક બાળકના ગોળીબારથી થયેલા મૃત્યુને એમણે યુદ્ધની અવિચારી હિંસાનું પ્રતીક બનાવ્યું છે. આ હિંસાને એમણે નાટ્યાત્મક રીતે રજૂ કરી છે :

'જરા વિચારો.
એનું જીવન તો



નોકરી કે હૉટેલોના ચોપડાઓ માટે કે અખબારોની ફાઈલો માટે
મૂલ્યહીન હતું.
જરા વિચારો.
દસ હજારમાં એક ગોળી માણસને મારે છે.
પૂછો તો ખરા.
આવા નાના અને બાલિશ છોકરાના મૃત્યુ માટે
આટલું ખર્ચ વ્યાજબી હતું ?
એ, જે ઑલિવ વૃક્ષ નીચે પડેલો હતો
ઓ જગત, ઓ મૃત્યુ ?'

આ પંક્તિમાં સ્પેન્ડર યુદ્ધનાં કારણો વિશે પણ નિર્દેશ કરે છે : મૂડીવાદી, અસમાનતાઓથી વિકૃત સમાજ, જેમાં લોભ અને ધન પ્રધાન ભૂમિકા ભજવે છે :

'એ જીવિત હતો ત્યારે
કારખાનાનાં ઊંચાં ભૂંગળાંઓએ હાજર થવા
એને કદી બોલાવ્યો ન હતો.
ને નહીં રેસ્ટોરાંના પ્લેટ-કાંચવાળા દ્વાર
ગોળ ફરીને એને નિમંત્રતા.
દૈનિકોમાં એનું નામ કદી છપાયું ન હતું.
જેનું સોનું કૂવા જેટલું ઊંડું દટાયેલું હતું
એવા મૃતકોની આસપાસ
જગતે એની પારંપરિક દીવાલ રચી રાખી હતી.
જ્યારે એનું જીવન તો
બહાર રસળતું હતું
શેરબજારની અફવા જેવું, ક્ષણભંગુર.'

❑

## સાભાર સ્વીકાર

(૧૬) પોપ્યુલર સાયન્સ.કૉમ : અર્જુનસિંહ રાઉલજી, ૨૦૧૬, દિવ્ય પ્રકાશન, અમદાવાદ, પૃ.૯૬, રૂ.૮૫/- (૧૭) વિચારની વસાહતો : ભદ્રાયુ વછરાજાની, ૨૦૧૬, WBG પબ્લિકેશન અમદાવાદ, પૃ. ૧૪૪, રૂ.૧૫૦/- (૧૮) સતબોધ શતક : ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે, ૨૦૧૫, સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ, ભદ્ર, અમદાવાદ. પૃ. ૨૪૮, રૂ. ૭૦/-

**આસ્વાદ**

# સર્જક સિતાંશુરચિત સૂફી ઝંખનનાં ખંજન....

■ રાધેશ્યામ શર્મા ■

## સૂફી દોહરા

રાતો સાગર ચઢ્યો હિલોળે, એના હિંસ્ર ગરજતા લોઢ,
તળિયાના અંધારને અમે થઈ આવ્યા મોઢામોઢ. ૧

અંધકારના તળિયે જઈને જોયું તો, સ્થિર જ્યોતિ
વડવાનલ જેમ ઝલકી ઊઠતું ઝંખાનું જે મોતી. ૨

ઝંખું ઝંખું તારાં દરસ ને તું કેવળ અણસાર,
તારું હોવું મને અડકતું થઈ છેક જ તીણી ધાર. ૩

લોચનથી હેરાય નહીં, તું છે જ નહીં જાણે સાવ,
(મારો) કર લંબાતો નજર થઈ (તો) તુજ દરસ મળે થઈ ઘાવ. ૪

મરણતોલ ઘાયલ થયા (તો) થયો જીવવાનો આરંભ,
મિલનનું એક જ નામ છે – ઝંખન મનનું વણથંભ. ૫

સદાકાળના સંગની ઝંખા જેવી કઈ ભૂલ ?
પંખી થઈને મળ્યું એક ડાળીને એનું ફૂલ. ૬

ક્ષણ મળવું, ક્ષણ બિછડવું, ક્ષણ આંસુ, ક્ષણ હાસ,
મરણ-પિયાલી હોઠ પર, (મને) અમરત પીધાંની આસ. ૭

ભીતર તું, બાહિર નહીં – આને મિલન કહું કે વ્રેહ ?
બેય બાહુથી સાહવા હું ચહું તારો નમણો દેહ. ૮

શબદ હોય તો સમજવો, આ તો સાંભળવો ભણકાર,
પડતા પર્ણને મળીને મળ્યો પવન તણો આધાર. ૯

સત્ય ફક્ત છે ઝંખા, મળવું ના-મળવું, એ ય શું ?
બીજની રાતે પૂનમનો ચાંદો શોધું છું હું. ૧૦



તારા નરદમ નેહને હું શોધું છું જગ માંહ્ય,
(પણ) ઝબકી ખરતા તારલા, એનાં નક્ષત્રો ન રચાય. ૧૧

ખરતા તારા ઝબકતા, અમે જોઈ તારી મુખરેખ,
શાશ્વતને અજવાળતું કેવું અજવાળું પળ એક ! ૧૨

ઝંખા બીજલી ઝબકતી, બહુ અજંપ વરસે મેહ,
દુઃખ તે માટી, સુખ સુગંધ, ને ભીંજાવું તે નેહ. ૧૩

ઝંખા બીજલી ઝબકતી, કયો પથ આ અજબ અંકાય,
(મને) મારગ માટીમાં મળ્યો, કેમ તારે ગગનમંડળ પહોંચાય ? ૧૪

ઝંખા બીજલી ઝબકતી, (તેમાં) કંઈ જોઈ સૂરત તારી,
(પછી) શ્યામ શિલા બિરહા સઘન, નખશિખ મૂરત કંડારી. ૧૫

આંખ મીંચું તો જોઉં, સાંભળું જો શ્રુતિને જઉં ભૂલ,
શ્વાસ રૂંધું, તો સૂંઘી લઉં તારી છાતીનાં બેય ફૂલ. ૧૬

**– સિતાંશુ યશશ્ચંદ્ર**

સંસિદ્ધ કાવ્યસંચય ‘જટાયુ’માં ઓચિંતા ‘સૂફી દોહરા’ પર નજર પડી. દોહરાની સ્ટાન્ડર્ડ પદાવલિ અતિક્રમી અલગ પંક્તિઓ પ્ર-માણવાની મજા પડી. દોહરાના ફૉર્મની, સાહિત્યપ્રકારની મર્યાદા છતાં શબ્દની, કડીની રસવત્તા એક અદના ભાવક લેખે સવિશેષ સ્પર્શી.

સૂફીવાદના રહસ્યમય સૌંદર્ય અને દોહરાની સંરચનાને અકબંધ રાખી સ્વતંત્ર પદાવલિ, પંક્તિની પ્રસ્તુતિથી કથન પામી શકાશે.

પાંચમા દોહરાની પાછલી કડીના છેડે ત્રણ શબ્દ છે :

**‘ઝંખન મનનું વણથંભ.’**

આતુરતાપૂર્વકની ઝંખના તે ઝંખન, મનની અસ્ખલિત ગતિધારા રૂપે પૂરી રચનાની શિરાએ શિરામાં વણાઈ ઊતરી છે. મનનો ઉલ્લેખ મનની સ્થિતિગતિ આંતરિકથી બાહ્યનો ઇશારો આપે. આ રીતે :

‘ક્રિએશન ઇઝ અ મુવમેન્ટ ઑફ ધી ઇન્ટરનલ ટૉવર્ડ્ઝ ધી એક્સટર્નલ ઍન્ડ નૉટ અ મુવમેન્ટ ઑફ ધી એક્સટર્નલ ઑન ધ સરફેસ.’

**– પાઇરે રેવર્ડી**

સર્જન ખરેખર શું છે ? અંતરતમની બહાર તરફ મનોયાત્રા. સૂફી દોહરામાં, તળિયાનો અંધાર તેમજ અંધકારનું તળિયું શરૂથી દર્શાવાયું એમાં મનના અનકૉન્શિયસ અને સબકૉન્શિયસ સ્તરનો સંકેત છે. ત્યાં ‘જ્યોતિ’ અને ‘મોતી’ના સમુચિત પ્રાસ પણ હાજર છે.

કાવ્યનાયકનું સંબોધન, પ્રિયતમ પાત્રને ઊંડળમાં લઈ ઝંખા-ઝંખનાના પુનરાવર્તન દ્વારા એવી રીતિથી સંવર્ત્યું છે કે રચનાના ગાલ પર ઝંખનનાં સુંદર ખંજન માનવાનું મન થાય !

ઉદાહરણથી અનુભવીએ :

બીજા દોહરાની પંક્તિ : 'વડવાનલ જેમ ઝલકી ઊઠતું ઝંખાનું જે મોતી.' અહીં મોતીની ઉપમા - વડવાનલ જેમ - કૉન્ટ્રાસ્ટથી નિરૂપી છે.

ત્રીજા દોહરાની પહેલી પંક્તિ : 'ઝંખું ઝંખું તારાં દરસ ને તું કેવળ અણસાર !' એક ગીત સાંભરે છે, 'દર્શન દાસી, અખિયાં પ્યાસી.' અહીં તો નાયક દર્શનપ્યાસી દાસ. જ્યારે પ્રિયા તો કેવળ દૂર દૂર અણસાર, ઈશારો છે. ઈશારામાં દૂરત્વનો સંકેત છે, માટે તો પાંચમો દોહરો મિલનની વ્યાખ્યા આપે છે :

**'મિલનનું એક જ નામ છે -**
**ઝંખન મનનું વણથંભ.'**

નાયક 'મરણતોલ ઘાયલ' હોવાથી ક્ષણ પૂરતું ઝંખાનેય ભૂલ ધારી લે છે છઠ્ઠા દોહરામાં :

**'સદાકાળના સંગની ઝંખા જેવી કઈ ભૂલ ?**
**પંખી થઈને મળ્યું એક ડાળીને એનું ફૂલ.'**

મનુજ નાયક, ભૂલ જાણે સુધારી લઈ પંખી બની એક ડાળીનું ફૂલ પ્રાપ્ત કરી ધન્યવાન થાય છે.

સાતમા દોહરાના આરમ્ભનું પદ 'ક્ષણ મળવું, ક્ષણ બિછડવું, ક્ષણ આંસુ, ક્ષણ હાસ' વાંચતાં કવિવર નિરંજન ભગતની ગીતપંક્તિ ઝળકી ગઈ : 'ક્ષણ હસવું, ક્ષણ રડવું, પૃથ્વી વિણ ક્યાં જડવું ?'

ચાર દોહરા બાદ ફરી ઝંખાનો જાજરમાન ઝંઝાવાત કૃતિની આકૃતિ, વિદ્યુત ગતિવિધિથી કંડારે છે :

તેરમો દોહરો :

**'ઝંખા બીજલી ઝબકતી,**
**બહુ અજંપ વરસે મેહ'**

મેહમાં નાયકનો બહુલ અજંપો સામેલ છે.

ચૌદમો દોહરો :

**'ઝંખા બીજલી ચમકતી,**
**કયો પથ આ અજબ અંકાય'**

આ લખનારને તો નાયકનો અજબ પથ આ ક્ષણે કંઈક ક્ષુરસ્યધારા જેવો દેખાઈ અંતર્ધાન થઈ ગયો !

કેમ કે બીજી પંક્તિનો પ્રશ્ન તીક્ષ્ણ અસંભવ ધાર જેવો અડી ગયો :

**'કેમ તારે ગગનમંડળ પહોંચાય ?'**

પંદરમો દોહરો :

**'ઝંખા બીજલી ઝબકતી,**
**(તેમાં) કંઈ જોઈ સૂરત તારી'**



વિદ્યુત-ઝબકારમાં સૂરતની મૂરતવાળી પદાવલિ પછીની પંક્તિનો પાઠ કરતાં; કૃષ્ણચાહક કવિ સૂરદાસની સમાસસભર સ્મૃતિ ઝળકી ગઈ :

'(પછી) શ્યામ શિલા બિરહા સઘન, નખશિખ મૂરત કંડારી'

વિરહાસઘન શ્યામ ભલે શિલાવત્ રહ્યા પણ નાયકે નખશિખ મૂરત કંડારી-કોતરીને શ્રી રાધાની મૂર્તિ સ્થાપી છે !

શ્યામ-રાધાના પ્રેમનિમગ્ન શાશ્વત યુગ્મને પ્લેટોનિક પદે પ્રતિષ્ઠિત ભલે કર્યું, અહીં તો કવિશ્રીએ સાવધાન રહેવા સૂચવ્યું છે : 'શબદ હોય તો સમજવો...'

દોહરા ભલે સૂફી છે, પણ સમર્થ સર્જક સિતાંશુરચિત નિજી ઘાટના સૂફી છે, જેમાં નેહ દેહોત્તર છે, અંતરગૂઢ છે, પરંતુ દેહ પણ ભિન્ન અર્થમાં નેહોત્તર છે, સેન્સ્યુઅસ છે, નિર્બન્ધ છે, પ્રાંજલ છે :

જુઓ ૩જો દોહરો :

**'તારું હોવું મને અડકતું થઈ છેક જ તીણી ધાર.'** (ઉપર ક્ષુરસ્યધારા કહી છે).

૮મો દોહરો :

**'બેય બાહુથી સાહવા હું ચહું તારો નમણો દેહ.'**

રચનાની પરાકાષ્ઠા સમો ૧૯મો દોહરો :

**'આંખ મીંચું તો જોઉં, સાંભળું જો શ્રુતિને જઉં ભૂલ,**
**શ્વાસ રૂંધું, તો સૂંઘી લઉં તારી છાતીનાં બેય ફૂલ.'**

નેત્ર-કર્ણ-ઘ્રાણેન્દ્રિય કલ્પનથી સમન્વિત દોહરો. સ્ફટિકમય સંરચના માટે મેજર કવિશ્રી સિતાંશુને સલામ.. (ભલે તેમણે 'સત્ય ફક્ત છે ઝંખા' આલેખ્યું, બાકી આવી કૃતિઓથી, એના સૌંદર્યથી અધૂરી ઝંખા પણ મધુરી બની જાય.)

❑

## વિશેષ

# કવિતાલેખનની પિછવાઈ

■ ચન્દ્રકાન્ત ટોપીવાળા ■

કોઈ પણ સાહિત્યયુગમાં ઊભરેલા મુખ્ય કવિસૂરો(Key Voices)માંથી કોઈ એક સૂર પ્રધાન કવિ (Major poet) તરીકેનો ઊભરે છે તો એ ત્યારે જ ઊભરે છે જ્યારે મુખ્ય સૂરને સતત બદલાતાં પરિમાણોની સહાય મળતી રહે છે. પ્રધાન કવિએ સતત સીમાંકનની સાથે સાથે સીમોલ્લંઘનની ત્રેવડ કેળવતાં જવું પડે છે. વર્તમાનમાં સિતાંશુ યશશ્ચંદ્રની આ ત્રેવડથી ગુજરાતી સાહિત્યજગત અજાણ નથી. પરંતુ એ માટે આ કવિએ એના કવિપણાને સદ્યોધત રાખવા માટે વિવેચનનું ભરપૂર પોષણ આપ્યા કર્યું છે. બીજી રીતે કહીએ તો સિતાંશુનું વિવેચન પોતામાં રહેલા સર્જકની કાર્યશાલાને પોષતું વિવેચન છે.

રમતગમતના સમીક્ષક સી.એલ.આર. જેઇમ્સે (C. L. R. James) એક વાર ક્રિકેટ અંગે એવું કહ્યું હતું કે ‘જે ફક્ત ક્રિકેટને જાણે છે તે ક્રિકેટ વિશે શું જાણે છે ?’ આ મુદ્દાને સાહિત્યક્ષેત્રે ખેંચી લાવીને કહી શકાય કે ‘જે ફક્ત આ સાહિત્યને જાણે છે તે સાહિત્ય વિશે શું જાણે છે ?’ સિતાંશુમાં રહેલી કવિની પ્રતિભા અંગે સંસ્કૃત આલંકારિક વિદ્યાધરના શબ્દોને સહેજ બદલાવી કહી શકાય કે સિતાંશુમાં બહુશાસ્ત્રપોષિતા પ્રતિભા છે અને એ જ બહુશાસ્ત્રપોષિતા પ્રતિભાએ એની કવિતાને સજીવ રાખી છે. સિતાંશુનું વિવેચનસાહિત્ય એક રીતે જોઈએ તો એના પોતાના કવિતાલેખનની એક પિછવાઈરૂપ છે, એવું કહી શકાય. આ એકલપેટાપણું એમણે સહેતુક કેળવેલું છે. એમણે ભાગ્યે જ અવલોકનો કર્યાં છે કે પ્રયુક્ત વિવેચન કર્યું છે. જો એ પોતે અન્ય પ્રશિષ્ટ કે શિષ્ટ રચનાઓ પાસે ગયા છે તો કાં તો સર્જનપ્રક્રિયાને સમજવાના હેતુથી યા પોતાની સર્જનસમજને પરિપુષ્ટ કરવાના હેતુથી.

એક બાજુ ભરત, જગન્નાથ અને કાન્ટ સાથેની તુલનાત્મક મથામણ, તો બીજી બાજુ હાબરમાસ, ફૂકો અને દેરિદા સુધીની શબ્દસંકેતોના વ્યાપારોને સમજવાની મથામણ સિતાંશુને ‘સંકેતોના ક્રીડાંગણ’ તરીકે કલાઓને જોવાની તાલીમ આપે છે. આ તાલીમને કારણે એપોલોની સ્થિરતાને અને ડાયોનિસસની પ્રવાહિતાને મૂળમાંથી સમજી લઈ સર્જનમાં સમતુલા જાળવવાની એક વિશિષ્ટ દૃષ્ટિ ઉજાગર પામી છે. છેલ્લે છેલ્લે ૨૦૦૬થી ‘ફૉર્બસ ગુજરાતી સભા’ ત્રૈમાસિકનું હાથ ધરેલું સંપાદનકાર્ય પણ સિતાંશુમાં રહેલા સર્જકના પરિપોષ માટેનું જાણે કે ઉપકરણ બન્યું છે. બહુ ઓછાનું ધ્યાન ગયું છે કે



સિતાંશુએ ‘ફૉર્બસ ગુજરાતી સભા’ દ્વારા ગુજરાતી સાહિત્યને ‘કૃતિ’ના છેડેથી ફરીને ‘સંસ્કૃતિ’ને છેડે જોડ્યું છે. બ.ક. ઠાકોરે એક વાર કહેલું કે ‘કવિતામાં નવું પ્રસ્થાન કરનાર સૌને વિવેચક થવું જ પડે’ અને સિતાંશુ આ સંપાદનના સંપાદકીય લેખોમાં એ રીતની પોતાની વિવેચક તરીકેની મુદ્રા ઘડી રહ્યા છે. ઇતિહાસ, ઇતિહાસનવાદ અને ઇતિહાસવાદ જેવી સંજ્ઞાઓ સાથે જાણે કે ગુજરાતની સંસ્કૃતિની સકલતાને સમજવા માટે ભવિષ્યના ‘નવ્ય ઇતિહાસ’ની ભૂમિકા રચી રહ્યા છે. ભારતી મોદીની ‘વસઈની વાત’, ભીમજી ખાચરિયાના ‘લોકદેવો’, મેહૂલી ભાંડૂપવાલાની ‘ગુજરાતી જૉબાનમાં સફરનામાઓની તવારીખ’, ‘મહૂવા લાઇબ્રેરીનો ઠરાવ : યથાતથ’ – વગેરે જુદી જુદી દિશામાંથી આવતા લઘુઇતિહાસો જેવા આ બધા લેખો નવ્ય ઇતિહાસની સામગ્રી ઠાલવી ભવિષ્યના સાચા અર્થમાં રચનારા ‘ગુજરાતી સાહિત્યના બૃહદ્ઇતિહાસ’ની તૈયારીરૂપ હાજર થયા છે. બજારવાદ અને અતિશાસનવાદની આત્યંતિકતા સામે આ સંપાદનોમાં સંસ્કૃતિમીમાંસા અને સાહિત્યવિવેચન અંગે નવેસરથી કેટલીક વ્યૂહરચનાઓ રજૂ થઈ છે. ગુજરાતી સંસ્કૃતિવિચાર વીગતે અને વિશ્લેષણપૂર્વક નિરીક્ષાશીલ સૈદ્ધાન્તિક ભૂમિકાએ આગળ વધે એ માટેની એમાં જોગવાઈઓ છે.

આને કારણે એક બાજુ વૉલ્ટર બેન્જામિનના ‘Archades Project’ની છણાવટ છે, તો બીજી બાજુ અર્થઘટનશાસ્ત્રની સામે મુકાતા ‘erotics of art’ની પણ છણાવટ છે. આ સામગ્રી નિરીક્ષણશીલા ખુલ્લાપણા (critical openness) તરફ લઈ જાય છે. એકંદરે સિતાંશુનો ઉદ્યમ નિશ્ચયાત્મક કાવ્યશાસ્ત્રોની સામેના વિવેચનનો છે. એમાં ભાવકના ક્રિયાક્ષેત્રના સંકોચન સામેનો પ્રતિકાર પણ રહ્યો છે. બહુ પહેલાં ‘રમણીયતાનો વાગ્વિકલ્પ’ નામક એમના વિવેચનગ્રંથમાં સિતાંશુએ રમણીયતાની સ્થિર વિભાવનાના સંકોચનને પ્રવાહિત કરેલું. સંપ્રજ્ઞતાની રમણશીલતા, પદાર્થની રમણયોગ્યતા અને અનુભવરૂપ સ્વયં રમણ - જેવા રમણીયતાનાં ત્રણ પાસાંને ઉપસાવેલાં. એ જ રીતે સિતાંશુએ એના વિવેચનગ્રંથ *‘अस्मा: सर्गविद्यौ’*માં ભવની નહીં પણ ‘ભવાન્તર’ની તરફેણ કરી છે. નિશ્ચિતતાનો કોઈ પણ માપદંડ સિતાંશુને મંજૂર નથી. કારણ એ ખૂંટો બની ક્યાંક ને ક્યાંક બાંધી લે છે. બંધાવું એ આ કવિ માટે ‘ગંધાવું’ બરાબર છે. અને તેથી સિતાંશુમાં રહેલો એની કવિતાનો પોષક વિવેચક ખુલ્લાપણાનો પુરસ્કાર કરે છે. કાલિદાસના *‘विक्रमोर्वशीयम्’*ના *अस्मा: सर्गविद्यौ* શ્લોકના વિશ્લેષણમાં પણ જોવાશે કે વિવેચન દ્વારા પણ વાત તો ‘સર્ગવિધિ’ની છે અને એ સર્ગવિધિના વ્યાપારને સમજાવ્યા પછી કેટલીક રચનાઓમાં (એ રચનાઓ પછી કોરિયન કવિ શિન-સોક જો જોન્ગની રચના ‘નાનકડાં જનાવરો’ હોય કે સિહૂજાતિની કવિ ઇલિઝાબેથ કુકલિનની રચના ‘બંધતાનું વિધિવિધાન’ હોય કે ભારતીય કન્નડ કવિ ચન્દ્રશેખર કમ્બારની ‘લોકવાર્તાનો રાક્ષસ’ હોય કે પ્રેમાનંદના ‘દશમસ્કંધ’ની બાળલીલાનો પ્રસંગ હોય) સર્ગવિધિના રહેલા ચમકારા પાસે ક્યારેક વિવરણથી, ક્યારેક અર્થઘટનથી અને ક્યારેક સંકેતસાધનોથી સિતાંશુ અત્યંત નિકટ જાય છે. આ ક્રિયામાં રચનાને અંકે કરવાનો જેટલો વિવેચનધર્મ

છે, એથી વિશેષ એમાં કવિધર્મ રહ્યો છે.

ઉદાહરણ રૂપે પ્રેમાનંદના 'દશમસ્કંધ'માં કૃષ્ણની બાળલીલામાં આવતા ઊખળપ્રસંગનું સિતાંશુનું સઘન વાચન કાવ્યક્રિયાને નિકટથી તપાસે છે. ગોકુળમાં એક બાજુ વલોણું તાણતી મા અને બીજી બાજુ પારણે પોઢેલું બાળક - આમ બે બાજુ ધ્યાનમાં વહેંચાયેલી જશોદા બાળક જાગતાં દધિમંથન છોડી પુત્રને પયપાન કરાવવા દોડે છે. તો પછી તરત જ એક બાજુ બાળકનું પયપાન અને બીજી બાજુ ચૂલે ઊકળતું દૂધ-માં ફરી જશોદા વહેંચાઈ જાય છે. સિતાંશુ આ પ્રસંગોને જે પ્રકાશમાં ઝાલે છે તે કવિદૃષ્ટિનો પ્રસંગ છે. કહે છે :

> જશોદાની બે સ્વસત્તાઓ એકબીજી સાથે અથડાય છે. અને એણે 'ધાવતા વછોડયા જદુરાય રે, અંબા પય સાચવવા ધાય રે', કવિએ અજોડ કુશળતાથી અહીં વિચલનપૂર્વક કથન આગળ વધાર્યું છે. મૂળ દધિમંથન ચાલતું હતું, એમાંથી હવે ચૂલે ઊભરાતું દૂધ સાચવવાનો રઘવાટ આવ્યો. 'દધિ' ને હટાવીને જે આવે છે એ માટે પ્રેમાનંદ 'દૂધ' શબ્દ નથી યોજતા. પણ 'પય' શબ્દ યોજે છે. 'અંબા પય સાચવતા ધાય રે'. શ્રોતાના કાન ચમકે, એનું ચિત્ત ચમકે, 'પય' શબ્દનું સર્જકતાભર્યું ફોરગ્રાઉન્ડિંગ થતું એ સંભાળે છે. અહીં ચૂલે ઊભરાતું તો દૂધ હોય, તત્સમ જોઈએ તો દુગ્ધ આવે. પણ આ તો 'અંબા પય સાચવવા ધાય રે !' 'પય' તો પયપાન માં હોય 'અંબા' શબ્દ પણ આ વિચલનમાં સક્રિય બને છે. જે પય સાચવવા ધાય છે તે નારી નથી. અંબા છે. અંબા તો ભૂલી જ ગઈ કે એ અંબા છે ! કવિ એને જાણે કે ચેતવે છે કે તું તો અંબા છે, ચૂલે મૂકેલા દૂધના ઊભરાવાથી રઘવાટ કરતી સ્ત્રી નથી. પણ કવિની ચેતવણી જશોદાને કાને પડતી નથી. એ તો 'પય સાચવવા ધાય રે', અને 'પય' સાચવી શકતી નથી. દૂધ તો બે સ્થળે ઊભરાય છે. અંદર ને બહાર. બહાર ઊભરાતા દૂધને બચાવવા જતી સ્ત્રી, માતાની છાતીમાં ઊભરાતા દૂધને, પોતાના ખોળામાં સૂતેલા દૂધને અવગણે છે..'

પ્રેમાનંદના આ પ્રસંગનિરૂપણના નકશીકામને સિતાંશુમાં રહેલી 'માંહ્યલી ધાતુ' (Inner metal)એ બરાબર પકડ્યું છે. સિતાંશુએ એક જગ્યાએ સમજાવ્યું છે કે દરવાજામાંથી દાખલ થાઓ ત્યારે ડિટેક્ટર બરાબર મોટેથી બિપ બિપ કરતું ઝબકારી ઊઠે એવી 'માંહ્યલી મેટલ' હોવી જોઈએ. કોઈ પણ સર્જનવ્યાપાર કે વિવેચનવ્યાપારમાં અહીં સદ્યોધત સંવેદનશીલતાનો અનિવાર્ય સ્વીકાર થયો છે. આ સદ્યોધત સંવેદનશીલતાનો આગ્રહ સિતાંશુ એ કારણે રાખે છે કે વિચારોને લોકો સુધી પહોંચાડવા અને લોકોને વિચાર સુધી પહોંચાડવા આ બેમાં મોટો ભેદ છે, એ સિતાંશુ જાણે છે. આ ભેદ જાણવો પણ એટલા માટે જરૂરી છે કે 'કલાના આકારમાં 'laconic'મધ્યાવકાશ' રહ્યો છે. એનો કવિ અને વિવેચક બંનેએ હંમેશાં આદર કરવાનો છે.

આ રીતે જોઈએ તો સિતાંશુમાં રહેલો કવિ અને સિતાંશુમાં રહેલો વિવેચક એક પ્રકારનું સહઅસ્તિત્વ Symbiosis ધરાવે છે. *'अस्माः सर्गविद्यौ'*માં ચિત્રકાર પોલ કલી



(Paul Klee)ના ૧૯૨૫માં અપાયેલા વ્યાખ્યાન 'On modern Art'માં એક જગ્યાએ વિધાન આવે છે કે કલાકાર પોતાના એ દર્શનને પોતાના કાર્યમાં ઢાળે છે - He moulds his vision into his words)ને સિતાંશુ લાગલું આ વિધાન પોતાના સર્જનવિવેચનની સમજના પ્રકાશમાં અજવાળે છે. કહે છે : 'ઢાળે છે' ક્રિયાપદ ચૂકી જવાય તો બધું ચૂકી જવાય. ક્રિયાપદ છે 'ઢાળે છે (moulds)' દર્શનથી વર્ણન સુધી જવું એ કોઈ યંત્રવત્ જવાની વાત નથી. દર્શનને ફરી પાછું ઢાળવું, મોલ્ડ કરવું, પલટવું. એ કાર્ય કર્યા વિના his work થયું ન કહેવાય. *'दर्शनात् वर्णनात् च'*નો પુરાણો રાગ પણ અહીં સિતાશુમાં નવો રાગ આલાપે છે. કલામાં અને તેથી સાહિત્યમાં 'ઢાળે છે'નો સંદર્ભ સર્જક અને વિવેચકની સમસ્ત ચેતનાની સંડોવણીનો સંકેત કરે છે. સિતાંશુને સાહિત્યલેખન અને સાહિત્યવાચનમાં આ સમસ્ત શબ્દચેતનાની ક્રિયાશીલતા અભિપ્રેત છે.

આથી જ સિતાંશુએ કવિ અને વિવેચક તરીકે વસ્તુનિષ્ઠ પ્રકાશ અને ચિત્તનિષ્ઠ પ્રકાશની સાથે ભર્તૃહરિના શબ્દાખ્ય પ્રકાશનો જ આદર કર્યો છે.

❑

## સાભાર સ્વીકાર

(૧૯) હાર્મોનિયમ-વાદન : હસુ યાજ્ઞિક, ત્રીજી-૨૦૧૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૮+૮૦, રૂ.૨૬૦/- (૨૦) આયુર્વેદોપચાર : ડૉ. બકુલરાય મહેતા, ૨૦૧૬ ગૂર્જર પ્રકાશન, અમદાવાદ. ૧૬+૨૧૨, રૂ.૨૦૦/- (૨૧) એથ્લેટિક્સ ખેલકૂદ : ડૉ. જી.ટી. સરવૈયા, ૨૦૧૫, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, ૪+૨૦૮, રૂ. ૨૦૦/- (૨૨) શબ્દયાત્રા : સંપા. શ્રદ્ધા ત્રિવેદી, ૨૦૧૬, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૨૨૪, રૂ. ૨૦૦/- (૨૩) અવેકન The Glant વિધિન : અનુ. ખ્યાતિ ખારોડ, ૨૦૧૬, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૬૩૨, રૂ.૪૯૯/- (૨૪) દીવેદીવેદેવ : ચંદ્રકાન્ત શેઠ, ૨૦૧૫, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ,પૃ. ૧૬૮, રૂ. ૧૫૦/-

## વક્તવ્ય

# કવિતા : કાળાતીત ક્ષણો

■ કમલ વોરા ■

મિત્રો, ગઈ કાલે બે ઉત્તમ ભારતીય કવિઓ ડૉ. વિશ્વનાથ પ્રસાદ તિવારીજી અને ડૉ. ચંદ્રશેખર કંબારના હસ્તે સુપ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક ડૉ. જયંત નારલીકરની ઉપસ્થિતિમાં ૨૦૧૬નું ગુજરાતી ભાષાનું સાહિત્ય અકાદમી પારિતોષિક સ્વીકારતાં હું અત્યંત નમ્રતાની લાગણી અનુભવું છું. કોઈ પણ કવિ એને મળતા પારિતોષિકનો પૂરેપૂરો હકદાર ન હોઈ શકે. એ લખે છે તે ભાષા સદીઓથી અનેક પેઢીના લોકો દ્વારા બોલાઈ છે, એની કવિતાએ અનેક ભાષાઓની કવિતાઓમાંથી પોષણ મેળવ્યું હોય છે. ભાષા કોઈ પણ વ્યક્તિની પૂર્વે અને પશ્ચાત્ પણ છે, એના કરતાં વડેરી છે; ખરેખર તો સર્વોપરી છે. અને એટલે આ પારિતોષિક પર માત્ર મારા એકલાનો દાવો હું ન કરી શકું. આ એ સહુનું છે જે ગુજરાતી ભાષા બોલે છે. મારો આનંદ એ છે કે આ નિમિત્તે ગુજરાતી કવિતા તરફ કદાચ ફરી ધ્યાન વળે છે. હું સાહિત્ય અકાદમી, એની નિષ્પક્ષ ચયનપ્રક્રિયા અને સન્માનનીય નિર્ણાયકોનો આભારી છું. કોઈ પણ કવિ પદ, પ્રાપ્તિ કે પ્રતિષ્ઠા માટે ક્યારેય નથી લખતો; લખતાં લખતાં જે ક્ષણે એને લાગે કે એની કવિતાનો ***શબ્દ, બ્રહ્મ***ની નિકટ છે તે ક્ષણની સરખામણીએ એ બધાની ક્ષુલ્લકતા એ સુપેરે જાણે છે. કવિનું લક્ષ્ય હંમેશાં કાવ્યાત્મક સત્યની પ્રાપ્તિનું હોય છે જે ઘણુંખરું જાગતિક સત્ય કરતાં સદંતર જુદું હોય છે. કવિતા લખતી વેળાએ મારી નિસબત શબ્દ સાથે હોય છે અને નહીં કે માણસ સાથે.

મારું કાવ્યાત્મક સત્ય શું છે તે આપ વિદ્વાન શ્રોતાઓને મને અપાયેલી સમય-મર્યાદામાં રહીને હું કહેવા ઇચ્છું છું.

હું કોઈ આંતરિક શોધ માટે કવિતા નથી લખતો પણ જાતનો કાવ્યાત્મક સત્ય સાથે સામનો ઇચ્છું છું. સ્થળ-કાળમાં વેરાઈ રહેલા મને, આવા મુકાબલાઓ દ્વારા સમેટીને હું વિશુદ્ધ કવિતાની સન્મુખ કરું છું. દ્વંદ્વમુક્ત, નરી એકલતાની એ અનુભૂતિ છે. એકલતાની આ ક્ષણો, એની અવધિ દરમ્યાન, ઈતર તમામ પ્રલોભનો અને પ્રયોજનોને અળગાં રાખી કવિતાના નર્યા અને વિશુદ્ધ રૂપને આકારવા મથે છે. કવિતાનું સત્ય ઉજાગર કરાવતી અ-ક્ષણતાની આ વિશિષ્ટ અનુભૂતિનો આહ્લાદ અ-પૂર્વ અને કાળાતીત હોય છે.

જીવન આ એકલતામાં ખલેલ પહોંચાડે છે, કવિતા એનો આકાર રચે છે, ઘૂંટે છે. જીવન આ એકલતાને વારંવાર ભુલાવી દે છે, કવિતા એનું સ્મરણ કરાવી ફરી એ



આહ્લાદ સાથે જોડી આપે છે. પશ્ચિમની હતાશ અને અર્થશૂન્ય કરી દેતી વિખૂટા પડી ગયાની લાગણી કરતાં આ એકલતા જુદી છે અને પૂર્ણતાનો ઉત્સવ કરનારી છે. આ ક્ષણભંગુર આહ્લાદ, આ ક્ષણપૂરતું અદ્વૈત – આટલું જ મારી કવિતા પાસેથી હું ચાહું છું.

દરેક વ્યક્તિનું પોતાનું આગવું વાસ્તવ હોય છે. સ્થળ-કાળ પર એ અવલંબિત હોય છે. આ વાસ્તવ પર અન્ય સ્થળ, અન્ય કાળ અને સ્થળ-કાળાતીતતાની પણ અસર પડતી હોય છે. ભાષા અને સંસ્કારનો એક અસ્ખલિત પ્રવાહ એમાંથી નિરંતર પસાર થતો હોય છે. આ બધું મનુષ્યના વાસ્તવને રચતું હોય છે. આ વાસ્તવથી હું વિચ્છેદ નથી ઇચ્છતો; પણ મારા પ્રયત્નો હોય છે કે આ વાસ્તવ મારી સંવેદના અને ચૈતસિક સંકુલતામાંથી પસાર થઈ, રૂપાંતર પામી એક સ્વયં-પર્યાપ્ત વાસ્તવ રૂપે પ્રગટ થાય અને તે હોય છે મારી કવિતાનું વાસ્તવ. કવિતા અને જીવનને કોઈ સંબંધ હોય તો તે આટલો.

બન્ને વાસ્તવોનાં રૂપ-રંગ-આકાર, નિયમો નોખાં હોય છે. વાસ્તવમાંથી પ્રગટ થઈ, એની પાર જઈ અને પર થઈ એ જ વાસ્તવને તાકી રહેતું વૈકલ્પિક વાસ્તવ ક્ષણભંગુર અને આભાસી હોવા છતાં હોય છે તે દરમ્યાન આપણે શ્વાસ લઈએ છીએ તે વિશ્વ જેટલું જ સાચું હોય છે. મારી કવિતામાં આ બે વાસ્તવના સંબંધને હું સહેતુક અને સભાનતાપૂર્વક ભૂંસતો હોઉં છું. એમ કરતાં એ સંબંધ હું ભૂલતો પણ હોઉં છું. પછી રહે છે માત્ર કવિતા, શુદ્ધ થવા મથતી કવિતા.

હું જાણું છું કે કવિતા એ જીવનના દરવાજા ઉઘાડી દેતી કોઈ જાદુઈ કૂંચી નથી. એ તો માત્ર ક્ષણભંગુર આહ્લાદ આપી શકે અને છતાં મારી નિરંતર મથામણનું ચાલકબળ એ જ સુંદર એકલતા છે જે મને ફરી ફરી કાવ્યના સત્ય તરફ પ્રેરિત કરે છે.

કવિતાની એક ગતિ અનુભૂતિથી અભિવ્યક્તિ તરફની છે. એવી કવિતાઓમાં કવિના સ્થળ-કાળને સહેલાઈથી ઓળખી શકાય છે. આ કવિતાઓમાં પ્રવેશ સરળ હોય છે અને પરિવેશ પરિચિત હોય છે. આવી કવિતાઓ આપણને સાચા કે કલ્પિત અનુભવો યાદ કરાવી આપે છે, એની સાથે જોડી આપે છે.

બીજો માર્ગ ભાષા-આલેખન દ્વારા અનુભૂતિ રચવાનો છે. એમાં પરિચિત અને અનુભૂત સંદર્ભોને અળગા રાખી શકાય છે. આ પ્રકારની કવિતામાં છલનાત્મક સરળતા હોય છે, એની ભાષા અસંદિગ્ધ, હળવી અને પારદર્શક હોય છે. એ છતું કરે તેના કરતાં વધુ ગોપિત રાખે છે, કહે છે તેનાથી વધુ સૂચવે છે.

મારો એમ કહેવાનો આશય નથી કે કોઈ એક પ્રકાર અન્ય કરતાં ઉચ્ચતર છે પણ મારું માનવું છે કે મારી કવિતા પૂર્વે હતું તેની શોધ નથી પરંતુ પૂર્વે નહોતું તેનું સર્જન છે. હું એવી કવિતાઓ લખવાનું પસંદ કરું છું જે મને ઊઘડતાં જતાં વિશ્વો ભણી લઈ જાય છે.

મારી સર્જન-પ્રક્રિયાને વર્ણવવું સહેલું નથી. એનું આરંભ-બિંદુ અનેક સ્થળ-કાળમાં એકસામટું રહેલું હોય છે. હું રૂપક-પ્રતીક, મીથ, બાહ્યલય, વારસાગત મળેલ સત્યો આદિનાં અવલંબન અળગાં રાખીને કવિતા લખું છું. અલબત્ત આ ***'વૃદ્ધશતક'*** માટે સાચું નથી.

મને આધુનિક અને અનુ-આધુનિક જેવા વર્ગીકરણમાં પણ રસ નથી પડતો. મારા મતે કવિતા લખાઈ ગયા પછી આ બધું પ્રવેશતું હોય છે. દરેક કવિ, એનાં સ્થળ-કાળનું પ્રતિબિંબ હોય છે; કોઈ પણ કવિતામાં એનું સીધું પ્રતિનિધિત્વ કરવું કવિ માટે અનિવાર્ય નથી હોતું. કવિતા ક્યારેય કોઈ પણ પ્રકારની આપખુદીને સાંખે નહીં. હું આવી તમામ નિસ્બતોથી મુક્ત રહી કવિતા લખું છું.

કેવો સુંદર વિરોધાભાસ ! કવિતાની કોઈ ઉપયોગિતા નથી અને છતાં જ્યાં સુધી એક પણ જણ કવિતા લખે છે કે એક પણ જણ કવિતા વાંચે છે, એક આશા છે. આ આશા જ કવિતાને અનિવાર્ય બનાવે છે.

કોરા કાગળ કાવ્ય-ગુચ્છનો એક અંશ વાંચું છું :

*'કોરા કાગળથી હળવું*
*પારદર્શક*
*પવિત્ર*
*સાચું*
*સુંદર....*
*કશું નથી'*

એવો કોરો કાગળ મેળવવા કવિ શું કરે છે ? એ એક વધુ કવિતા લખે છે.

---

સાહિત્ય અકાદમી ૨૦૧૬નું પારિતોષિક સ્વીકારતાં, દિલ્હીમાં ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ આઠેક મિનિટની સમયમર્યાદામાં રહીને મૂળ અંગ્રેજીમાં અપાયેલું વક્તવ્ય.

❑

(૨૫) સુખને એક ચાન્સ આપો : ભાવાનુવાદ-હર્ષદ પંડ્યા, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ.૧૧૯, રૂ.૯૯/- (૨૬) Fitness ગીતા : અનુ. ચિરંતના ભટ્ટ, પુનર્મુદ્રણ, ૨૦૧૬, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૩૬૮, રૂ.૨૫૦/- (૨૭) હમ હોંગે કામયાબ : અનુ. કેશુભાઈ દેસાઈ, પુનર્મુદ્રણ : ૨૦૧૬, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૧૧, રૂ. ૧૧૦/- (૨૮) ગુજરાતી સાહિત્યની પ્રશ્નોત્તરી : સંપા. ગુરુદેવ પ્રજાપતિ, ૨૦૧૬, સાહિત્ય સંગમ, સુરત, પૃ. ૮૮, રૂ.૭૦/-



## પ્રસ્તાવના

# લોકગીતાસ્વાદને શતાબ્દી તિલક

■ નરોત્તમ પલાણ ■

લોકગીત વિશે ઘણા ભ્રામક ખ્યાલો પ્રવર્તે છે. 'લોકગીત' નથી વ્યક્તિવિશેષની રચના કે નથી ચારણીસાહિત્ય - 'લોકગીત' જિવાતા જીવનપ્રવાહમાં સ્વયં આકાર પામતું તથા સ્થળકાળ મુજબ વિષયવસ્તુ ફેરવતું રહેલું બહુરૂપી ગીતસ્વરૂપ છે. રાજપૂતયુગની રચના સલ્તનત, મોઘલ, મરાઠા અને બ્રિટિશયુગમાં બાહ્યાંતર ફરી છે. વર્ણમાંથી જ્ઞાતિ અને ગોળ જન્મ્યા તો લોકગીત પણ તે મુજબ ફર્યું છે. પગપાળા, ઘોડા ઉપર કે ગાડામાં ગતિ કરતો લય, સમય જતાં ટિનટિન સાઇકલ કે ભોં-ભોં કરતી મોટર પર આરૂઢ થયો છે. માનવી જે અનુભવે છે તે સીધેસીધું તેના લાંબા-ટૂંકા ઢાળને જન્માવે છે. દુઃખનો લ્હેકો લાંબો અને સુખના ઠેકડા ટૂંકા હોય છે. લોકગીતમાં 'લય' પહેરાવેલો નથી, 'લય' જ એનાં હાડમાંસ-લોહીત્વચા છે !

પ્રત્યેક ભાષામાં લોકગીત છે. આપણે ત્યાં છેક ૧૮૭૦થી તેના સંચયો થવા લાગ્યા છે. આ પરંપરામાં કાંટાવાળાબંધુઓનું 'સાહિત્ય' –(૧૯૧૩-૧૯૩૩) ૧૯૧૭થી પ્રાણભાઈ દેસાઈ દ્વારા લોકગીતના આસ્વાદની શ્રેણી શરૂ કરે છે. આ દૃષ્ટિએ હર્ષદ ત્રિવેદીના આ 'કંકુચોખા' લોકગીતાસ્વાદને શતાબ્દીનું તિલક છે.

*

કાવ્યસેવન અને કાવ્યાસ્વાદથી પરિપક્વ બનેલા હર્ષદ ત્રિવેદીએ ભલે ગામડાના એના કુદરતી વાતાવરણમાં ગવાતાં લોકગીતો ન સાંભળ્યાં હોય, એણે દીના પાઠક અને હેમુ ગઢવી જેવાં લોકગીતોના ઢાળને પચાવી ગયેલાં ગાયકોના કંઠે આ ગીતો સાંભળ્યાં છે અને સૂર તથા શબ્દના મર્મ સુધી પહોંચીને આસ્વાદો કરાવ્યા છે. હર્ષદ ક્યારેક નવા અર્થો આપે છે અને લોકગીતની વાસ્તવિકતા તેમજ પ્રસ્તુતતાને વધારે છે.

'લવિંગ લાકડી' એટલે પુરુષ અને 'ફૂલના દડુલિયા' એટલે સ્ત્રી - આવા અર્થઘટનનું રામ-સીતાની વડછડનું ગીત, હર્ષદના હાથે અહીં થોડા શિષ્ટ અર્થમાં ખૂલે છે. 'લવિંગ' સાથે 'તીખાશ'નો સંબંધ છે તે ગ્રહણ કરીને હર્ષદ કહે છે કે - 'લવિંગ કેરી લાકડી' એટલે 'તીખા બોલ' અને આમ આખું ગીત જરા જુદી માવજતથી ચર્ચાય છે.

'હો રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ જો' અને 'સાંભળ રે મારી સજની નાર' વગેરે ગીતો જુદા જુદા પ્રદેશોમાં તથા કોમોમાં જુદા જુદા શબ્દો અને સંકેતો સાથે ગવાય

છે. ક્યાંક નરસિંહ-દયારામના નામે બોલાતી રચના શ્રીકૃષ્ણ બીજી સખી સાથે રાસ રમી આવ્યા તેની સીધી વાત મૂકે છે. વન-વિસ્તારમાં વસતા યૌવનનું આ એક સહજ લક્ષણ છે. નિઃશંક, મુક્ત અને તંદુરસ્ત છે. હર્ષદ પોતાની રીતે એને ચર્ચે છે અને યોગ્ય રીતે જ 'સૌથી આકર્ષક તો લય' હોવાનું નોંધે છે. વસ્તુ અને લય - ઉભયમાં પશુપાલક જીવનની મોકળાશનો અનુભવ પણ આપણે કરી શકીએ છીએ.

ઈ.સ. ૧૮૦૦માં જીવાજી ઠાકોર મોરબીની ગાદીએ આવ્યા એટલે 'મોરબીની વાણિયણ' અર્વાચીનયુગના આરંભની રચના છે. મોરબીમાં જ ૧૭૫૦ આસપાસ દેવળદે કોટવાળણ અને રવોજી ઠાકોરનું આવું જ કથાનક ભજનવાણીમાં ગવાય છે. વિચારવાનું એ છે કે આ ઈતિહાસ છે કે આમ જ 'મામી-ભાણેજ' જેવું લોકમાનસનું નિરીક્ષણ છે ? પૌરાણિક કાળમાં ઉર્વશી પાછળ વિક્રમાદિત્ય એમ અપ્સરા પાછળ રાજા હતો, મધ્યકાળમાં જસમા ઓડણ - પાછળ સિદ્ધરાજ, હોથલ પાછળ ઓઢો જામ, ભીલસુંદરી પાછળ દેગમરાજા, 'જવલ સોનારણ' તથા 'મેનાગુર્જરી' આવી કથાઓ છે. રાજાની ઑફરને ઠુકરાવતી 'મારે વનવગડે છે ભલો' એમ કહેતી 'ભવાઈવેશ'ની પેલી ભીલસુંદરીની સહોદર હોય તેમ મોરબીની વાણિયણ 'મારી ઈંઢોણીએ તારા ઘોડા થશે ડૂલ' એવી ધમકી સાથે પોતે જે છે તેની ખુદ્દારી વ્યક્ત કરે છે ! હર્ષદ ઉદ્ગારે છે તેમ આ નારીગૌરવનું ગીત છે.

આમ જુઓ તો, લોકગીત નારીની જિંદગીનો ખુલ્લો ચિતાર છે. ક્યાંક પતિની અતિશયતાથી તો ક્યાંક સાસરિયાંના ત્રાસથી કે ગામમાં જ સાસરિયું અને પિયરિયું ધરાવતી સ્ત્રીની કરુણકથા લોકગીતોનો મુખ્ય વિસ્તાર છે. ક્યાંક પરણ્યાનો પોરહ છે તો ક્યાંક પહેલી રાતની આકળવિકળ સ્થિતિનું ડોલરિયું ગાન છે. ભાઈની રાહ ભાળતી બહેન, દાદાને વિનવણી કરતી દીકરી કે જ્યાંત્યાં પરણાવી દેતાં મોટાઈભૂખ્યા માબાપને 'ભવોભવનો અંધાપો ભોગવજો'- એવો શાપ દેતી દીકરી ! સ્ત્રી, સ્ત્રી અને સ્ત્રી - લોકગીત જાણે સ્ત્રીની ફેવર કરતો વકીલ છે ! લોકગીતે કુંભાર, સુથાર, લુહાર, સોની - સહુ કોઈને સ્ત્રીના પક્ષમાં ઊભા રાખી દીધા છે. 'કંકુચોખા'માંથી પસાર થતાં એમ લાગે છે કે યુગયુગથી સ્ત્રીને ખોલવાનું કામ જાણે લોકગીત કરતું આવ્યું છે ! આ છે લોકગીતના આસ્વાદની મહત્તા અને લોકગીત સદૈવ જીવંત હોવાની પ્રતીતિ.

લોકગીત અનુભવજન્ય વાસ્તવિકતાને આરાધે છે. રામાયણ-મહાભારતના અતિ નિરૂપણો કે અતાર્કિક પ્રસંગો લોકગીતને પચ્યાં નથી. તેણે પોતાની રીતે પોતાનું દર્શન રજૂ કર્યું છે. દશરથના રથના પૈડામાં ખીલો નાખવાનું રહી ગયું તે સુથારની ભૂલનું પરિણામ રામાયણ છે. વાલ્મીકિએ આ ભૂલથી થનાર પ્રથમ હાનિને અટકાવવા માટે રાણી પોતાનો અંગૂઠો નાખીને રથને બચાવે એવી, ગળે ન ઊતરે એવી અવાસ્તવિકતાનું આલેખન કરી દીધું છે. હવે લોકગીતનું નિરૂપણ જુઓ, દશરથનો અંગૂઠો પાક્યો, લબકારાની પીડા અસહ્ય બની રહી હતી ત્યાં રાણીએ દશરથનો અંગૂઠો પોતાના મોઢામાં લઈને એના પાસને ચૂસી લીધું - આ ઉપકારના કારણે રાણી દશરથના વરદાનને પામી ! આ છે લોકગીત ! સંસ્કૃતમાં 'શ્રી વિહીનમ્ નરા મૃતમ્' છે, ત્યાં લોકગીત 'સ્ત્રી'



શબ્દ મૂકીને પુરુષના જીવનની વાસ્તવિકતા રજૂ કરે છે. લોકગીતમાં બુદ્ધિ કે તર્કની ભેળસેળ નથી, તે સીધી જ મનુષ્યમનની સેડકઢી ધારા છે !

*

'કંકુચોખા'માં જે લોકગીતો મૂકવામાં આવ્યાં છે, તેમાં ક્યાંક પાઠાન્તરના પ્રશ્નો છે : મૂળમાં 'કાઠનાં કમાડ' છે, ત્યાં કાચનાં કમાડ કોણે કર્યાં હશે ? ગોપી શ્રીકૃષ્ણને ઘડો ચડાવવા વિનવે તેમાં નિર્વીર્યપતિને પામેલી લોકનારીની લાચારી છે. અહીં 'ભક્તિ'નો સંકેત અને તે પણ છેક લોકવરણ સુધી - ઘણું અર્વાચીન ઉમેરણ લાગે છે. આ અને આવા મુદ્દાઓનો વિચાર લોકગીતોની પારદર્શકતાને વધારનારો બની રહે.

નિરંજન ભગતે જેને કૂવાના કાંઠડે દીધી હતી તેની ઓઢણીની આખી ભાતને ઉકેલવા હર્ષદ અહીં મથ્યા છે. હર્ષદ હળવે હાથે કામ લે છે. તેને ક્યાંય ઉતાવળ, અસ્વસ્થતા કે અસ્પષ્ટતા નથી. લોકગીતની ગરિમા અને ગેયતા – બન્નેને આત્મસાત્ કરીને તે હસ્તઆમલકવત્ આપણને દર્શાવી આપે છે. માંડીને વાત કરતા હર્ષદનું ગદ્ય, અહીં એક નવી પ્રૌઢીને પામ્યું છે.

લોકગીતાસ્વાદના આ શતાબ્દી અવસરે ભાઈ હર્ષદ ત્રિવેદી દ્વારા સાવ સ્વતંત્ર એવો કદાચ પહેલો જ લોકગીતાસ્વાદનો સંગ્રહ મળે તે લોકગીતાસ્વાદને શતાબ્દીનું તિલક છે. નિઃશંક, કવિ હર્ષદ ત્રિવેદીના રસસંવિત્નું આ એક આસ્વાદ્ય બિન્દુ છે.*

---

કવિશ્રી હર્ષદ ત્રિવેદીના ગુજરાતનાં લોકગીતોના આસ્વાદ-સંગ્રહ 'કંકુચોખા'ની પ્રસ્તાવના.

❑

## સાભાર સ્વીકાર

(૨૯) પ્રચેતક્ષ : ડૉ. અરુણ કક્કડ, ૨૦૧૫, રૉયલ બુક કંપની, રાજકોટ, પૃ. ૨૭૨, રૂ. ૨૭૫/- (૩૦) અવતરણ : સંપા. રમણ સોની, ૨૦૧૬, પ્રત્યક્ષ પ્રકાશન વડોદરા, પૃ. ૧૧૨, રૂ. ૮૦/- (૩૧) બૉર્નિયો ટાપુના નરમુંડ શિકારીઓ : ત્ર્યબંક પંડ્યા, ૨૦૧૫, અશોક પ્રકાશન અમદાવાદ, પૃ. ૮+૧૨૮, રૂ. ૧૫૦/- (૩૨) અંતરનો ઉજાસ : ડૉ. નવીન ધામેચ, ૨૦૧૩, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨૮, રૂ.૧૨૫/- (૩૩) જીવનનું આભુષણ : ડૉ. નવીન ધામેચા, ૨૦૧૬, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨૮, રૂ.૧૨૫/- (૩૪) સ્પર્શ : અમિત મહેતા, ૨૦૧૫, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૭૪, રૂ. ૧૬૦/-

વિવેચન

# ૨૧મી સદીમાં પાશ્ચાત્ય વિવેચનના પ્રવાહો

■ હર્ષવદન ત્રિવેદી ■

વીસમી સદીમાં થિયરી : ચાર્ટ

૧૯૪૦-૬૦ - નવ્ય વિવેચન, સ્વરૂપવાદ, સંરચનાવાદ

૧૯૭૦-૮૦ - ઉત્તર સંરચનાવાદ

૧૯૯૦-૨૦૦૦ - નવ્ય ઇતિહાસવાદ, ઉત્તર ઉપનિવેશવાદ, સાંસ્કૃતિક અધ્યયનો

૨૧મી સદી - અંકીય માનવિકી તથા 'સ્ટડીઝ' તરીકે ઓળખાતા વિચારો

થોડા દાયકાઓ અગાઉ પશ્ચિમના અને આપણા યુનિવર્સિટીઓના ભાષા-સાહિત્ય વિભાગોમાં 'થિયરી'નાં અધ્યયન-અધ્યાપનનો પ્રારંભ થયો. આ થિઅરી તત્કાલીન ફ્રેન્ચ ફિલસૂફી પર આધારિત હતી. ધીમે ધીમે આ થિયરીઓએ કેનન-Canonનું સ્થાન મેળવી લીધું. પહેલાં તો સાહિત્યવિવેચન - Literary criticismના નામે ઓળખાતી પ્રવૃત્તિની બોલબાલા હતી. તેના ઘટકો તેમજ પદ્ધતિ પણ સ્પષ્ટ હતાં. પણ થિયરીના આગમન બાદ વિવેચનના અભિગમોમાં ઉછાળો આવ્યો. સંરચનાવાદ, ઉત્તર સંરચનાવાદ, વિરચન એ તો બરાબર પણ એ પછી નારીવાદ, queer theory, ઉત્તર ઉપનિવેશવાદ કે નવીન ઇતિહાસવાદ જેવા અનેક નવા અભિગમોનો પણ ઉદય થયો.

ડિજિટલ ટેક્નૉલોજી અને વૈશ્વિકીકરણના યુગમાં અંકીય માનવિકી (digital humanities), દૂરવર્તી વાચન (distant reading)[૧] કે પશુઅધ્યયન (animal studies)[૨] જેવા અભિગમો હાલ ૨૧મી સદીમાં ચર્ચાઈ રહ્યા છે.

આ સઘળી નવી વિવેચનાત્મક પ્રવૃત્તિ છેવટે તો 'થિયરી' તરીકે જ ઓળખાય છે. આમાં હવે નવાં સામાજિક અને આર્થિક પરિમાણો પણ ભળ્યાં છે.

નોંધપાત્ર બાબત એ છે કે એકવીસમી સદીના પ્રારંભે પણ થિયરીનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે. વીસમી સદીના અંતભાગમાં થિયરીનો મૃત્યુઘંટ વગાડવા કેટલાક લોકો ઉતાવળા બન્યા હતા. વિવેચનના અંત કે થિયરીના મૃત્યુઘંટની ચર્ચા શરૂ થઈ હતી. આવી કાળવાણી ઉચ્ચારતાં શીર્ષકો ધરાવતાં પુસ્તકોનો રાફડો ફાટ્યો હતો, જેમ કે, Valentine Cunninghamનું 'Reading After Theory, (2002) Terry Eagletonનું 'After Theory (2010).

પણ હકીકત એ છે કે થિયરી આજે પણ આપણી વિવેચનાત્મક પ્રવૃત્તિના કેન્દ્રમાં



છે. વિખ્યાત વિવેચક વિન્સેન્ટ લિચ (Vincent Leitch) તેમના પુસ્તક Literary Criticism in the 21st Century, Theory Renaissance (2014)માં આને જ theory re-naissance કહે છે. (પુનર્જન્મ, પુનરોદય કે નવો અવતાર, ફ્રેન્ચમાં naissance એટલે જન્મ, Re એટલે પુનઃ કે ફરી એવો અર્થ જાણીતો જ છે.) થિયરીના પ્રથમ અવતારમાં રોલાં બાર્ત, ઝાક દેરિદા, મિશેલ, ફૂકો, ઝાક લાર્કા, કલોદ લેવી સ્ટ્રોસ વગેરેના વિચારોનું પ્રભુત્વ હતું. આજે પણ તેઓ ભુલાયા નથી. તેમની જીવનકથાઓ બહાર પડી રહી છે. દેરિદાની વાત કરીએ તો તેમણે ચાલીસેક વર્ષની શૈક્ષણિક કારકિર્દીમાં આપેલાં વ્યાખ્યાનોનું ફ્રેન્ચમાં સંપાદન થઈ રહ્યું છે અને તેના અંગ્રેજી અનુવાદનું કામ પણ ચાલી રહ્યું છે. દેરિદાનાં લખાણોની ગ્રંથાવલિમાં લગભગ ૪૦-૪૩ ગ્રંથો બહાર પાડવાની યોજના છે.

આ પુસ્તકમાં થિયરીની માનવવિદ્યાઓમાં ત્રિકાળદર્શી, ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળની સમીક્ષા કરાઈ છે. (Leitch) યુનિવર્સિટી ઑફ ઓકલાહામાના અંગ્રેજીના પ્રોફેસર છે. તેઓ આધુનિક થિયરીના એક ઊંડા અભ્યાસી અને સજાગ નિરીક્ષક છે. આધુનિક થિયરીના નિષ્ણાતોમાં તેમનું મોખરાનું સ્થાન છે. Notron Anthology of Theory and Criticism 2002 જેવા બૃહદકાવ્ય અને સાહિત્યવિવેચનના અભ્યાસીઓ માટે અનિવાર્ય ગણાતા ગ્રંથના તેઓ મુખ્ય સંપાદક પણ છે.

૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાઓમાં વિવિધ થિયરીઓ વચ્ચે માનવવિદ્યાઓમાં પોતાનો દબદબો સ્થાપવા માટે જે 'ગૅંગવૉર' આવી એ પછી વીસમી સદીના અંતમાં એ જુસ્સો જાણે કે ઠંડો પડી ગયો હતો. આ કારણે ઘણાંને એવું લાગ્યું કે હવે થિયરીનાં વળતાં પાણી થઈ ગયાં છે. કેટલાકે તો Post-theory (સિદ્ધાન્તની ઉત્તરક્રિયા)ની સ્થિતિ પણ કલ્પી લીધી. કેટલાકે After Theory જેવું પુસ્તક લખીને પતન બાદની સ્થિતિનો તાગ મેળવવાની કોશિશ કરી.

થિયરીનો મૃત્યુઘંટ વાગી ગયો છે, કે વિવેચનનો અંત હવે હાથવેંતમાં છે એવા વિચારોની સામે તેમણે થિયરી હજી તો એકદમ સાજીનરવી કે રાતી રાણ જેવી છે એવું જણાવ્યું છે. માનવવિદ્યાઓ હજુ દાયકાઓ સુધી તેનું શાસન ચાલુ રહેવાનું છે એવી તેમની દલીલ છે.

લિચની મહત્ત્વની દલીલ એવી છે કે, હાલનું જે ઉત્તરઆધુનિક વૈશ્વિકીકૃત જગત છે તેને સમજવા કે તેની સાથે સંવાદ સ્થાપવા માટે પણ થિયરીની જરૂર છે. Theory is a way to engage the Postmodern globalized world. લિચનું તારણ એવું છે કે થિયરીનું ભવિષ્ય ઉજ્જવળ છે. Living with Theory પુસ્તકમાં તેમણે આવું તારણ આપ્યું છે.

તેમના કહેવા પ્રમાણે એકવીસમી સદીના આરંભિક દાયકાઓમાં ઉત્તર આધુનિક ઉપભોગતા સમાજમાં થિયરીના[૩] ક્ષેત્રે નવા વિચારોનો એટલો મોટો ઘટાટોપ સર્જાયો છે

કે આ આખુંય ક્ષેત્ર અત્યંત સંકુલ અને ખીચોખીચ બની ગયું છે. એમાં વિહરવા માટે ભોમિયાઓ-ગાઇડો અને નકશાઓની જરૂર પડશે.

લિચે Criticism in 21st Century પુસ્તકમાં આવો નકશો દોરવાની કોશિશ કરી છે. તેમના મત પ્રમાણે હાલમાં સાહિત્યવિવેચનક્ષેત્રે જે અભિગમો-વિચારો પ્રવર્તે છે તેમને ૧૨ મુખ્ય ટૉપિક્સ ૯૪ પેટાશાખાઓમાં વહેંચી શકાય. એમાંય ૯૪ પેટા-શાખાઓ પૈકીની ૫૦ એવી છે કે તેમની સાથે Studies એવું નામ-noun લાગે છે.

જેમ કે, patronage, subaltern, working-class, debt, object, techno-science, animal, food, postcolonial, border, diaspora, new American, resistance, surveillance and security, body, cyborg, gender, disability, age, leisure, new Southern U.S. Whiteness, indigenous, ethnic, women's, queer, masculinity, sexuality, celebrity, fashion, sport, gam-ing, sound, visual culture, tv, film, periodical, archive, professionalization, canonization, academic labor, literacy, composition, reception, perfor-mance, narrative, trauma, memory અને holocaust વગેરે.

આ ઉપરાંત બીજી ૨૪ શાખાઓમાં Studies એવો ઉલ્લેખ કરાયો નથી. દાખલા તરીકે Media Studiesની ત્રણ પેટાશાખાઓ છે : New media, Social media અને bio history; પણ તેમની સાથે Studies શબ્દ લાગે છે એ સ્પષ્ટ છે. આ પેટાશાખાઓમાં theory એ noun માત્ર બે જ વાર પ્રયોજાયું છે : Cognitive theory અને affect theory.

આમ ૨૧મી સદીના આરંભે વિવેચનની જે સ્થિતિ છે તેનો સરસ નકશો તેમણે દોરી આપ્યો છે.

રશિયન સ્વરૂપવાદ, નવ્ય વિવેચન, મનોવિશ્લેષણ, નારીવાદ, માર્ક્સવાદ, સંરચનાવાદ, ઉત્તરસંરચનાવાદ, queer theory, નવ્ય ઇતિહાસવાદ અને ઉત્તર ઉપનિવેશવાદ વગેરેને વીસમી સદીની ઘટનાઓ કહી શકાય. વીસમી સદીની છેલ્લી ત્રીશીમાં થિયરીનો જે ઉદય થયો તેમાં આ બધા અભિગમોની ભૂમિકા ઘણી મહત્ત્વની હતી. બીજી બાજુ, ૨૧મી સદીના આરંભિક દાયકાઓમાં થિયરીઓનું સ્થાન સ્ટડીઝે (studies) લીધું છે.

૧૯૯૦ પછી અંગ્રેજીભાષી દેશોમાં જે ચિંતકોના વિચારો ચર્ચાવા માંડયા તેમાં જ્યોર્જીઓ આગામ્બોં (Georgio Agemben), સ્લાવોહ ઝીઝેક (Slavoj Zizek), આલાં બાદ્યું (Alain Badiou) અને ઝાક રોન્સિએ (Jacques Ranciere)નો સમાવેશ થાય છે. આ બધા દેરિદા અને ફૂકો પછીની પેઢીના ગણાય છે. આ બધા ફ્રેન્ચ છે.

તેમના પછીના મહત્ત્વના વિવેચકો-ચિંતકોમાં કોન્ટાં મઈઆસ્ (Quentin Meillassoux) છે. ૨૧મી સદીમાં જેમના વિચારોની નોંધ લેવાઈ રહી છે તેમાં Ber-nard Stiegler, Adriana Canarero, Elizabeth Povinelli અને Brian Massumiનો સમાવેશ થાય છે. વીસમી સદીના વિચારો ૨૧મી સદી માટે કેટલા પ્રસ્તુત છે એ બાબતની વિચારણા પણ ઘણા લોકોએ કરી છે. Stieglerએ આધુનિકતા-આધુનિકતાવાદ, કે પોલ વાલેરીના સૌંદર્યવિચાર (aesthetics)ની ચર્ચા કરી છે.



નવ્ય વિવેચનના જમાનામાં કૃતિનાં કાવ્યાત્મક કે સૌંદર્યબોધક પાસાં પર ભાર મુકાયો - insular-શૈલીના વિશ્લેષણને મહત્ત્વ અપાયું. કૃતિમાં કલ્પનોની તરાહો, આર્કિટાઇપની શોધ ચાલી. બાહ્ય સંદર્ભોનો પરિહાર કરાયો કેમ કે તેનાથી અનેક પ્રકારના દોષો જન્મે છે. આની સામે આધુનિક થિયરી-કૃતિના હાંસિયામાં શું કહેવાયું છે, વિરોધાભાસો, સામસામા પ્રવાહો, પ્રતિરોધ જેવી બાબતો તપાસે છે. અગાઉના સમયમાં એકતા, અખંડિતતા, સંતુલન અને સાવયવતા (unity, harmony, balance અને wholeness)નો આગ્રહ હતો, તેની સામે ઉત્તર આધુનિકકાળમાં વિવિધતા, વિચ્છિન્નતા, વિકેન્દ્રિતતા વગેરે પર ભાર મુકાયો છે.

આધુનિકતાવાદ એવું માનતો હતો કે, વાસ્તવને વસ્તુનિષ્ઠા વડે સમજી શકાય છે. જ્યારે ઉત્તર આધુનિકતાવાદ તેનાથી વિપરીતપણે એવું માનતો હતો કે વાસ્તવને વસ્તુનિષ્ઠાપણે સમજી કે વર્ણવી શકાતું નથી. આધુનિકતાવાદના ગાળામાં વિજ્ઞાનના સત્યને જ નિરપેક્ષ સત્ય ગણવામાં આવતું હતું. ઉત્તર આધુનિકતાવાદી વૈજ્ઞાનિક સત્ય અને નિરપેક્ષ સત્યના આ સંબંધને નકારી કાઢ્યો. હવે આપણે વિજ્ઞાનના સત્યને આખરી સત્ય નથી ગણતા. તેમને કામચલાઉ ગણીએ છીએ. દરેક નિયમને અપવાદ હોય છે. એ વાતને આપણે યાદ રાખીએ છીએ. આમ વિજ્ઞાનનું સત્ય આખરી કે કાયમી હોવાનું આપણે આજે માનતા નથી. આમ ઉત્તરઆધુનિકતાવાદ આપણને આપણી તર્કશક્તિની મર્યાદાઓને સમજવામાં મદદ કરે છે.

સંરચનાવાદના પાયામાં સંરચનાનો ખ્યાલ છે અને સંરરચનાના પાયામાં કેન્દ્રનો ખ્યાલ છે. સંરચનાવાદીઓના મતે આ કેન્દ્ર સ્થિર અને નિશ્ચિત હોય છે. ઉત્તરસંરચનાવાદી ઝાક દેરિદા આ માન્યતાને પડકારે છે. કેન્દ્રના ખ્યાલની મુશ્કેલી એક છે કે સંરચનામાં કેન્દ્ર હોવાથી બાકીનો આખો હિસ્સો કોરાણે મુકાઈ જશે અને તેનું મહત્ત્વ ઘટી જશે. આમ તે હાંસિયામાં ધકેલાઈ જશે. જે વસ્તુ હાંસિયામાં ધકેલાઈ જાય છે તેનું દમન થતું હોય છે. દેરિદા આ કારણે પણ કેન્દ્રનો વિરોધ કરે છે. દા.ત. પુરુષપ્રધાન સમાજમાં પુરુષ કેન્દ્રમાં હોવાથી સ્ત્રીઓ હાંસિયામાં ધકેલાઈ જાય છે. એક યહૂદી તરીકે દેરિદા બહુમતી ખ્રિસ્તીઓ વચ્ચે મોટો થયો હતો. આથી હાંસિયામાં ધકેલાઈ જવું એટલે શું તેની તેને બરાબર ખબર હતી. વિરચનમાં દેરિદા કૃતિનું (કૃતિ શબ્દ અહીં અંગ્રેજી ટેક્સ્ટના વિકલ્પે યોજ્યો છે. તેનો અર્થ વ્યાપક છે.) કેન્દ્ર શોધી કાઢીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિચારોને ઉપસાવવાનો પ્રયાસ કરે છે. તે કહે છે કે સમગ્ર પાશ્ચાત્ય પરંપરા કેન્દ્રને પ્રાધાન્ય આપે છે. વાણીને તે કેન્દ્રવર્તી અને કુદરતી ગણે છે. જ્યારે લેખનને તે ગૌણ અને અપ્રાકૃતિક ગણે છે. આ વિચારને દેરિદા શબ્દકેન્દ્રવાદી (લોગોસેન્ટ્રિક) કહે છે.

દેરિદા એક ગુલામ દેશના તિરસ્કૃત અને પ્રતિબંધિત યહૂદી હતા. અભિવ્યક્તિસ્વાતંત્ર્ય ન હોય એવી વ્યક્તિ રૂપકો, ઉપમા વગેરેનો ઉપયોગ કરે એ સહજ છે. દેરિદા જ્યારે કહે છે કે ભાષા વિના ભેદભાવ શક્ય નથી ત્યારે તેના અલ્જીરિયાના અનુભવોના પડઘા તેમાં સંભળાયા વિના રહેતા નથી. આ જ કારણે ભાષાનો પ્રશ્ન તેમના લેખનમાં તીવ્રપણે સંકળાયેલો છે.

ઉત્તરઉપનિવેશવાદ અને નવ્યઇતિહાસવાદ હાલમાં 'સાંસ્કૃતિક અધ્યયન' તરીકે ઓળખાતા અભિગમના બે પ્રવાહો છે. સાંસ્કૃતિક અધ્યયન એ પાઠ કે સંસ્કૃતિ પરત્વેનો એક આંતરવિદ્યાકીય અભિગમ છે. બીજા અભિગમોની તુલનામાં સાંસ્કૃતિક અધ્યયને આજના દબાયેલા, કચડાયેલા કે હાંસિયામાં ધકેલાયેલા લોકો તરફ ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો છે. ઇંગ્લૅન્ડની બર્મિંગહામ સ્કૂલ ઑફ કલ્ચરલ સ્ટડીઝે આ ક્ષેત્રમાં આગળ પડતું કામ કર્યું છે.

ઉત્તરઉપનિવેશવાદ અને નવ્યઇતિહાસવાદ સાંસ્કૃતિક અધ્યયનના જ ફાંટા હોવાથી સહજ રીતે જ તેમને આ દબાયેલા અવાજોમાં રસ છે. નવ્યઇતિહાસવાદ સંજ્ઞા સ્ટીવન ગ્રીનબ્લાટે ઘડી હતી. તેના મતે નવ્યઇતિહાસવાદ એ કોઈ થિયરી નથી પણ એક વિશ્લેષણપદ્ધતિ છે. નવ્યવિવેચને કૃતિના 'સઘન વાચન' પર ભાર મૂક્યો હતો તો નવ્ય ઇતિહાસવાદ સાહિત્યકૃતિનું વાચન તેના ઐતિહાસિક સંદર્ભમાં કરવાનું વલણ ધરાવે. આ પ્રકારના વાચનમાં બિનસાહિત્યિક કૃતિઓને પણ અર્થઘટનપ્રક્રિયાઓમાં સામેલ કરીને જે-તે સમયના સાંસ્કૃતિક વિમર્શોના એ વખતની કૃતિઓ પર પડેલા પ્રભાવોનો નિર્દેશ કરવાનો પ્રયાસ થાય છે.

દૂરવર્તી વાચન : ઇટાલિયન વિદ્વાન ફ્રાન્કો મોરેત્તિએ કૃતિવિશ્લેષણ અંગેના પોતાના રૂઢિભંજક વિચારો અને અદ્યતન ટેક્નૉલોજીના ઉપયોગ દ્વારા વિવેચનજગતને હચમચાવી નાખ્યું છે. મોરેત્તિ એ ઝાક દેરિદા પછીનું મોટું નામ હાલમાં ગણાય છે. સંરચનાવાદ અને ઉત્તરસંરચનાવાદે કૃતિ અને કર્તા અંગેના આપણા પરંપરાગત વિચારોને પડકાર્યા તો મોરેત્તિએ વાચન અંગેના આપણા વિચારોને એક તીવ્ર આંચકો આપ્યો છે. અત્યાર સુધી આપણે માત્ર વૈયક્તિક કૃતિ પર જ ભાર મૂકતા હતા. તેની સામે મોરેત્તિએ દૂરવર્તી વાચન (Distant Reading)ની પદ્ધતિ મૂકી છે. દૂરવર્તી વાચનમાં જે-તે સમયની સેંકડો, હજારો કૃતિઓનો ડેટા તારવીને તેનું વિશ્લેષણ, એ પણ કમ્પ્યૂટર દ્વારા થાય છે. આથી તેનાં તારણો વધુ આધારભૂત રહેવાની શક્યતા છે.

મોરેત્તિના દૂરવર્તી વાચનને અંકીય માનવિકી (digital humanities) સાથે સંબંધ છે. આ અભિગમમાં કૃતિઓના અભ્યાસમાં અને આકલનમાં વિજ્ઞાનની પદ્ધતિઓ અને કમ્પ્યૂટરોનો ઉપયોગ કરવાનો હોય છે. અહીં કૃતિને પ્રેયસી ગણીને તેની સાથે પ્રેમાલાપ કરવાનો નથી કે સરસ્વતીચંદ્ર કે કુમુદસુંદરી કેટલાં સોહામણાં કે સંસ્કારી છે તેની ચર્ચા પણ કરવાની નથી. અહીં કૃતિને ડેટા કે ડેટાબેઝ ગણવાની છે. અહીં કૃતિ



સાથેનો સાક્ષાત્કાર લાઇબ્રેરીમાં નહીં પણ લેબૉરેટરીમાં કરવાનો છે.

ડેવિડ લોજના વિખ્યાત પુસ્તક Language of Fictionની ૨૦૦૨માં નવી આવૃત્તિ બહાર પડી તેની ડેવિડ લોજે નવી પ્રસ્તાવના લખી - તે કહે છે કે, ૧૯૫૦ના દાયકાઓમાં જે વિવેચન થયું હતું તેમાં વિદ્વાનો અને સામાન્ય વાચક બંનેને રસ પડતો હતો. વળી એ જમાનામાં કાવ્યના વિવેચનની તુલનામાં કથાસાહિત્યનું વિવેચન ઊતરતો દરજ્જો ભોગવતું હતું. આ નિરીક્ષણ આજે પણ કેટલાક કિસ્સામાં સાચું પડશે.

લિચે એક રસપ્રદ વાત એ નોંધી છે કે આધુનિકતાવાદના જમાનામાં વિવેચનમાં વસ્તુનિષ્ઠતા (objectivity) અને વૈજ્ઞાનિકતા હાંસલ કરવાનું લક્ષ્ય હતું. વિવેચનમાં વૈજ્ઞાનિકતા અને વસ્તુનિષ્ઠાનો અર્થ બરાબર સમજી ન શકેલા કેટલાક વિવેચકો એ વખતે વિવેચનમાં પોતાની વાત કહેતી વખતે તટસ્થ રહેવા અને દેખાવા અનેક દાખડા કરતા હતા. પોતાની વાતમાં અંગત સ્પર્શ આવી ન જાય એ માટે એટલી સભાનતા દાખવતા કે તેમાંની કૃતકતા અને કૃત્રિમતા તરત જ પકડાઈ જતી હતી.

પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે. વિવેચકો પોતાના લખાણને અંગત સ્પર્શ આપીને તેમાં એક પ્રકારની ઉષ્મા ઉમેરે છે. વળી તે પોતાના અંગત અનુભવોથી માંડીને તત્કાલીન મહત્ત્વના સામાજિક આર્થિક મુદ્દાઓ અંગે કેટલીક અંગત ટિપ્પણીઓ પણ કરે છે. અગાઉ તટસ્થ રહેવાનાં હવાતિયાં એટલી હદે પહોંચ્યાં હતાં કે વિવેચકો જે કર્તા વિશે લખવાનું હોય તેને અંગતપણે સારી રીતે ઓળખતા હોય તોપણ તેના નામથી જેમ કે છગનલાલ કે તેમાં કોઈ અંગત સ્પર્શ આપીને જેમ કે છગનભાઈ એવો ઉલ્લેખ કરવાના બદલે 'વિવેચકે આમ કર્યું', 'વિવેચક સિદ્ધહસ્ત છે' જેવાં વિધાનો કરતા હતા. નવી સદીમાં આ પદ્ધતિનો પરિહાર થવા માંડ્યો છે. વિદ્વાનો તેમના લેખના અંતે જે સંખ્યાબંધ 'અંત-નોંધો' (end notes)માં ટિપ્પણીઓ કરે છે તે પૈકીની ઘણી તો અત્યંત મહત્ત્વની અને રસપ્રદ માહિતી પૂરી પાડતી હોય છે. હાલમાં ગુજરાતીમાં હેમન્ત દવેનાં લખાણો વાંચવાથી આ વાતનો ખ્યાલ આવી જશે.

લિચ આ પ્રકારના અભિગમને અંતરંગ વિવેચન કહે છે (Intimate criticism). intimate - શબ્દ આમ તો શરીરની વાસ્તવિક ગંધને છુપાવવા માટે છંટાતા સેન્ટ કે ડિઓડરન્ટ માટે પ્રયોજાય છે. આ શબ્દ ફિલ્મો કે ટીવી સિરિયલોમાંનાં 'બોલ્ડ' દૃશ્યો માટે પણ પ્રયોજાય છે. જેમ કે, આ ફિલ્મમાં હીરો-હીરોઇન વચ્ચે કેટલાંક intimate scenes છે.

સંરચનાવાદ, ઉત્તરસંરચનાવાદના જમાનામાં પરંપરાગત વિચારોથી સાવ અલગ પ્રકારની વિચારસરણીઓ અસ્તિત્વમાં આવીને આપણી રૂઢ માન્યતાઓને આઘાત આપ્યો હતો. આ પ્રકારના વિચારોમાં લેખકનું મોત, ઈશ્વરનું મોત, આંતરકૃતિત્વ (intertextuality), વિરચન વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારનો મોટો આંચકો એ પછીના સમયગાળામાં આવ્યો ન હતો. આથી ઘણા લોકોને થયું કે હવે થિયરીના

દહાડા પૂરા થયા છે. ટેરી ઈગલ્ટને તો પોતાના પુસ્તકની પ્રસ્તાવના આરંભે જ દમામભેર એવી જાહેરાત પણ કરી દીધી કે, ‘golden age of cultural theory is long past’ (સંસ્કૃતિવિચારનો સુવર્ણ યુગ ક્યારનોય આથમી ચૂક્યો છે).

ઘણાંએ તો આ પરિસ્થિતિના ઇલાજ તરીકે જૂનું એટલું સોનુંનો મહિમા કરીને કૃતિના સઘન અભ્યાસની પદ્ધતિ ફરી અપનાવવાની હિમાયત કરી. થિયરીમાં વિવિધ વિચારધારાઓનો પ્રભાવ ઘણો મજબૂત હોય છે એટલે તેના ઓછાયા હેઠળ સર્વ બાહ્ય સંદર્ભોનો પરિહાર કરીને કૃતિનું નિકટવર્તી વાચન[૪] કરવું અઘરું કે અશક્ય બને તેમ જાણવા છતાં આ વિદ્વાનોએ ‘જૂની પદ્ધતિ’ ફરી અપનાવવાની હિમાયત કરી. જૂની રૂપનિષ્ઠ વિવેચનપદ્ધતિ તરફ પાછા ફરવાની હિમાયતને વિન્સેન્ટ લિચ ઠાલી આશા જ ગણે છે. રૂઢિચુસ્ત વિવેચકોને હંમેશાં આ જૂની પદ્ધતિના મંત્રમાં જ મોક્ષનો માર્ગ જણાયો છે. પણ છેલ્લા પચાસેક વર્ષના ગાળામાં થિયરી સંજ્ઞાથી ઓળખાતી પ્રવૃત્તિમાં વિવેચને જબરદસ્ત કાઠું કાઢ્યું છે. વિભિન્ન વિદ્યાશાખાઓ સાથેના સંવાદના કારણે વિવિધ અભિગમો અસ્તિત્વમાં આવ્યા છે. આ સંજોગોમાં નિકટવર્તી વાચનનો નિરાપદ રાજમાર્ગ માત્ર ઊંડો સ્વાધ્યાય અને કઠોર પરિશ્રમથી છટકવા માગતા લોકો જ અપનાવશે.

નારીવાદ, ઉત્તરઉપનિવેશવાદ, મનોવિશ્લેષણાત્મક વિવેચન, માર્ક્સવાદ, ઇતિહાસવાદ, સંસ્કૃતિવિચાર અને હવે અંકીય માનવિકી (digital humanities) જેવા અભિગમોના કારણે આપણી વિવેચનાત્મક સૂઝમાં વધારો થયો છે. હા ! આ અભિગમો સમજવા માટે બહુ મહેનત કરવી પડે છે. જેમ કે, માર્ક્સવાદી વિવેચન સમજવું હોય તો પ્રથમ તો માર્ક્સવાદની મુખ્ય સ્થાપનાઓ, તેનો ઇતિહાસ વગેરે જાણવાનાં રહે છે. તેના માટે સમકાલીન આર્થિક, સામાજિક અને રાજકીય પ્રવાહોથી પણ વાકેફ રહેવું પડે છે. આ બધી માથાકૂટમાં ન પડવું હોય તેના માટે નિકટવર્તી વાચન જ યોગ્ય છે. માત્ર કૃતિ અને એક શબ્દકોશની જ જરૂર રહેશે.

આની સામે ઘણા વિદ્વાનોએ વિચારધારામીમાંસા (Ideology critique) પર પણ ભાર મૂક્યો છે. વિચારધારામીમાંસા સમાજને અસર કરતાં ઉત્પાદનનાં વિવિધ સ્વરૂપોને તેમના ઐતિહાસિક સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરે છે. જેમ કે, ઉત્તરઆધુનિકતાવાદ માત્ર યુરોપ કે અમેરિકા પૂરતો જ મર્યાદિત ન રહ્યો પણ વિશ્વના ઘણાખરા દેશોમાં તેનો પ્રસાર જોવા મળ્યો છે. એવી જ રીતે જે-તે યુગના સામાજિક-રાજકીય-આર્થિક પ્રવાહો અને ધર્મ, શિક્ષણ તથા પરિવાર વચ્ચેનો સંબંધ પણ મહત્ત્વનો રહ્યો છે. સાહિત્યકૃતિ અને સાહિત્યમીમાંસા આ બધાંથી અલિપ્ત રહી શકે નહીં. બીજી બાજુ, સાંસ્કૃતિક અધ્યયનોમાં માનવીની જાતિ કે વંશ - તે ધોળો છે કે કાળો, નર છે કે નારી જેવા ભેદભાવ, સમાજમાંના વ્યક્તિના દરજ્જા તેમજ તેની રાષ્ટ્રીય ભાવનાઓ વગેરેનું પ્રતિબિંબ કૃતિ પર પડતું હોય છે. હવે તો દલિત, દમિત અને વંચિત વર્ગની સાથે સ્ત્રી-પુરુષ સિવાયની કિન્નર કે transgendersનો અવાજ પણ આ બધા



વિચારપ્રવાહમાં ભર્યો છે. તેના અભ્યાસ માટે queer theory સંજ્ઞા પ્રચલિત બની છે.

વિવેચનનો અંત ભાખનારા કે થિયરીનો મૃત્યુઘંટ વગાડનારા કાળવાણીના કાસદોથી સાવ વિપરીતપણે લિચની દલીલ એવી છે કે, end of theory, post ttheory કે after theoryની વાતો લોકો ભલે કરતા હોય, પરિસ્થિતિ સાવ વિપરીત છે. સાહિત્યના અધ્યયનમાં સૈદ્ધાંતિક વિચારણાનું મહત્ત્વ તેમજ ઉપયોગિતામાં જરાયે ઘટાડો થયો નથી. આ દલીલનો એક મજબૂત પુરાવો એ છે કે, આપણે જેમને ઉત્તર આધુનિક કહીએ છીએ એવા કેટલાય ચિંતકોનાં પુસ્તકો હજીય બહાર પડ્યે જાય છે અને સંખ્યાબંધ પુસ્તકો નજીકના ભવિષ્યમાં જ છપાઈ જશે. દેરિદાના અગ્રંથસ્થ લખાણો-ભાષણોને ૪૩ ગ્રંથોમાં પ્રકાશિત કરવાના પ્રૉજેક્ટ પર કામ ચાલુ જ છે. એ આગળ આપણે જોયું.

અહીં આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે નિકટવર્તી વાચન હોય, સંરચનાત્મક કે વિરચનાત્મક વિશ્લેષણ હોય - આ બધા સાવ નિર્દોષ અને વસ્તુનિષ્ઠ અભ્યાસો હોતા નથી. કોઈ વિચારધારાના પ્રભાવથી સાવ મુક્ત હોય એવું વાચન-અવલોકન-અધ્યયન-આસ્વાદ શક્ય નથી.

દેરિદા ઉપરાંત, જાં બોદ્રિયા, જાં ફ્રાંસ્વા લ્યોતાર જેવા ચિંતકોનાં પુસ્તકોનું મરણોત્તર પ્રકાશન થઈ રહ્યું છે. ઇલેન સિક્સૂ, જૂલ્યા ક્રિસ્તેવા અને લ્યૂસ ઇરિગરી જેવી નારીવાદી લેખિકાઓ કે Alain Badiou, Etienne Balibar, Jean-Luc Nancy અને Jacques Ranciere જેવા ફિલસૂફોનાં પુસ્તકોનું પ્રકાશન નવી સદીમાં પણ ચાલુ જ છે.

‘French theory’s Second life’ નામના આ જ પ્રકરણમાં લિચ નોંધે છે કે, છેલ્લા કેટલાક દાયકાઓમાં માનવવિદ્યાઓ અને ઉત્તર આધુનિક અભિગમ એકબીજા સાથે એકદમ વણાઈ ગયાં છે. આજના વિવેચનવિચારની મહત્ત્વની પારિભાષિક સંજ્ઞાઓ કે વિભાવનાઓની યાદી બનાવીએ તો ખ્યાલ આવશે કે, તેની પર ઉત્તર આધુનિક અભિગમનો કેવડો મોટો પ્રભાવ છે ! એ વખતના સંખ્યાબંધ વિચારો-સંપ્રત્યયો આજે પણ સંશોધન-અધ્યયનમાં એટલા જ અનિવાર્ય રહ્યા છે. રાજકારણીઓ કૉંગ્રેસમુક્ત ભારત કે ભાજપમુક્ત ભારત કરવાના જાસા બોલતા હોય છે. એ ક્ષેત્રમાં કદાચ એ જરૂરી પ્રવૃત્તિ હશે પણ સાહિત્યના અભ્યાસને સિદ્ધાંતમુક્ત કરવાનો વિચાર શક્ય નથી કે હિતાવહ પણ નથી. બધી જ સર્જનાત્મક કૃતિઓ સીધીસાદી કે સરળ હોતી નથી. કેટલીક અત્યંત પડકારજનક હોય છે. તેમના મુકાબલા માટે વિવિધ પ્રકારના વિવેચન-વ્યૂહો વિચારવા પડે છે. અહીં ‘થિયરી’ જ વધારે કામ લાગશે.

છેલ્લાં પચાસેક વર્ષના સાહિત્યવિચારનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યા બાદ લિચ એવું તારણ કાઢે છે કે, ઉત્તરસંરચનાવાદે આજે પણ વિવેચનવિચારમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે. તેની વિરચનાત્મક વિશ્લેષણપદ્ધતિ આજના વિવેચક-સિદ્ધાંતકારને ઉપયોગી જણાઈ છે. અને આવનાર અનેક વર્ષો સુધી તેને કશી આપદા પહોંચે તેમ નથી લાગતું.

હાલમાં એટલે કે ૨૧મી સદીના બીજા દાયકામાં વિવેચનક્ષેત્રે ઉત્તરઉપનિવેશવાદ, નવ્યઇતિહાસવાદ અને સાંસ્કૃતિક અધ્યયનોની બોલબાલા છે. આ બધા અભિગમો ઉત્તરસંરચનાવાદના વિરોધ કે વિકલ્પે અસ્તિત્વમાં આવ્યા નથી પણ તેનો જ એક વિસ્તાર છે એ કહી શકાય.

ફ્રેન્ચ ઉત્તરસંરચનાવાદી સંપ્રત્યો જેવા કે, abjection* biopolitics, surveillance societyનો ઉપયોગ સંશોધનના વિશ્લેષણમાં આજે પણ થાય છે. કૃતિના ગાઢ વાચન, ઐતિહાસિક સંદર્ભમાં તેનું આકલન કે વિચારધારાની દૃષ્ટિએ તેની મીમાંસા (ideology critique) જેવા કૃતિવાચનના વિવિધ અભિગમોમાં આ સંપ્રત્યયો અને તેમની પડછે રહેલા સિદ્ધાંતવિચારનો વિનિયોગ થાય છે. આ સંપ્રત્યયો સરળ ભાષામાં સમજાવવાનો પ્રયાસ કરતી અનેક ગાઇડો, હેન્ડબુકો અને પારિભાષિક સંજ્ઞાકોશો (glossaries) પણ છેલ્લાં કેટલાંક વર્ષમાં બહાર પડ્યાં છે.

ફ્રેન્ચ ઉત્તરસંરચનાવાદીઓની વિશ્લેષણપદ્ધતિ તેમના પુરોગામીઓથી સાવ અલગ રહી છે. આજના વૈશ્વિકીકરણના જમાનામાં મોબાઇલ ફોન અને કમ્પ્યૂટરના જેમ લેટ્સ્ટ મૉડેલને જ મહત્ત્વ મળે અને જૂનાં મૉડેલો કચરાટોપલીમાં પધરાવી દેવાની વૃત્તિ મોટા પાયે જોવા મળે છે. લોકોને લેટેસ્ટનું ઘેલું લાગ્યું છે. આની અસર જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં થઈ છે. હેરસ્ટાઈલથી માંડીને વસ્ત્ર-પરિધાન - બધાંમાં લેટેસ્ટ ફૅશન તરફ જ લોકો આકર્ષણ અનુભવતા હોય છે. આમાં ફ્રેન્ચ થિયરી અને તેમાંય ઉત્તરસંરચનાવાદી વિશ્લેષણ-અધ્યયન-પદ્ધતિઓ અપવાદરૂપ છે. લેટેસ્ટના આક્રમણની તેમના પર અસર થઈ નથી. આપણા વિદ્યાકીય જીવનમાં ફ્રેન્ચ થિયરી એટલી જલદી લીલા સંકેલી લે એવું લાગતું નથી. અહીં નારીવાદીઓનો ‘situated knowledge’નો વિચાર પણ ધ્યાન પર લેવા જેવો છે. આપણો ઉછેર જે પરંપરા અને રાજકીય-સામાજિક-આર્થિક વાતાવરણમાં થયો હોય તેનો પ્રભાવ વિવેચનનો અભિગમ કે વિશ્લેષણની પસંદગી તમે કેવી રીતે કરો છો તેના પર જોવા મળે છે. આ ‘situated knowledge’ છે.

હિટલરનું નાત્સી દમન, બીજું વિશ્વયુદ્ધ, એ પછી અમેરિકા અને વિશ્વના વિવિધ ભાગોમાં આવેલી ગંભીર આર્થિક મંદી તથા તેના કારણે સર્જાયેલી રોજગારીની કટોકટી વગેરેના કારણે શિક્ષિત લોકોમાં પણ અસલામતીની ભાવના જન્મી. આનાં કારણો સમાજે કેવા પ્રકારના રાજકીય વિચારો અને વહીવટના મૉડેલ અપનાવવા જોઈએ એ અંગે તેઓ પણ વિચારતા થયા.

૧૯૭૦ના દાયકામાં મુક્ત બજાર - Free market અને ઉદાર અર્થતંત્રના વિચારોનો પ્રભાવ વધવા માંડ્યો. ૧૯૯૦ના દાયકામાં ભારતમાં વડાપ્રધાન નરસિંહરાવની સરકારે અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહને નાણાપ્રધાન બનાવ્યા અને ભારતીય રાજકારણ-અર્થકારણમાં ઉદારીકરણ (liberalization) તથા માળખાકીય સમાકલન (Structural adjustment) જેવા વિચારોની ચર્ચા થવા માંડી. ભારતનું અર્થતંત્ર આજે જે સ્થિતિમાં છે (ખરાબ સ્થિતિમાં નથી !) તે માટે નરસિંહરાવ-મનમોહનના એ જમાનાના આર્થિક સુધારાઓ જવાબદાર છે. પહેલાં બધી જ સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓમાં પેન્શનની જોગવાઈ હતી. આજે પેન્શનની વ્યવસ્થા યુનિવર્સિટીઓ સહિત ઘણી સંસ્થાઓમાંથી નીકળી ગઈ છે. આથી લોકો યુવાનીમાં જ પોતાનું મકાન, નોકરી, બાળકોનું શિક્ષણ, નિવૃત્તિ પછીની સ્થિતિ, લોન-દેવાં વગેરેની ચિંતા કરવા માંડ્યા છે. આ બધાનો પ્રભાવ આપણા સિદ્ધાંતવિચાર પર પડ્યો છે. આજે આપણે કૃતિ અને કોશથી સંતોષ માનવાની નવ્યવિવેચનની નિકટવર્તી વાચનપદ્ધતિના બદલે આ મર્યાદિત વર્તુળમાંથી બહાર આવ્યા છીએ. હવે આવા મર્યાદિત વર્તુળમાં રહેવું આપણને પરવડે તેમ નથી. નારીવાદ, ઉત્તરઉપનિવેશવાદ, નવ્યઇતિહાસવાદ જેવા આગળ ગણાવેલા અભિગમો પર નજર નાખીશું તો જણાશે કે તેમને સમજવા માટે આજની રાજકીય-સામાજિક-આર્થિક પરિસ્થિતિ અને પ્રવાહોથી વાકેફ રહેવું જરૂરી છે. નિકટવર્તી વાચનમાં આપણે કોઈ પક્ષ લેવાનું કે વલણ અપનાવવાનું ટાળતા હતા.[૫] આજે એવું બને છે ખરું ? જેવા તમે નારીવાદી, ઇતિહાસવાદી, ઉપનિવેશવાદી કે અન્ય કોઈ ઉત્તરસંરચનાવાદી અભિગમની વાત કરો એટલે આપોઆપ એક અલગ વલણ આપ અખત્યાર કરો છો. કૃતિ પાસે કોરાધાકોર કે ખાલી હાથે નથી જતા. પણ વિચારો અને વિભાવનાઓનું એક ટૂલ બૉક્સ (tool box) લઈને જાઓ છો. આપણે જાણીએ છીએ તેમ સંરચનાવાદ, ઉત્તરસંરચનાવાદ વગેરે પાશ્ચિમાત્ય વિચારો માત્ર યુરોપ અને અમેરિકા પૂરતા મર્યાદિત ન રહેતાં, ભારત, ચીન, અરબસ્તાન જેવા વિવિધ દેશોમાં પણ પહોંચ્યા છે. આ દેશના વિદ્વાનો પશ્ચિમના સૈદ્ધાંતિક વિચારપ્રવાહોથી વાકેફ રહે છે. પણ આ દેશોની પોતાની જ્ઞાનપરંપરાઓ પણ છે. અદ્યતન સિદ્ધાંતવિચાર અંગે આ વિદ્વાનો પોતાની પરંપરા અને પરિસ્થિતિના સંદર્ભમાં વિચારણા કરે છે. નવા વિચારો પોતાની પરંપરામાં ક્યાં અને કેવું સ્થાન ધરાવે છે આ વિચારણાનો એક મહત્ત્વનો મુદ્દો છે. લિચની દલીલ એવી છે કે, ઉત્તરસંરચનાવાદી[૬] સિદ્ધાંતવિચારો આગામી વર્ષોમાં એક નવા તબક્કામાં પ્રવેશશે. આ દરમિયાન પશ્ચિમ બહારના આ દેશોના વિચારોને પણ આ નવા તબક્કામાં સાંકળી લેવાની જરૂર છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયા આપણને એ દિશામાં જ લઈ જઈ રહી છે.

વીસમી સદીમાં સાહિત્યવિવેચનને આપણે વાદો અને સંપ્રદાયોમાં વહેંચતા હતા. જેમ કે સ્વરૂપવાદ, સંરચનાવાદ કે નવ્યવિવેચન કે વિરચન. આજે જે વિચારો પ્રભાવક બન્યા છે તેમને વાદો અને સંપ્રદાયોના જૂના બીબામાં ઢાળી શકીએ તેમ નથી. તો આ સંજોગોમાં આજે થિયરીની સ્થિતિને કેવી રીતે વર્ણવવી ? લિચ પાસે તેનો જવાબ તૈયાર છે. તે કહે છે કે, હાલ Theory Renaissance ચાલી રહ્યા છે. થિયરીનું સ્થાન સ્ટડીઝે લીધું હોવા છતાં પરિસ્થિતિ હજી સ્પષ્ટ બની નથી. આથી અરાજકતા ટાળવા માટે પણ ‘થિયરી’ સંજ્ઞા પ્રયોજવાનું ચાલુ રાખવું પડશે.

આગળ કહ્યું તેમ ગઈ સદીમાં વિવેચનને વાદો અને સંપ્રદાયોમાં વહેંચવાનું

સુગમ હતું; આજે સ્ટડીઝના ઘટાટોપમાં એ શક્ય નથી. આમ સ્ટડીઝની ભીડમાં થિયરીને શોધવી આજે તો અઘરી બની છે. થોડાં વર્ષો પછી પરિસ્થિતિ થાળે પડશે એ પછી કદાચ સ્પષ્ટ ચિત્ર ઊપસશે. આજની સ્થિતિને Theory Renaissance તરીકે ઓળખાવવાનો લિચનો ઉકેલ વ્યવહારુ જણાય છે.

(આ લેખ ૨૧મી સદીના વિવેચનપ્રવાહોનો અછડતો જ પરિચય આપે છે. આ પ્રવાહોની મુખ્ય સ્થાપનાઓ શી છે, તેના મુખ્ય પુરસ્કર્તાઓ કોણ છે, તેમના ઉદ્‌ભવની ભૂમિકા શી છે વગેરે પ્રશ્નો અહીં અનુત્તરિત જ રહે છે. આ લેખનો ઉદ્દેશ એવો ન હોવાથી આ લેખનો એક પૂરક લેખ હાલ હું તૈયાર કરી રહ્યો છું જે ટૂંક સમયમાં જ પ્રકાશિત થશે. આ લખાણ વાંચીને પોતાની ટીકા-ટિપ્પણીઓનો લાભ આપવા બદલ કિરીટ દૂધાતનો હું આભારી છું.)

*

***<u>સંદર્ભગ્રંથસૂચિ :</u>***


Bertens, Hans. *Literary Theory : The Basics*. Routledge, London and New York 2001

Eagleton, Terry. *Literary Theory : An Introduction.* Minneapolis : U of Minnesota P, US 1983

Eagleton, Terry. *After Theory*, Basic Books, 2004

Habib, M. A. R. A *History of Literary Criticism : From Plato to the Present.* Blackwell, 2005

Klages, Mary. *Key Terms in Literary Theory,* Bloomsbury. UK. 2012

Leitch, Vincent. *Literary Criticism in the 21st Century, Theory Renaissance,* Bloomsbury, UK. 2014

Theile, V., Tredennick, L. (Eds.) *New Fromalisms and Literary Theory,* Palgrave Macmillan. UK. 2013

Tyson, Lois. *Critical Theory Today : A User-Friendly Guide.* Garland Publishing, New York & Long : 1999

Wolfreys, Julian. ed., Introducing *Literary Theories : A Guide and Glossary.* Edinburgh: Edinburgh University Press. UK 2003.


*

Cultural capital - સાંસ્કૃતિક મૂડી - શિક્ષણ, બુદ્ધિપ્રતિભા, બોલવાની છટા, પહેરવેશ કે બાહ્ય શારીરિક દેખાવ વગેરે સાંસ્કૃતિક મૂડીનાં ઉદાહરણો છે. સમાજની ગતિશીલતા નાણાકીય સાધનો કે નાણાકીય મૂડી વિના જ આવાં સાધનોથી જળવાઈ રહે છે. આ સમાજશાસ્ત્રની સંજ્ઞા છે. ફ્રેન્ચ ચિંતક પિએર બૂરદ્યું (Plerre Bourdieu) *The Forms of Capital (1986)*માં ત્રણ પ્રકારની મૂડીનો ઉલ્લેખ કરે છે : ૧. આર્થિક મૂડી - રોકડ રકમ, અસ્કામતો વગેરે. ૨. સામાજિક મૂડી-સંબંધો, સમાજમાં



વગ-વસીલો તથા સમાજનાં વિવિધ જૂથો વગેરેનું સભ્યપદ. ૩. સાંસ્કૃતિક મૂડી-શિક્ષણ, જ્ઞાન વગેરે. આ મૂડીના કારણે વ્યક્તિને સમાજમાં મોભો મળે છે.

Biopolitics : વ્યક્તિના જીવન પર સામાજિક અને રાજકીય સત્તાનો પ્રભાવ. ફ્રેન્ચ ચિંતક મિશેલ ફૂકો (Michel Foucault)એ ૧૯૭૫-૭૬માં આપેલાં પ્રવચનોમાં આ સંજ્ઞાનો પ્રયોગ કર્યો હતો. સામાજિક અને રાજકીય નેતાગીરી અથવા શાસકો લોકોનું જીવન આડકતરી રીતે પ્રભાવિત થાય એવા નિર્ણયો લેતા હોય છે. ઓછાં સંતાનોના વિચારનો પ્રચાર કે સ્વચ્છ ભારત અભિયાન કે એક જમાનાનું નસબંદી અભિયાન પણ આવા બાયોપોલિટિક્સનાં ઉદાહરણો છે.

Docile Body : ફૂકો *Discipline and Punish*માં કહે છે કે શરીર અથવા દેહ પર શાસન સ્થાપવાનો સત્તા અને શાસકો પ્રયાસ કરતા હોય છે. વ્યક્તિ શિસ્તબદ્ધ બને અથવા તો તેમને અમુક રીતે વર્તવા માટે તાલીમ આપવામાં આવે વગેરે ડોસાઇલ બોડીનાં ઉદાહરણો છે. શાસકો વ્યક્તિને પોતાની કે વ્યવસ્થાની જરૂરિયાત પ્રમાણે પલોટવાનો પ્રયાસ કરે છે. લશ્કરમાં કે સંન્યાસીઓના મઠોમાં સભ્યોને ત્યાંના નીતિ-નિયમોનું ચુસ્ત પાલન કરાવવામાં આવે છે. વાર્તાઓમાં ઘણી સાસુઓ નવી આવેલી વહુને પોતાના ઘર અને કુળની પરંપરા પ્રમાણે રહેવા આજ્ઞા કરે છે. આપણા ઘરમાં આવું ન ચાલે - આ પણ એક ઉદાહરણ છે.

Abjection : ઉત્તરસંરચનાવાદી સંજ્ઞા. પરંપરાગત સાંસ્કૃતિક માન્યતાઓ, વિચારો વગેરે પર કુઠારાઘાત કરતી ચેષ્ટાઓ, વિચારો વગેરે. જુલ્યા ક્રિસ્તેવાએ ૧૯૮૦માં એક પુસ્તક બહાર પાડ્યું - *Pouvoirs de I'horreur. Essai sur I'abjection* (Powers of Horror : An Essay on Abjection). એમાં તેણે એવું કહ્યું કે હોરર ફિલ્મો કે અમુક જુગુપ્સાપ્રેરક દશ્યો વગેરે જોઈને ઘણા લોકોને ચીતરી ચઢતી હોય છે કે ઊબકા આવતા હોય છે. આ આપણા સ્વ અને ઇતર વચ્ચેની ભેદરેખા જ્યારે અળપાઈ જાય ત્યારે આપણું શરીર અને મન તેની પ્રતિક્રિયા આપે છે. મરેલા કૂતરાના માંસનો લોચો લબડી પડ્યો હોય ત્યારે એ આપણાથી ઘણો દૂર હોવા છતાં એ જાણે કે આપણને અડી જવાનો હોય એવી તીવ્ર કલ્પના આપણને થાય છે. આ કલ્પનામાં જ આપણા સ્વ અને ઇતર વચ્ચેની ભેદરેખા લોપાઈ જાય છે. આ જ કારણે આપણું શરીર ઊલટી કે ઊબકા દ્વારા તેની પ્રતિક્રિયા આપે છે. આ જ એબ્જેક્શન છે.

***પાદટીપ :***

૧. કાર્લ પોપર કહે છે કે થિયરી એક પ્રકારની જાળ છે. તેની મદદથી વૈજ્ઞાનિક વાસ્તવજગતનું અવબોધન કરીને તેને બુદ્ધિગમ્ય બનાવે છે અને તેની સમજૂતી આપે છે.

૨. આનો પશુવિદ્યા એવો પર્યાય નહીં ચાલે કારણ કે તે ચિકિત્સાશાસ્ત્રમાં પ્રચલિત છે.

૩. જે વિચારો કે ગૃહીતોના આધારે થિયરીઓ રચાઈ છે તે પોતે તો સમજવામાં અઘરાં નથી પણ જે રીતે તેમનું નિરૂપણ કરાયું છે. જે ભાષાશૈલી તેમાં પ્રયોજાય છે તે અઘરી છે. મોટા ભાગની

થિયરીઓના વિચારકો ફ્રેન્ચ છે. કેટલાક જર્મન પણ છે. ફ્રેન્ચ એ રોમાન્સ ભાષા છે. આથી તેની ઘણીખરી શબ્દાવલી લૅટિન ભાષામાંથી ઊતરી આવી છે. આપણે આ બધી થિયરીઓ અંગ્રેજી ભાષામાં થયેલા અનુવાદ, સમજૂતી વગેરે દ્વારા વાંચીએ છીએ. અંગ્રેજી એ જર્મેનિક ભાષા છે. આમ ફ્રેન્ચ અને અંગ્રેજી બંને ભાષાઓ વચ્ચે ફરક છે. જો આપણી પાસે ફ્રેન્ચ ભાષાનું પૂરતું જ્ઞાન હોય તો અંગ્રેજી અનુવાદો વાંચતી વખતે પણ અમુક લખાણો સમજવામાં ખાસ મુશ્કેલી પડશે નહીં. સિવાય કે અનુવાદ પોતે જ નબળો અને ક્લિષ્ટ હોય.

૪. સાહિત્યના અધ્યાપનમાં નિકટવર્તી વાચનની પદ્ધતિ ઘણી લોકપ્રિય નીવડી છે. વિદ્યાર્થીઓ પર વધારાનો બોજ નાખ્યા વિના તેમને કૃતિ સાથે સીધો સંવાદ કરતા શીખવતી પદ્ધતિ છેલ્લી અડધી સદીથી ઘણી પ્રચલિત બની છે. અહીં ધ્યાન એ જ રાખવાનું છે કે સાહિત્યના આકલન-અભ્યાસનું આ પ્રથમ પગથિયું છે, છેલ્લું નહીં. આ સાધન છે, સાધ્ય નહીં.

૫. શીતયુદ્ધના જમાનામાં વિશ્વનો મોટો હિસ્સો અમેરિકા અને રશિયા - મૂડીવાદ તથા સામ્યવાદ - એમ બે છાવણીઓમાં વહેંચાઈ ગયો હતો ત્યારે ભારત જેવા કેટલાક દક્ષિણ એશિયાઈ દેશોએ આ બંને કૅમ્પોથી તટસ્થ રહેવા બિનજોડાણવાદી સંગઠન *NAM* રચ્યું હતું. એ લોકો પણ તટસ્થ ન હતા. એ રાજકીય વ્યૂહ હતો.

૬. ઉત્તરસંરચનાવાદ પ્રમાણે ભાષા આપણી આસપાસના વિશ્વને પ્રતિબિંબિત જ નથી કરતી, પણ તેને આકાર આપવાનું કામ પણ કરે છે.

❑

## સાભાર સ્વીકાર

(૩૫) તુલના સંદર્ભ : વિજય શાસ્ત્રી, ૨૦૧૬, ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી, વિદ્યાનગરી કલીંગ, મુંબઈ, પૃ. ૮૦, રૂ. ૯૦/- (૩૬) અવર ચાઈલ્ડ અવર ચેલેન્જ : ડૉ. ઊર્મિલા શાહ, ૨૦૧૫, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૪+૨૨૬, રૂ.૧૮૦/- (૩૭) તમારી કારકિર્દીને પાંખો આપો : નિલેશ મહેતા, સંવર્ધિત ત્રીજી-૨૦૧૬, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ પૃ.૧૮૪, રૂ.૧૮૦/- (૩૮) શબ્દે શબ્દે પીગળ્યા : મધુ કોઠારી, હરીશ વટાવવાળા, વિરંચી ત્રિવેદી, ૨૦૧૫, ‘અક્ષરા’, ૬૦/એ, વિષ્ણુકુંજ-૧, ગોત્રી રોડ, વડોદરા-૨૩, પૃ.૩૨૫, રૂ. ૩૦૦/-



**અભ્યાસ**

# ભોળાભાઈ પટેલનાં (પરબ) સંપાદકીય

■ કિશોર વ્યાસ ■

પરિપક્વ છતાં રંગદર્શી રસિકતા ધરાવતા, વિદ્યાસજ્જ એવા સૌંદર્યગ્રાહક નિબંધકાર અને અભ્યાસભર્યાં. વિવેચનો આપનાર ભોળાભાઈ પટેલનાં સંપાદકીય લખાણોના મહત્ત્વને ચીંધતાં રમણ સોની કહે છે : “ટૂંકાં અને સુબદ્ધ, પણ તંગ નહીં. દરેક લેખમાં કોઈ ને કોઈ સામ્પ્રત મુદ્દો કે વાતાવરણમાં તરતો કોઈ પ્રશ્ન હોય કે દેશ-વિદેશની કોઈ ઘટના હોય - પણ એ નર્યું તત્કાલીન (ને પછી ફૂલી જવા યોગ્ય) લખાણ ન હોય. એમને કંઈક નક્કર કહેવાનું હોય ને એ એમાં વહેતા વિચાર રૂપે ઊપસતું રહેતું હોય. બધે વિચારની તાજગી ને નવો દૃષ્ટિકોણ તો હોય જ. ભોળાભાઈએ ચોકસાઈથી ઘણી વિગતો પણ આપી હોય - એવું હોમવર્ક કર્યું હોય !” (પ્રત્યક્ષ, એપ્રિલ-જૂન,૨૦૧૨)

ઈ.સ. ૧૯૭૪થી ૨૦૦૧ સુધીના દીર્ઘ સમયગાળા માટે ‘પરબ’ના સંપાદક યા તંત્રી રહી ચૂકેલા ભોળાભાઈ પટેલના તંત્રીસ્થાનેથી લખાયેલા લેખો ધ્યાનાર્હ બન્યા છે. આમાંના ૧૫૦ જેટલા લેખો બે પુસ્તકો ‘મળી માતૃભાષા મને ગુજરાતી’ (૧૯૯૭) અને ‘આવ, ગિરા ગુજરાતી’ (૨૦૦૧)માં સંગૃહીત છે. સંપાદક કહે છે કે પોતાના આ સંપાદકીય લેખોનો ઉદ્દેશ મુખ્યત્વે ગુજરાતી સર્જકો-વાચકો ભારતીય અને વિશ્વસાહિત્યના સંપર્કમાં રહે તેવો રહ્યો છે. એમનું વલણ બહુધા તુલનાત્મક રહ્યું છે તેનું કારણ એમનો અંગ્રેજી, જર્મન, હિંદી, મરાઠી, બંગાળી, ઓડિયા, અસમિયા વગેરે ભાષાસાહિત્યનો અભ્યાસ છે. તેમની કલમમાં પુસ્તકો-ગ્રંથો કે સામયિકોનાં અવલોકનો આવતાં રહ્યાં છે, તો સાંપ્રત ચર્ચાઓ પણ સ્થાન પામી છે. વ્યક્તિવિશેષ જેવા લેખોમાં સમયે-સમયે જન્મશતાબ્દી, શ્રદ્ધાંજલિ અને અવસાનનોંધો આપવાનું તેઓ ચૂક્યા નથી. વિવિધ હેતુ માટે યોજાતાં પરિસંવાદો, જ્ઞાનસત્રો કે અધિવેશનો હોય કે પછી વ્યક્તિવિશેષને અપાતા પુરસ્કારો હોય, તેઓએ એ અંગેના પોતાના અભિપ્રાયો અવશ્ય ટાંક્યા છે. એટલું જ નહિ, પણ સાહિત્ય, શિક્ષણ અને ભાષા માટેની જિકર વ્યક્ત કરતી ચર્ચાઓ પણ તેમાં આકાર પામી છે. એકંદરે એમના સંપાદકીય લેખોની ગદ્યશૈલીમાં રોજનીશીના ગદ્યને અનુરૂપ પ્રવાહિતા અને પ્રાસાદિકતા જણાય છે. કોઈ પણ મુદ્દા માટેની એમની રસજ્ઞતા અને સહૃદયતા તેમના

લેખોને શુષ્ક થતા અટકાવે છે અને આસ્વાદ્ય બનાવે છે. તો સામા છેડે સાહિત્યિક સિદ્ધાંતો કે સર્જાતા ગુજરાતી સાહિત્ય વિશેના ગહન-ગંભીર ચિંતનનું પ્રમાણ નહિવત્ છે, કહો કે આવી ચર્ચા ભાગ્યે જ જોવા મળે છે. પરિણામે કોઈ મોટા સાહિત્યિક આંદોલન માટેની આબોહવા સર્જવા માટેની પ્રતિબદ્ધતા જગાવવામાં કે ઊહાપોહ જગાવવામાં એમના લેખો કોઈ મોટો ફાળો આપી શકે તેમ નથી. જોકે એવો એમને ઉદ્દેશ પણ રહ્યો નથી. પણ અગાઉ નોંધ્યું છે તેમ એમનો હેતુ ગુજરાતી સાહિત્યને વિશ્વસાહિત્ય અને અન્ય ભારતીય ભાષાસાહિત્ય સાથે કદમ મિલાવવાના પ્રયાસરૂપ જ રહ્યો છે. એથી તુલનાત્મક દૃષ્ટિએ આ વિચારો કે અવલોકનો નોંધપાત્ર બની રહે છે. ઉલ્લેખનીય છે કે આ સંપાદકે પોતે પણ ગુજરાતી સાહિત્યને ઘણા અનુવાદો આપ્યા છે તેમજ ગુજરાતી સાહિત્યને અન્ય ભાષાઓમાં ઉતારવાનો ઉદ્યમ પણ સેવ્યો છે. આ લખાણોમાં ગ્રંથ અને ગ્રંથકાર પ્રત્યેના એમના ઊછળતા પ્રેમનાં દર્શન થાય છે. ભારતીય સમાજની પુસ્તકવાચન પ્રત્યેની ઘટતી જતી રુચિ માટેનાં તેઓ કારણો તપાસે છે. તેવામાં give us books, give us wings સૂત્રને યુવાનો સહિત સર્વ લોકો માટે લાગુ પાડવાની વાત તેઓએ કરી છે. પુસ્તકોનું સ્થાન આપણા જીવનમાં મહત્ત્વનું હોવા છતાં પુસ્તકો બહોળા વર્ગ સુધી પહોંચી શકતા નથી. લેખકોને પણ જેટલો રસ પ્રકાશનમાં હોય છે તેટલો રસ વેચાણમાં હોતો નથી. ‘લોકમિલાપ’ જેવી સંસ્થા ૩૪૦૦ રૂપિયાની કિંમતમાં ૪૦૦ જેટલાં પસંદગીનાં પુસ્તકો આપતી હોય તો દરેક પુસ્તકાલયોએ એ વસાવવાં જોઈએ એવો આગ્રહ એમણે રાખ્યો છે. આજે તો પ્રતિભાઓ કરતા મીડિયોકરોની બોલબાલા વધી ગઈ છે. એવો વ્યંગ કરતાં તેઓ કહે છે કે : ‘ભામહ જેવાને પણ આવા કવિભ્રુવોનો ત્રાસ છે એવી ફરિયાદ કરવી પડેલી. સંપાદક અહીં નિર્દેશ કરે છે કે આવા કુકવિઓ જો non-sense પ્રકારની કવિતાઓ ન લખે તો તે પણ એક પ્રકારની સમાજસેવા જ છે ! આપણે આવા માહોલ વચ્ચે પણ catholicity of taste (રુચિઔદાર્ય) કેળવીને ઉત્તમ કૃતિઓથી વંચિત રહી ન જવાય તે જોવાનું છે. તેઓએ સમકાલીનોની સમાલોચના કરવાના સ્થાને વિદ્વેષની પરાકાષ્ઠાએ જતા રહેવાની વૃત્તિ સામે લાલબત્તી ધરી છે. મતભેદ અને મનભેદ વચ્ચેના તફાવતને સમજવાની સલાહ આપી છે. છંદો જાણ્યા વિના છંદોમાંથી મુક્તિ લેનારાઓ સામે સંપાદકે અછાંદસની રેલમાં છંદો તણાઈ ગયા એવી ફરિયાદ પણ કરી છે તો લોકબોલીનો ઉપયોગ જાણે કે ચાળા પાડવા અને ફૅશનની જેમ સર્જકો પોતાની રચનાઓમાં રેઢિયાળ પ્રયોગ કરે છે તેની સામે કટાક્ષ કર્યો છે. બોલીનો ઉપયોગ જો સ્વાભાવિક રીતે અને અનિવાર્યપણે ન થાય તો કૃત્રિમ લાગે એ સર્જકોને ચેતવતાં કહ્યું છે. સાહિત્ય પરિષદની ઇજારાશાહી સામે એક વખત ઘણ ઉઠાવવાનો કાર્યક્રમ યોજાયેલો. તેને સંપાદકે નિષ્ફળ સર્જકોનો સફળ સર્જકો સામેનો વિરોધ ગણાવેલો. પરિષદના સઘળા લાભ લેવા તૈયાર થઈ જતા આવા સર્જકોએ પરિષદની મર્યાદાઓ દૂર કરવા માટે મદદ કરવી જોઈએ તેવી સલાહ એમણે આપી હતી. સાહિત્ય



અકાદમીને બંધારણમાં સ્વાયત્તતા મળતાં તે હવે ઇપ્સિત અપેક્ષાઓ સંતોષશે તેવી આશા સેવી છે. ગુજરાત અને ગુજરાતીમાં જે ઉત્તમ છે તેને ફિલ્મોના માધ્યમ વડે પણ બહાર લાવી શકાય, પણ આપણે ત્યાં ધારાવાહિકો અને ફિલ્મો સાહિત્યથી અંતર રાખે છે તેથી તેની ગુણવત્તા સામે સંપાદકે પ્રશ્નાર્થ મૂક્યો છે. તેમાં ‘વૉટર’ ફિલ્મ સામે થયેલા વિરોધની ટીકા પણ છે અને કલાકારોના અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યનો મુદ્દો પણ વણી લીધો છે. આમ એક વિચારમાં એકથી વધુ વિચાર વણાતા જાય છે જેથી વાચકને આ બહુશ્રુતપણાનો લાભ મળે છે. જાપાનમાં સ્ત્રી-કવયિત્રીઓ સંખ્યા તેમજ ગુણવત્તાની દૃષ્ટિએ મેદાન મારી ગઈ હતી એમ એક સર્વેના ઉલ્લેખ સાથે સંપાદકે આ ઉદાહરણ દ્વારા ગુજરાતી કવિતામાં પણ પાયાના ફેરફારો થવા જોઈએ એવો નિર્દેશ કર્યો છે.

યુ. આર. અનંતમૂર્તિએ એક જગ્યાએ દેશી ભાષાઓના સંભવિત પતન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સંપાદક પણ અંગ્રેજીના નામે માતૃભાષાના લેવાતા ભોગ સામે વિરોધ પ્રગટ કરતા રહે છે. ગુજરાતીની આવી દુર્દશા માટે શિક્ષકો, અધ્યાપકો, ઇલેક્ટ્રૉનિક મીડિયામાં થતું ભાષાઓનું વસ્ત્રાહરણ, સરકારની ભાષાનીતિઓ, અભ્યાસક્રમો વગેરેને ગણાવ્યાં છે. યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં પણ તેઓએ એન્ટાયર ગુજરાતીના સ્થાને એક કરતાં વધુ ભાષાસાહિત્યોના અભ્યાસની તરફેણ ‘એન્ટાયર ગુજરાતી’ જેવા ઉત્તમ લેખ વડે કરી છે. વિદ્યાર્થીઓને યુરોપીય-અમેરિકાના સાહિત્ય ઉપરાંત સમગ્ર ભારતીય સંદર્ભ પ્રાપ્ત થાય તેવા અભ્યાસક્રમની આવશ્યકતા તેઓ દર્શાવે છે. તુલનાત્મક સાહિત્ય જેવી શાખા વિકસે એવો આગ્રહ અહીં વ્યક્ત થઈ જાય છે. એલિયટે કહેલું કે જો કોઈ દૂર દેશની પણ કોઈ ભાષાનું સાહિત્ય રચાતું બંધ થાય, તોપણ ચેતવું જોઈએ. કારણ કે તેનો ચેપ ધીરે ધીરે આપણને પણ લાગી શકે. ભર્તૃહરિએ પણ સુસંસ્કૃત અને શિષ્ટ વાણીનો આગ્રહ સેવ્યો હતો. પણ કમનસીબે આપણી પ્રજા ભાષા પ્રત્યે ઉદાસીન અને સંવેદનહીન છે જેની ભારોભાર ટીકા સંપાદકે કરી છે. ગુજરાતી જ નહીં પણ અન્ય ભારતીય ભાષાઓ પણ નાથ વતી અનાથવત્ બની રહી છે તેવામાં સંપાદક એક માન્ય શિષ્ટરૂપ ભાષાનો આગ્રહ સેવે છે. જોડણીસુધાર તરીકે હ્રસ્વ-દીર્ઘના ભેદને ઉડાડી દેવાનો માર્ગ આત્મઘાતી છે એમ પણ સૂચવ્યું છે. વ્યાકરણ કૃતિની સાથે જ શીખવવું જોઈએ એ મતનું સમર્થન તેઓ કરે છે. આપણાં મહત્ત્વનાં ગ્રંથો-પુસ્તકો ઉપેક્ષાની ધૂળ નીચે દટાઈ ન જાય, વિદ્યાર્થીઓ મહત્ત્વના સાહિત્યિક ધનનો પરિચય પામે તે માટે યુનિવર્સિટીઓની અભ્યાસ સમિતિઓએ પ્રયત્ન કરવા જોઈએ. એવી સલાહ આપતા આ લેખો સબળ ભાષાપ્રેમનો પુરાવો આપે છે. ભોળાભાઈનાં તંત્રી-લખાણોમાં ઊપસતી ભાષાવિષયક ચિંતા આ સંપાદકીયની વિશેષ બાજુ છે.

ભારતીય સાહિત્યને વિશ્વસાહિત્ય સમક્ષ ઉતારી પાડવાની માનસિકતા ધરાવનારાઓ, જેવા કે મેકોલે અને સલમાન રશદી જેવાઓની ભારોભાર ટીકા કરતાં સંપાદકે એક લેખમાં કહ્યું છે કે ત્રીજા વિશ્વના દેશો હવે યુરોપકેન્દ્રીયતાથી છૂટવા મથી

રહ્યા છે. તેથી દેશીવાદને તેઓ આધુનિકતાવાદના જ વિવર્ત તરીકે ઓળખાવે છે. આપણું લોકસાહિત્ય પણ કોઈનાથી ઊતરતું નથી. આપણે ત્યાં ગીત કરતાં ગઝલ વધુ લોકપ્રિય બની છતાં વિવેચને તેની નોંધ ન લીધી. જોકે ગીતો-ગઝલો કવિતાપ્રવાહને આચ્છન્ન કરી દઈ અવરુદ્ધ કરી દેશે તેવી આશંકા જતાવી છે. 'ગુજરાતીમાં ગીત-ગઝલ વિષે' (મે-એપ્રિલ, ૧૯૮૧) લેખમાં એમણે ગુજરાતીમાં ગીત-ગઝલના આવેલા પૂરની ટીકા કરી હતી. એ જ વર્ષે સુરેશ દલાલસંપાદિત 'કવિતા'નો એક અંક વળી ગીતગઝલ વિશેષાંક રૂપે પ્રકટવાનો હતો. આ સંપાદકીયથી ઘણા ગીતકારો અને ગઝલકારો સંપાદક પર નારાજ થયા હતા અને સંપાદકના વિરોધમાં એક આંદોલન પણ કેટલાક ગઝલકાર મિત્રોએ ચલાવેલું. સંપાદકે અળખામણા બનવાની તૈયારી પણ રાખવી પડતી હોય છે એ આ પ્રસંગ પરથી સમજાય છે. ગુજરાતી કવિતામાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્રની ગેરહાજરી તેઓને કઠે છે. જ્યારે અન્ય ભારતીય ભાષાસાહિત્યમાં એ અવેરનેસ જોવા મળે છે એવું નિરીક્ષણ આપતાં નોંધ્યું છે. ગુજરાતી સાહિત્યની છાપ ગુજરાત બહાર કશું જ નથી, કારણ કે આપણી અનુવાદ પ્રત્યેની ઉદાસીનતા છે. લોકપ્રિય સાહિત્યનો વાચકવર્ગ ભલે વિશાળ હોય. પણ પ્રયોગશીલ સર્જક લોકોની પ્રચલિત રુચિ બદલી આબોહવાને પરિવર્તિત કરવાની ક્ષમતા ધરાવતો હોય છે. રવીન્દ્રનાથના સાહિત્યના વિસ્તાર માટે ત્યાંની સરકાર જે પ્રયત્નો કરે છે તેવા આપણે ત્યાં ન્હાનાલાલ માટે નથી થતા. આ બાબતને સંપાદકે કવિનું એક પ્રકારનું મૃત્યુ જ ગણાવ્યું છે જે માર્મિક વાત છે. વિદેશોમાં સર્જકોની પાંડુલિપિઓ જાળવવાનું ઊંચુ મૂલ્ય છે તેવું પણ આપણે ત્યાં નથી એવી સંપાદકની ફરિયાદ રહી છે.

કવિ પાસે પ્રતિભા ઉપરાંત વ્યવહારજ્ઞાન હોવું ઘટે. આપણે ત્યાં આત્મકથા, જીવનચરિત્ર, રેખાચિત્ર, સંસ્મરણ, પ્રવાસવૃત્ત, રિપોર્ટાઝ, ડાયરી, પત્ર જેવાં સર્જનાત્મક સ્વરૂપોનું ખેડાણ નહિવત્ રહ્યું છે જે પણ ચિંતાનો વિષય છે એમ તેઓ જણાવે છે. વિવેચનમાં પણ વિભિન્ન વિદ્યાશાખાઓની સહોપસ્થિતિને તેઓ આવકારે છે. પણ કોઈ એક અભિગમની આત્યંતિકતા તેઓને મંજૂર નથી. વિવેચનનાં ઓજારો ભલે સોફિસ્ટિકેટેડ હોય પણ ઉત્તમ રચનાઓ તો અનેક રીતે થતાં મૂલ્યાંકનોને ખમવાની ક્ષમતા ધરાવે છે. જોકે સંપાદકે એ ઓજારોને સાવધાનીપૂર્વક વાપરવાની સલાહ પણ વિવેચકોને આપી છે.

સંપાદકે અનુવાદપ્રવૃત્તિને વિકસાવવાનો આગ્રહ હંમેશાં રાખ્યો છે. ટાગોર કે શરતચંદ્રના પુષ્કળ અનુવાદો આપણે ત્યાં થયા છે, પણ આપણું સાહિત્ય બંગાળમાં પૂરતા પ્રમાણમાં પહોંચ્યું નથી તે ચિંતનનો વિષય ગણી શકાય. આમ તો અનુવાદો પ્રભાવની પ્રક્રિયાને વેગ આપે છે પણ રવીન્દ્રનાથનો પ્રભાવ આપણે ત્યાં નથી પડતો પણ ગાંધીજીનો પ્રભાવ વિશેષ રહ્યો એ હકીકત એમણે નોંધી છે. સંપાદકના ખજુરાહો પરના પ્રવાસનિબંધ સામે ચીમનભાઈ ચકુભાઈએ નારાજગી દર્શાવેલી તેના સંદર્ભે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે સંસ્કૃત ગ્રંથોમાં જાતીયતા શબ્દ નિંદાવાચક ન હતો તે એ વાતની પ્રતીતિ કરાવે છે કે એ



સમયે કળાઓને ધર્મનું અનુમોદન હશે. ગુજરાતી સાહિત્ય પર ત્રણ પૂર્વાપર અસર જોઈ શકાય છે. એક સંસ્કૃત-પ્રાકૃત-પ્રાચીન ગુજરાતી, બીજી સમકાલીન ભારતીય ભાષાઓનું કથાસાહિત્ય અને ત્રીજી વૈશ્વિકતા. જોકે પરપ્રાંતની કવિતાઓ તો આપણને પરદેશી કવિતાઓ કરતાંય દૂર લાગે છે છતાં પ્રભાવથી ડરવું જોઈએ નહીં તેની સમજ આપતાં તેઓએ આન્દ્ર જિદનો મત ટાંકતાં કહ્યું છે કે અસર નિરપેક્ષ રીતે સારી કે ખરાબ હોઈ શકે નહી, પણ તેનો આધાર તેના ઝીલનાર પર હોય છે. આમ ગુજરાતી સાહિત્યને તેની સંકુચિતતા અને કૂપમંડૂકતાથી છૂટવા માટે અનુવાદપ્રવૃત્તિને વેગ આપવાની જરૂરિયાત તેમને લાગી છે.

આપણે ત્યાં યોજાતાં અધિવેશનો, જ્ઞાનસત્રો કે પરિસંવાદો અંગે સંપાદક સતત નોંધો આપતા રહ્યા છે. તેઓએ આ સંદર્ભે હકારાત્મક દિશાસંકેતો પર વધુ ભાર મૂક્યો છે. અર્થાત્ આ પ્રવૃત્તિઓની માત્ર નકારાત્મક ચર્ચાઓ કે દલીલો કરવાના બદલે, તેના ગુણાત્મક પાસાની નોંધ લઈને જે તે દિશામાં આગળ વધવાની સલાહ આપી છે. દા.ત. 'રાષ્ટ્રકી તલાશમેં' ઉપન્યાસ (૧૯૯૯, દિલ્હી) જેવા પરિસંવાદ અંગે નોંધે છે કે રાષ્ટ્રવાદ, રાષ્ટ્રત્વ કે રાષ્ટ્રભાવનાની કોઈ સ્પષ્ટ રૂપરેખા નવલકથાઓ સંદર્ભે આપણે આપી ન શકીએ. છતાં તેનાથી વિવિધતાસભર રાષ્ટ્રને સમજવાની દિશા જરૂર મળે એ સાથે સમીક્ષકોને એ દિશામાં તપાસવા માટે નવાં ઓજારો વાપરવાની સલાહ પણ આપી છે. ભીમોરા જ્ઞાનસત્રમાં તેઓ વક્તાઓનો આશાવાદ જોઈ શક્યા છે તો અગિયારમા જ્ઞાનસત્રને પુણ્ય કર્મ તરીકે સરાહ્યું છે. ગુજરાતી સાહિત્યનું અધિવેશન કલકત્તામાં યોજાતું હોય તો તે વાતનો અપાર આનંદ પણ વ્યક્ત કરે છે. કીડી-મંકોડાના સંગમસ્થાને (સલાણી આશ્રમ) યોજાઈ ચૂકેલ એકવીસમા જ્ઞાનસત્ર સંદર્ભે તેઓએ મૌખિક સાહિત્યની પરંપરાની સમૃદ્ધિ સાશ્ચર્ય સરાહી હતી. સાથે-સાથે દલિત સર્જકો જો એ જ સમાજમાંથી આવશે તો વધુ સારાં પરિણામો મળશે તેવી અપેક્ષા સેવી છે. માતૃભાષામાં અને માતૃભાષાનું શિક્ષણ જેવા પરિસંવાદોથી સમસ્યા હલ થતી નથી પણ જાગૃતિ જરૂર આવે છે તેવો અભિપ્રાય પણ આપ્યો છે. પશ્ચિમ-ક્ષેત્રીય ભાષાઓમાં સંતકાવ્ય વિશેનો એક પરિસંવાદ ગણતરીની ભાષાઓને લઈને યોજાયેલો ત્યારે સંપાદકે માત્ર ચાર ભાષાઓને લઈને થતી ચર્ચાને અધૂરી ગણાવીને સમગ્ર ભારતીય ભક્તિ-કવિતાના સંદર્ભે ચર્ચા થવી જોઈએ એમ અભિપ્રાય આપ્યો છે. તેઓ ધર્મકવિતાને એલિયટની જેમ ગૌણ ગણતા નથી કારણ કે ખ્રિસ્તી ધર્મ સંદર્ભે એ ભલે ગૌણ ગણી શકાય પણ ભારતીય સંદર્ભે ધર્મ-કવિતાઓ મુખ્ય ધારા તરીકે સમૃદ્ધિ પામી છે તેવો મત મૂક્યો છે. સાહિત્ય સાથે સીધી રીતે સંકળાયેલા ન હોય તેવા મહાનુભાવોની સાહિત્યપ્રીતિ અને આયોજનક્ષમતાનો તેમનાં અધિવેશનો સંદર્ભે આનંદ વ્યક્ત કર્યો છે. ટાગોર અને ગાંધીજીના માર્ગ ભલે અલગ હતા પણ દરિદ્રનારાયણ પરત્વેની દૃષ્ટિ બન્નેમાં સમાન હતી તેમ એક પરિસંવાદ વિશે નોંધ્યું છે. જોકે સંપાદકને સુરેશ જોષી, ઉમાશંકર જોશી જેવા વિદ્વાનોની ખોટ આ તબક્કે જરૂર વર્તાયા કરી છે. આમ સંપાદકે આવાં પરિસંવાદો, અધિવેશનો કે જ્ઞાનસત્રો ઇષ્ટ વાતાવરણ

પૂરું પાડે તેવી અપેક્ષા રાખી છે. તેનાથી આપોઆપ ઉત્તમ સાહિત્ય સર્જાઈ જતું નથી પણ તેમ છતાં સાહિત્યિક આબોહવાને તે જીવંત રાખે છે. પ્રશ્નોત્તરીથી પણ જીવંતતા મળે છે. સમજ્યા વિના આડેધડ આઘાતો આપી અસ્થિરતા સર્જવી અને સ્થગિતતાને વળગી રહેવાની વૃત્તિને તેઓએ અપરાધ ગણાવ્યો છે.

સંપાદક કોઈ સર્જક-વિવેચક-સંશોધકને પુરસ્કાર મળે ત્યારે અભિનંદન પાઠવવાનું ચૂકતા નથી. જોકે નોબેલ પુરસ્કાર ક્ષેત્રે ખેલાતા રાજકારણ પ્રત્યે આક્રોશ તેમનો જરૂર રહ્યો છે. તેનું કારણ આઝાદી પછી મધર ટેરેસાને બાદ કરતા કોઈને આ સન્માન આપવામાં આવ્યું નથી તેનું આશ્ચર્ય છે. કન્નડ સાહિત્યને સાત જેટલા જ્ઞાનપીઠ મળ્યા જેમાં કન્નડના અંગ્રેજી અધ્યાપકો અને સર્જકોનું યોગદાન છે એમ કહીને આપણા ગુજરાતી સાહિત્યમાં સાહિત્યકારોની થતી ઉપેક્ષાની ભારોભાર ટીકા કરી છે. ગુજરાતના કલ્ચર માટે તેઓએ ઍગ્રિકલ્ચર એવી સંજ્ઞા પ્રયોજીને કટાક્ષ સર્જ્યો છે. કોઈના પ્રભાવ ઝીલ્યા વિના જુદા જ પ્રકારની કવિતાઓ આપનાર રાજેન્દ્ર શાહ અકાદમીના ફેલોપદના હક્કદાર જ હતા એમ દઢપણે તેઓ કહે છે તો મહાશ્વેતાદેવીને જ્ઞાનપીઠ મળતાં એમનું 'અન્યોન્યે સક્રિય પ્રતિકાર કરતી અગ્નિગર્ભ લેખિકા' કહી સન્માન કર્યું છે પણ ગુજરાતી સાહિત્યકારોમાં આવી પ્રતિબદ્ધતા નથી એવી ફરિયાદ પણ એમાં સંભળાશે. સીતાકાન્ત મહાપાત્ર જેવાને જ્ઞાનપીઠ મળતાં ઓડિયા ભાષાને ત્રણ જ્ઞાનપીઠ અને એક સરસ્વતી સન્માન મળ્યું તેનો ઉલ્લેખ કર્યો છે. આમ ગુજરાતી, અન્ય પ્રાંતના અને પરદેશના વ્યક્તિવિશેષોને મળતાં સન્માનની નોંધો સંપાદક પાસેથી મળે છે એમાં સાંપ્રત ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારોની સમીક્ષા પણ થતી આવે છે. ગુજરાતી સર્જકને જ્યારે કોઈ રાષ્ટ્રીય સન્માન મળતું હોય છે ત્યારે તે ગુજરાતના સીમાડા ઓળંગી અન્ય ભાષાઓમાં પણ વંચાતો થાય છે. ઈ.સ. ૨૦૦૦ના વર્ષનું જ્ઞાનપીઠ અસમિયા લેખિકા ઇન્દિરા ગોસ્વામીને મળતાં તેઓએ નારાજગી દર્શાવેલી. તેમને આ લેખિકા રાજેન્દ્ર શાહ જેટલાં શ્રેષ્ઠ નથી લાગ્યાં તેથી આ સન્માન રાજેન્દ્ર શાહને મળવું જોઈએ તેવો આક્રોશ પ્રગટ કરેલો. નોબેલક્ષેત્રે ખેલાતા રાજકારણનું વિષયવસ્તુ લઈને ઇરવિંગ વાલેસે 'પ્રાઇઝ' નામની નવલકથા આપી છે. સંપાદકને કોઈ ગુજરાતી સર્જકને નોબેલ મળે તેની પ્રતીક્ષા છે પણ તેઓ એ પણ જાણે છે કે એ બહુ દૂરની વાત છે. અનુવાદો પ્રત્યેની ઉદાસીનતા જાણીતી છે અને તે આપણા સર્જકોને દૂર સુધી પહોંચતા રોકે છે. તેઓએ અનુવાદ માટેના કોઈ ખાસ સામયિક શરૂ કરવાની માંગણી કરી છે. હરિવંશરાય બચ્ચનને સરસ્વતી સન્માન મળતાં સંપાદકે આ પુરસ્કારનો નિર્ણય અને ભાવિ પરંપરા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સંપાદકે અન્ય સામયિકોના વિશેષાંકોના પ્રાગટ્ય ટાણે તેને આવકાર આપ્યો છે તો ક્વચિત્ કોઈ ખામી પ્રત્યે ધ્યાન પણ દોર્યું છે. જેમ કે 'પ્રત્યક્ષ'ના ૧૯૯૫ના વિશેષાંકમાં અન્ય સામયિકોના સંપાદકોનાં વક્તવ્ય તેમજ સામયિકોની સંકલિત સૂચિ આપવાની જરૂર હતી એમ એના સંપાદકને સૂચવેલું. 'ઇન્ડિયા ટૂડે' સમાચારોને વરેલું છે છતાં ૧૯૯૬માં એમણે પ્રકાશિત કરેલા સાહિત્ય વિશેષાંકને ચોખ્ખો સાહિત્ય વિશેષાંક ગણાવ્યો છે.



'દક્ષિણા'ને પંથવિશેષનું સામયિક ન ગણી તેણે કવિતામાં વિશિષ્ટ પ્રદાન કર્યું છે તે ધ્યાનમાં લેવું જોઈએ એમ કહ્યું છે. 'સંસ્કૃતિ'ના છેલ્લા બે અંકોને ઉમાશંકરે 'સર્જકની આંતરકથા' વિશેષાંક રૂપે પ્રગટ કરેલા ત્યારે ઉમાશંકરની સર્જકો પાસેથી eliciting ની જેમ બાતમી કઢાવવાની આવડતની પ્રશંસા કરી હતી. જોકે તે સામયિક બંધ થતાં ઉમાશંકર જેવાની સંપાદકીય દૃષ્ટિ ભવિષ્યમાં પણ અન્ય વિશેષાંકને મળતી રહે તેવી ખેવના જતાવી હતી. 'ફાર્બસ સભા ત્રૈમાસિક'ના મધ્યકાલીન સાહિત્ય અંગેના વિશેષાંકને માત્ર આસ્વાદ-વિશેષાંક ગણાવીને તેમાં વિદ્વાનોએ મધ્યકાળ અને લોકસાહિત્યને એક ગણાવવાના પરીક્ષણની સામે વાંધો ઉઠાવ્યો છે. વળી તેમાં આખ્યાન જેવા સ્વરૂપને લીધા વિના જ ચર્ચા થઈ તેથી એને અધૂરી ચર્ચા ગણાવી છે. સંપાદકે 'પરબ'ના વખતો-વખત પ્રકાશિત થતા વિશેષાંકો અંગે પણ અવલોકનો નોંધ્યાં છે. 'ગ્રંથ' જેવું સામયિક આપણે ત્યાં પ્રોફેશનલ રિવ્યૂઅરની પ્રથા ન હોવાથી બંધ થયું તેવી યશવંત પંડ્યાની ફરિયાદને તેઓ ટેકો આપે છે તેમજ તેના વિકલ્પ રૂપે કોઈ પત્રિકા પ્રગટ થાય તેવી આશા સેવે છે. 'કુમાર' બંધ થતાં નાગરિકોને ઉત્તમ સાહિત્યના સંપર્કમાં મૂકીને તેમને ઘડવાના પ્રયત્નો કરતાં સામયિકની ઊભી થયેલી ખોટને પ્રગટ કરી પોતાના દીવાસ્વપ્નને રજૂ કરતાં કહે છે : 'મારી પાસે પુષ્કળ પૈસા હોય તો હું 'કુમાર'ની તેસઠ વરસની આખી ને આખી ફાઈલો ફરી છાપી ગુજરાતના કુમારોના હાથમાં મૂકું. 'કુમાર'ના સાડીસાતસો જેટલા સમૃદ્ધિ-ભરપૂર અંકો જોતાં કોઈ પણ ભાવકને એવાં દીવાસ્વપ્ન જરૂર આવે.' (જાન્યુ. ૧૯૯૦). દિલ્હીથી પ્રકાશિત The book reviewએ ગુજરાતી વિશેષાંકમાં ૧૧ પુસ્તકોનાં રિવ્યૂ રૂપે તારણો રજૂ કરેલાં. તેમાં ગુજરાતી સાહિત્ય પર ગાંધીજી અને સુરેશ જોષીનો પ્રભાવ હતો. ગુજરાતી સાહિત્યમાં થાકનાં ચિહ્નો વરતાય છે. નવી દિશા માટે ફાંફાં મારે છે અને ગુજરાતીઓને જ સારું ગુજરાતી બોલવાના પણ ફાંફાં છે તેવાં નિરીક્ષણોનો જવાબ આપતાં સંપાદકે કહેલું કે ગુજરાતી સાહિત્ય પર ગાંધીજીનો જ વિશેષ પ્રભાવ હતો - સુરેશ જોષીનો નહિ. અને જ્યાં સુધી સારી માતૃભાષા બોલવાનો પ્રશ્ન છે, તો આ વાત માત્ર ગુજરાતીઓને જ નહીં પણ બધાં જ પ્રદેશોને લાગુ પડે છે. 'મિલાપ' પણ બંધ પડતાં તેમાં ગ્રાહકસંખ્યા અને મુદ્રણવ્યવસ્થાને કારણભૂત ગણાવી છે. કોઈ પણ સામયિક માટે સંસ્થાઓ અને ગ્રાહકો મોટું પીઠબળ હોય છે, પણ કમનસીબે આપણા સમાજને ઉત્તમ સાહિત્ય વાંચવા પ્રત્યે ભારોભાર ઉદાસીનતા છે. જેના કારણે સામયિકો અલ્પ આયુષ્ય ભોગવીને વિલીન થઈ જાય છે એવો સંપાદકનો સૂર રહ્યો છે.

હોમર કે વ્યાસ સર્વકાલીન જ નહીં પણ સમકાલીન પણ લાગે છે એમ ઓડિસ્યૂસના સંદર્ભે સંપાદકે નોંધ્યું છે. તેમાં આવતા ઓલિવ વૃક્ષના જીવતા થડમાંથી બનેલા પલંગનું પ્રતીક કાલિદાસના 'શાકુંતલ'માં આવતી વીંટીની યાદ અપાવે છે એમ તુલના કરતાં નોંધ્યું છે. સંપાદકે સંપાદકીય લખાણોમાં કેટલાક કાવ્યાસ્વાદ પણ કરાવ્યા છે જેમ કે બંગાળી કવિ સુભાષ મુખોપાધ્યાયની યેતે યેતે (જતાં જતાં) પ્રતિબદ્ધતાને ઓળંગી જાય છે કારણ કે તેની કથનભંગી અત્યંત પ્રભાવક છે એમ તારણ આપ્યું છે. ઓછામાં ઓછા

શબ્દો દ્વારા કવિતા કેવી વિલક્ષણ વાત કરી જાય છે તેની પ્રતીતિ સંપાદકે નિર્મલપ્રભા બરદલે (અસમિયા કવયિત્રી)ની 'કવિતાનો શબ્દ' કાવ્યના આસ્વાદ વખતે કરાવી છે.

ટાગોરની 'પ્રશ્ન' કવિતાનો આસ્વાદ કરાવતાં તેઓએ કાવ્યની પ્રસ્તુતતાનો મહિમા દર્શાવી આપ્યો છે.

સંપાદક ઘણાં ગ્રંથોનો-પુસ્તકોનો પરિચય પણ આપતા રહ્યા છે. ઉમાશંકરના 'ચીનમાં ૫૪ દિવસ' પુસ્તકને સંપાદનના એક આદર્શ નમૂના તરીકે જોયું છે. મહેન્દ્ર મેઘાણી જેવા જ્યારે ચૂંટેલી કવિતાઓની ખિસ્સાંપોથીઓ બહાર પાડતા હોય તો તે ગુજરાતીઓ સુધી પહોંચવી જોઈએ તેવી આશા વ્યક્ત કરેલી. અશ્વિન મહેતાના ફોટોગ્રાફ્સને લગતા પુસ્તક 'હિમાલય : ઈન્કાઉટર્સ વિથ ઈટર્નિટી' મોંઘું પુસ્તક હોવા છતાં વિક્રેતાએ સંપન્ન મિત્રોની સાથે મળીને ગુજરાતમાં ૧૦૦ જેટલી વ્યક્તિઓને પહોંચાડવાની તૈયારીને બિરદાવી છે. 'નાનો કોશ' અને 'મોટો કોશ' જેવા અનેક વિષયોના શબ્દકોશ થાય તો વ્યાવસાયિક પ્રકાશકો માટે પણ વ્યવહાર્ય બને તેવો નિર્દેશ કર્યો છે. ગીર ફાઉન્ડેશનનાં સામયિકો 'સૃષ્ટિ' અને 'વિહંગ' કે પરિચય ટ્રસ્ટની પરિચય-પુસ્તિકાઓને ગુજરાતીઓએ ઉચિત પ્રતિસાદ આપવો જોઈએ તેવું સૂચન કર્યું છે. રજની વ્યાસનું '૨૦૦૦ મિલેનિયમ ફ્લૅશબૅક' પુસ્તક સચિત્ર ઇતિહાસનું સુંદર આલેખનવાળું હોવાથી આવી પરંપરા ઊભી કરવા બદલ લેખકને શ્રેય આપ્યો છે.

કવિ ન્હાનાલાલની ૫૦મી પુણ્યતિથિએ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે કવિનાં ૧૧ પ્રકાશનો બહાર પાડ્યાં હતાં. જેની પ્રશંસા કરીને સંપાદકે તેનું પ્રકાશનવર્ષ આપવું જોઈએ એવા સૂચન સાથે મોંઘી કિંમત અંગે ધ્યાન દોર્યું હતું. હરિનારાયણ આચાર્યના પશુ-પંખી અને સરિસૃપોની વાત કરતા પુસ્તક 'વનવગડાનાં વાસી' ભાષાભિવ્યક્તિની દૃષ્ટિએ બીજાં આવાં પુસ્તકોથી ભિન્ન હોવાથી તેને ગૌરવગ્રંથ તરીકે સ્થાપ્યું છે. રાજેન્દ્ર શાહ અંગેના 'સંકલિત કવિતા' અને 'રાજેન્દ્ર શાહ અધ્યયનગ્રંથ' તૈયાર કરવા બદલ પ્રકાશકોને પુરસ્કારીને નોંધ્યું છે કે રાજેન્દ્ર શાહ અધ્યયનગ્રંથ અભિનંદનગ્રંથ હોવા છતાં વિવેચનગ્રંથ બનવાને પાત્ર છે. ઉપરાંત ચર્વિતચર્વણ પણ નથી. 'સરસ્વતીચંદ્ર' મહાનવલને ૧૦૦ વર્ષ થતાં સંપાદક નિર્દેશે છે કે ગોવર્ધનરામનું ઋણ ચૂકવવા માટે આપણે બીજા નવીનચંદ્રની શોધ કરવી જોઈએ. ગુજરાતી વિશ્વકોશનો ભૂમિકાખંડ તૈયાર થયો ત્યારે તેઓએ ઉત્તમ અધિકરણોની આશા રાખી હતી. એ જ રીતે કહેલું કે આવા કોશ જ્ઞાન-વિજ્ઞાનની બધી સંસ્થાઓમાં હોવા જોઈએ. તો ગુજરાતી સાહિત્યકોશને પણ તેઓ એક લેખમાં મહત્ત્વની સાંસ્કૃતિક ઘટના ગણાવે છે. પરપ્રાંતીઓને ગુજરાતી સાહિત્ય વિશે જાણવાની ઘણી જિજ્ઞાસા હોય છે. પણ આપણી ઉદાસીનતા તેમને કશું ધરી શકતી નથી. તેવામાં ઉમાશંકરના 'Indian literature : Personal encounters Kalidas's અને 'poetic voice' જેવા ગ્રંથોને ઉલ્લેખનીય ગણાવીને કવિની વિદ્વત્તાની સાથે સાથે સાહિત્યિક અભિગમનો પણ પરિચય મળે છે તેવું અવલોક્યું છે.



સંપાદકે વ્યક્તિવિશેષ અંતર્ગત લેખોમાં જે-તે વ્યક્તિ માટેના પોતાના અભિપ્રાયો પ્રસ્તુત કર્યા છે. જેમાં ભારતીય અને ગુજરાતી પ્રતિભાઓનો સમાવેશ થયેલો જોઈ શકાય છે. જેમ કે ગાલિબને તેઓએ આત્મીય કવિ તરીકે ઓળખાવ્યા છે જેમની કબર પ્રત્યે ઉપેક્ષા દાખવવામાં આવી રહી છે. 'દીવાન-એ-ગાલિબ' અને 'ફારસી દીવાન' જેવા ગ્રંથો આપનાર આ કવિની શરૂઆતમાં ઉપેક્ષા થઈ પણ પછીથી રાજકવિ તરીકે સ્થાન પણ મળ્યું. સ્ત્રી મરે નહિ ત્યાં સુધી એની મુક્તિ નથી એવો જેનો સૂર રહ્યો છે તેવા તસલિમા નાસરિનની પાસે સંપાદકે રાધા વિશેનો તેનો અભિપ્રાય માંગ્યો છે. શરતચંદ્રે જે રીતે માનવહૃદયને ચિત્રિત કર્યું છે તે મહત્ત્વની સિદ્ધિ છે અને તેનો સ્વીકાર તેમના વિરોધીઓએ પણ કરવો રહ્યો એમ નોંધ્યું છે. જેમને સમૃદ્ધ કથાપરંપરા મળી ન હતી તેવા પ્રેમચંદને શરતચંદ્ર કે ખાંડેકર જેટલી લોકપ્રિયતા-પ્રચાર ન મળવા છતાં તેમના પુરુષાર્થની યાદ હંમેશાં તાજી રહેશે એમ નોંધ્યું છે. બાણભટ્ટનું 'હર્ષચરિતમ્' આત્મકથનાત્મક વૃત્તાંત છે. જ્યારે કાલિદાસ જેવાએ પણ પોતાના વિશે કશું લખ્યું નથી તેવામાં આ વૃત્તાંત મહત્ત્વનું છે. તેના પરથી બાણભટ્ટ ભરપૂર જીવન જીવી ગયા હોય એમ સંપાદક અનુમાન કરે છે. યુ.આર. અનંતમૂર્તિના આત્મઓળખ અને New civilizationના જન્મની આશા જેવા વિચારો અંગે પણ સંપાદકની ચર્ચા મહત્ત્વની છે.

ઉમાશંકરે પોતાની કવિતાના ઘડતરની સાથે સાથે ગુજરાતી કવિતાને ઘડવામાં પણ ફાળો આપેલો એમ કહીને આ કવિના કવિકર્મની જે સમીક્ષા ટૂંકા ફલક પર પ્રાપ્ત થાય છે એ સંપાદકની વિલક્ષણ નોંધ બની જાય છે. જનપદને નહિ પણ જનને-મનુષ્યને કેન્દ્રમાં રાખનારા પન્નાલાલના પુરુષાર્થને ઊણો ન આંકવાની સલાહ સંપાદકે આપી છે. જોકે તેમની ઉત્તર જીવનમાં લખાયેલી પૌરાણિક નવલકથાઓને ચિકિત્સાની દૃષ્ટિથી જોવાનું પણ સૂચન કર્યું છે. મુનશી જેટલી લોકપ્રિયતા ન મળી છતાં ધૂમકેતુ સમયની કસોટીએ ચઢતા રહેશે એમ આ વાર્તાકાર વિશે મત આપતાં સંપાદકે જણાવ્યું છે કે તેઓ વિષયને લીધે જ નહિ પણ રીતિને લીધે પણ વાર્તાઓ દ્વારા તણખો મૂકી ગયા. સારા વિવેચક થવા માટે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો આદર્શ સામે રાખવાની સલાહ સંપાદકે આપી છે. વિચાર અને રીતિ. ડૌલનશૈલીના કારણે આડંબરી શબ્દપ્રાચુર્ય તેમજ સૂક્તિમોહના કારણે ન્હાનાલાલનાં નાટકો વાગ્મિતા અને અતિશય ભાવનામયતામાં દબાઈ ગયાં છે તેવો મત આપવાની સાથે સાથે તેમના માટે હજી ઊંડાણપૂર્વકના સંશોધનની આવશ્યકતા છે એવો નિર્દેશ કર્યો છે. પંડિત સુખલાલજી જેવા મીમાંસક જૈનોમાં ભલે અળખામણા રહ્યા પણ તેમનું જીવન પ્રેરણાદાયી છે એમ નોંધ લીધી છે.

સંપાદકે જન્મશતાબ્દી અંતર્ગત લેખોમાં પણ વિવિધ વ્યક્તિવિશેષોની નોંધ લઈ તેઓનું સન્માન કર્યું છે. ભારતીય સ્તરે કાજી નજરૂલ, જીવનાનંદ દાસ, કવિ અજ્ઞેય વગેરેનો સમાવેશ થાય છે. પણ રવીન્દ્રનાથને સંપાદકે હિમેનેથની કાવ્યાંજલિ દ્વારા

શ્રદ્ધાંજલિ અર્પી છે. આ સ્પેનિશ કવિ રવીન્દ્રનાથને પૂછે છે કે અમારી સ્પેનિશ વાણી દ્વારા તારા ભગવાન સાથે અનાયાસે બોલી શકીશ ? મરાઠીભાષી ગણેશ પાંડુરંગ દેશપાંડેએ ગુજરાતી-અંગ્રેજી અને અંગ્રેજી-ગુજરાતી કોશો તૈયાર કરવાનું કામ ૭૦-૭૫ વર્ષની વયે કરેલું જે ચિરસ્મરણીય રહેશે એમ સાદર શુભેચ્છાઓ તેઓ ૧૦૦મા વર્ષમાં પ્રવેશે છે તે અવસરે આપે છે. ઉમાશંકર માટે સંપાદકનો વિશેષ લગાવ રહ્યો છે તેનું કારણ આ સારસ્વતનું સર્જન તો ખરું જ, પણ સંપાદક પોતે હિન્દીના વિદ્યાર્થી છતાં ગુજરાતીના વર્ગો ભરવામાં રસ, કારણ કે ત્યાં ઉમાશંકર જેવાના વ્યાખ્યાનનો લાભ મળતો. પશ્ચિમમાં આ કોટિના સર્જકો માટે અવનવા કાર્યક્રમો થાય છે પણ આપણે ત્યાં નથી થતા તેવો અસંતોષ પ્રગટ કરીને ઉત્તમ સર્જકોનું ગૌરવ કરવા કમસે કમ ઓછામાં ઓછી કિંમતે એમનાં પુસ્તકો ઉપલબ્ધ તો કરાવી શકાય એવો નિર્દેશ કર્યો છે. આ કવિને કટોકટી ટાણે વાણીસ્વાતંત્ર્ય છીનવાઈ જવાની વેદના હતી. સંપાદક ટાગોરના 'ભાષા ઓ છંદ' પર સાંભળેલા ઉમાશંકરના વ્યાખ્યાનનું સ્મરણ કરે છે. કવિનું કામ ઇતિહાસના વર્ણનનું નહિ પણ સંભાવનાઓ રચવાનું પણ છે એમ તે કવિતાનો સાર છે. મેઘાણી માટેનું એક દસ્તાવેજી જીવનચરિત્ર મળે એવી અપેક્ષા તેમની શતાબ્દીવંદના પર્વે રજૂ કરીને તેમનાં સંપાદનોને અમૂલ્ય બતાવ્યાં છે. તેમનું મૂલ્યાંકન,પુનઃમૂલ્યાંકન કરતા પરિસંવાદો તેમજ ગ્રંથોનાં આયોજન થતાં રહે છે તેનો હરખ પણ વ્યક્ત થતો આવે છે. તેમની ૫૦મી પુણ્યતિથિએ પરિવારે તેમનાં મહત્ત્વનાં પુસ્તકોનું તર્પણ કરેલું તે માત્ર એક પરિવારનું જ નહિ પણ સમગ્ર ગુજરાતે કરેલું તર્પણ છે તેમ કહ્યું છે. 'દરિયાલાલ' જેવી યાદગાર કૃતિ આપનાર ગુણવંતરાય આચાર્યે સાહિત્યને વર્ષા અડાલજા અને ઇલા આરબ મહેતા નામની પુત્રીઓની ભેટ આપી તેનો આનંદ વ્યક્ત કર્યો છે. 'રવીન્દ્રવીણા'ના અનુવાદને મેઘાણીએ જેમ પુનઃ સર્જન કહેલું તેમ બળવંતરાયના 'ગોપીહૃદય'ના અનુવાદને પણ ગણવું જોઈએ તેવું બળવંતરાયના સવાશતાબ્દીના વર્ષ પ્રસંગે ઉચ્ચાર્યું હતું. જેમના પર રૂઢિવાદી હોવાના આક્ષેપ થયા હતા; ભારતીય મૂલ્યોના રક્ષણ માટે જેમણે વેદાંતનો સહારો લીધો હતો; જેમનાં દર્શન કરતાં રમણભાઈ સાથેના વાદ-વિવાદની ચર્ચા વધુ થઈ તેવા મણિલાલ દ્વિવેદીનો સંપાદક સંરક્ષણવાદી કહીને બચાવ કરે છે. ઇતિહાસકારોએ તેમની નોંધ ન લીધી તેથી તેમના જીવન-કાર્યનું વિશેષ અવલોકન-મૂલ્યાંકન થાય તેવી અપેક્ષા સંપાદકે રાખી છે.

સંપાદકે સમયે-સમયે વ્યક્તિવિશેષોને શ્રદ્ધાંજલિઓ પાઠવી છે. ભારતીય સર્જકોમાં અજ્ઞેય, મહાદેવી વર્મા, તકળી શિવશંકર પિલ્લૈ જેવાઓને ભાવાંજલિઓ આપી તેમના પ્રદાનને બિરદાવ્યું છે. અજ્ઞેયના જવાથી માત્ર હિન્દી જ નહીં પણ સમગ્ર ભારતીય સાહિત્યને ખોટ પડી છે એમ નોંધ્યું છે તો મહાદેવી વર્માનું જીવન સાચે જ દીપશિખા જેવું હતું એમ સન્માન આપ્યું છે. મલયાલી કથાકાર તકળી શિવશંકર પિલ્લૈને ફકીર મોહન, તારાશંકર, પ્રેમચંદ અને પન્નાલાલના સગોત્ર ગણાવીને સર્જકને યથાયોગ્ય રીતે તેઓ મૂકી આપે છે. ગુજરાતી સાહિત્યમાં જશવંત ઠાકર, અમૃતલાલ યાજ્ઞિક, સ્નેહરશ્મિ



જેવા સારસ્વતોની વિદાય સંપાદકને ગુજરાતી સાહિત્યની વધુ એક પાનખર સમાન લાગી હતી. એ ઉપરાંત શિવકુમાર જોષી, રામનારાયણ નાગરદાસ પાઠક, ચં.ચી. મહેતા, કે. બી. વ્યાસ, પ્રજારામ રાવળ, પ્રબોધ જોશી, રમણીક મેઘાણી, રામપ્રસાદ શુક્લ, પ્રમોદકુમાર પટેલ, હરીન્દ્ર દવે, પિનાકિન ઠાકોર, યશવંત શુક્લ, મુકુન્દ પારાશર્ય, શેખાદમ આબુવાલા, બાલમુકુન્દ દવે, પંડિત દલસુખ માલવણિયા વગેરે દિગ્ગજોના વિદાય પ્રસંગે હૃદયાંજલિઓ પાઠવી છે. તેમના સાહિત્યિક પ્રદાનની આ ભાવભીની શબ્દાંજલિઓ સમકાલીન સાહિત્યની એક વિવેચનપોથી બની રહે એમ છે. દલપતરામની સુપ્રસિદ્ધ કાવ્યપંક્તિઓ વિદ્યાર્થીઓને મોઢે રહેતી જે વર્ષો સુધી યાદ રહેતી. એ કોઈ જેવીતેવી સિદ્ધિ ન હતી. એમ દલપતરામના મૃત્યુશતાબ્દીવર્ષ નિમિત્તે સરાહના કરી છે. દલપત-નર્મદ વચ્ચે ભલે વિરોધ હતો પણ સંપાદકે તેમને એકબીજાના પૂરક ગણાવ્યા છે. ગુજરાતી ભાષાસાહિત્યને સમૃદ્ધ કરનારા વિદ્વાનોની પરંપરા ધીરે ધીરે લુપ્ત થતી જાય છે એવું સંપાદકને ભોગીલાલ સાંડેસરાના અવસાન સમયે લાગેલું. હરિવલ્લભ ભાયાણીને તેઓએ 'જંગમ વિદ્યાપીઠ' અને 'અહોરાત્રી' પ્રજ્વલિત સ્વાધ્યાયયજ્ઞ જેવી સંજ્ઞાઓ વડે ઓળખાવી એ વિદ્યાસેવીનું બહુમાન કરેલું. ગ્રંથકીટ નગીનદાસ પારેખને શ્રદ્ધાંજલિ આપતો લાંબો લેખ પણ સંપાદકની આવા સમર્થ સર્જકોની એક સમીક્ષા છે. નગીનદાસને 'અર્વાચીન યુગના ઋષિ' તરીકે સ્થાપીને એક સમીક્ષક, ભાષ્યકાર, સંપાદક અને મહાન અનુવાદક તરીકેની છબિને તેઓ અમૂલ્ય ઠેરવે છે એની પ્રતીતિ આ લખાણમાં થાય છે. ગાંધીપ્રેરિત રાષ્ટ્રભાવના અને ટાગોરપ્રેરિત સૌંદર્યભાવનાનો સુભગ સમન્વય ધરાવનાર નગીનદાસની વાઙ્મય પ્રવૃત્તિને સમ્યક્જ્ઞાન સુપ્રયુક્ત શબ્દથી નવાજતા સંપાદકનો સર્જકપ્રેમ ત્યાં ડોકાઈ જાય છે. નવલરામની મૃત્યુશતાબ્દીએ સંપાદકે ગુજરાતી વિવેચકો પાસેથી નવલરામ જેવા વિવેચકીય શીલધર્મની અપેક્ષા રાખી હતી. જયંત કોઠારી જેવાને નગીનદાસ પારેખ, હરિવલ્લભ ભાયાણીની શ્રેણીમાં મૂકી, ઉત્તમ અધ્યાપક, સઘન અધ્યયનકર્તા અને વિશિષ્ટ વિદ્વાન તરીકે સરાહના કરી છે. દિગીશ મહેતાને તેઓ લોકપ્રિય નવલકથાકાર ગણતા નથી. મનુભાઈ પંચોળી 'દર્શક'ને અઠંગ વાચક તેમજ નિરાળા અભ્યાસી કહ્યા છે. ઉપરાંત મફત ઓઝા, ભોગીલાલ ગાંધી, કિશનસિંહ ચાવડા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, એસ.આર. ભટ્ટ જેવા વિદ્વાનોની સાહિત્યપ્રીતિને શ્રદ્ધાંજલિઓ વડે બિરદાવી છે. કાકાસાહેબને વિદાય આપતાં કહેલું કે સામાન્ય અને શુષ્ક લાગતા વિષયોમાં તેઓ સૌંદર્ય જોવાની દૃષ્ટિ આપે છે. આકારવાદના પુરસ્કર્તા, ઊહાપોહ જગવનારા સુરેશ જોષીએ ગુજરાતી વિવેચનને અર્થઘટન, તત્ત્વદર્શન, સર્જનાત્મકતા વગેરે મુદ્દા આપી જે નવી જ દિશા આપી એનું સટીક મૂલ્યાંકન અહીં છે. મનુષ્યજીવનનું પ્રયોજન શું ? એવો પ્રશ્ન પૂછનાર આ સાહિત્યકારના પ્રભાવને માર્ક્સ કે ફ્રૉઇડની તુલનામાં સિદ્ધ કરી ન શકાય પણ આપણા સાહિત્ય પર તેનો વ્યાપક પ્રભાવ જોઈ શકાય છે જેવી નોંધ દર્શાવે છે કે સંપાદક જે-તે મતને મોકળાશથી સ્વીકારે છે ને એ પ્રત્યે ઊલટ દર્શાવે છે. પોતાના પૂર્વગ્રહોને લખાણોથી દૂર મૂકે છે એ આ સંપાદકીયનું

ધ્યાનાર્હ પાસું છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સંપાદકના 'આંતરિક' શ્રી અને શઉરની નોંધ લેતા ભોળાભાઈની પચીસ વર્ષ સુધી એકધારી જળવાયેલી સંપાદકીય ઉત્સુકતાની જે વિધાયક નોંધ લીધેલી (શબ્દસૃષ્ટિ,ઑક્ટો.૨૦૦૩) એ યથાર્થ લાગે. નૂતન સાહિત્યિક વલણો, વિચારધારાઓ અને ગુજરાતી ઉપરાંત દેશવિદેશની કૃતિઓ, સર્જકો વિશેની આ સંપાદકીય નોંધ 'પરબ'ના અંકોને જીવંત કરતી રહી હતી એ અર્થમાં સંપાદક લેખે ભોળાભાઈ પટેલની આ સેવા સ્મરણીય બને છે.

❑

## સાભાર સ્વીકાર

(૩૯) નિવૃત્તોની માધુકરી : નટુભાઈ વાળંદ, ૨૦૧૫, સુણેવખુર્દ તા. હાંસોટ, જિ. ભરૂચ, પૃ.૪+૩૧, રૂ. ૭૫/- (૪૦) સતીશ ડણક (વ્યક્તિ અને સર્જકતા) : ડૉ. અજય કે. રાઠોડ, ૨૦૧૬, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પૃ.૨૩૧, રૂ. ૨૪૦/- (૪૧) સાંપ્રત ગુજરાતી સાહિત્ય (ઈ.સ. ૨૦૦૦થી ૨૦૧૨) : સંપા. જિતેન્દ્ર મેકવાન, ૨૦૧૫, અરૂણોદય પ્રકાશન, અમદાવાદ. પૃ. ૬+૧૨૨, રૂ. ૧૨૦/- (૪૨) સોનેટમાળા અને સોનેટ યુગ્મ (ઉ.જો. અને સુન્દરમ્‌ના સંદર્ભમાં) : જિતેન્દ્ર મેકવાન, ૨૦૧૫, અરૂણોદય પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૮૨, રૂ. ૮૫/- (૪૩) રંગભૂમિ-૨૦૧૫ : ઉત્પલ ભાયાણી, ૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૮+૧૬૮, રૂ. ૧૭૫/-



# સમીક્ષા/ગ્રંથાવલોકન

## વૈવિધ્ય અને નાવીન્ય | હિમાંશી શેલત

[ **પોલિટેક્નિક'** : મહેન્દ્રસિંહ પરમાર, લટૂર પ્રકાશન, ભાવનગર, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬, પૃષ્ઠ : ૯૬, મૂલ્ય : રૂ.૧૭૦/- ]

કથનકળા અને રચનારીતિના વૈવિધ્યથી સવિશેષ ધ્યાન ખેંચતો વાર્તાસંગ્રહ 'પોલિટેકનિક' મહેન્દ્રસિંહ પરમારની દસ વાર્તાઓ સમાવે છે. પંદરેક વર્ષના ગાળામાં લખાયેલી અને સંગ્રહ માટે પસંદ થયેલી આ દસ કૃતિઓ વાર્તાકારની ધીરજ અને સજ્જતા સૂચવે છે. કથાવસ્તુની જરૂર મુજબ રજૂઆતની અવનવી પદ્ધતિઓ અજમાવવાનું મહેન્દ્રસિંહને ગમે છે. કરુણ અને હાસ્યનું રસપ્રદ ગુંફન, રાજકીય કટાક્ષ, અભાવગ્રસ્ત સમાજના પાયાના પ્રશ્નો અને જિવાતા જીવનની ગતિવિધિ થકી આ વાર્તાઓનું પોત બંધાય છે.

આરંભની ત્રણ રચનાઓ 'પોલિટેક્નિક', 'હવે કઈ પોલિટેક્નિક ?' અને 'ઊડણચકરલડી' એક જ વિષયનાં વિવિધ પરિમાણો દર્શાવે છે. શૌચાલયની આવશ્યકતા, ખાસ કરીને સ્ત્રીઓ માટે, આપણો સમાજ મોડો મોડો સ્વીકારતો થયો છે. છતાં હજી એવાં અનેક શહેરો છે જ્યાં સ્ત્રીઓની મોટામાં મોટી વિમાસણ આ ક્રિયા પતાવવા ક્યાં જવું એ હોય છે. જ્યાં પડતર જમીન અને ખુલ્લો વગડો સુલભ હોય એવાં ગામડાંઓમાં આ મુશ્કેલી ઓછી અનુભવાય. સ્વચ્છતા-અભિયાનનો અત્યારનો તબક્કો, એ અંગેની જાહેરાતો, અને પ્રજાકીય સભાનતાને પગલે કેટલાક કાળ પછી આ ત્રણેય વાર્તાઓ ચોક્કસ સમયગાળાના સામાજિક દસ્તાવેજનું મૂલ્ય ધરાવશે એટલું તો નક્કી. ત્રણેય વાર્તાઓમાં મહિલાઓનો આગવો મિજાજ યથાતથ ઝડપાયો છે જે વાર્તાને ઝમકદાર બનાવે છે, એમાં રહેલી સમસ્યાના કરુણને જરાયે નુકસાન પહોંચાડ્યા વગર.

ગોધરા-ઘટના પછી રચાયેલી 'ઇન્ટેલેક્ચ્યુઅલ ઈન્દુભાઈ' માણસ હોવાનાં કે માણસાઈનાં લક્ષણો સામે એની ઇન્ટેલેક્ચ્યુઅલ હયાતીને મૂકી આપે છે. વિનાશ વેરતા કૉલેજના છોકરાઓને એક સજગ પ્રાધ્યાપક અને જવાબદાર નાગરિકની હેસિયતમાં રોકવા માટે ધસેલા ઈન્દુભાઈને છોકરાઓ સાફસાફ કહી દે છે કે 'જીવ વહાલો હોય તો અત્યારે વચ્ચે નહીં પડતા.'

જીવ વહાલો હતો એની ઇન્ટેલેક્ચ્યુઅલ ઈન્દુભાઈને ત્યારે ખબર પડી. સારપ ક્યાં અને કેવી રીતે પછડાટ ખાય છે તે માર્મિક રીતે આ કથા પ્રગટ કરે છે. 'ઇસ કી મા કા સુંદરજી'નો નાયક ભરત હજામતનું કામ છોડી સૈનિક બનવાનાં સપનાં જુએ છે, અને એની કેવી વલે થાય છે એ વર્ણનમાં હાસ્ય અને કરુણ સાદ્યંત અડખેપડખે રહે છે.

'સાહેબની શોકસભા' અને 'આઈ.એસ.આઈ.નો હાથ' નાટ્યાત્મક પરિસ્થિતિનો આધાર લઈ કરાયેલાં વિશ્લેષણ છે. 'સાહેબની શોકસભા'નો કટાક્ષ સહેજ મોળો પડે છે કારણ કે અખિલેશકુમારનું વ્યક્તિત્વ આરંભનાં ગણતરીનાં વાક્યોમાં જ છતું થઈ જાય છે, અને વાર્તામાં પછી જે કંઈ બને છે તે વ્યક્ત સામગ્રીનો જ પ્રસ્તાર છે. વાર્તાકાર જેને પ્રત્યાયનવિહીન સંચારના ઉત્પાતનો સમય ગણાવે છે તેવા કાળમાં સંકોચાતી જતી અને ક્ષીણ થતી જતી ભાષાની કથા 'પોસ્ટકાર્ડ જેટલી(જ) વાર્તા' અર્થગર્ભ છે. અહીં કથનશૈલી અને છાપકામ - બેય નોખાં છે. લેખનમાં ભરપૂર અંગ્રેજી શબ્દો છે. માતૃભાષા અને માતૃભૂમિ, સંસ્કૃત અને સંસ્કાર, કશું જ ભૂલવા માટે હવે વિદેશવસવાટ ફરજિયાત નથી. આજની પ્રજા ગૂગલમાં જઈને શક્કરખોર સર્ચ કરે એમાંની છે ! પોસ્ટકાર્ડની બહાર જેટલું વાર્તાકારે લખ્યું છે એમાં 'સ' અને 'શ' ભેદ વગરના રાખ્યા છે, આજકાલ જેવા લખાય છે અને બોલાય છે, અદ્દલ એમ.

અદશ્ય થયેલી ટપાલપેટી, અંગ્રેજી-ગુજરાતીની જોડણીના બેફામ અને (બેરોકટોક !) છબરડાઓ, આઘાતથી મૂઢ બની જવાય કાં હસીને બેવડ વળી જવાય એવી વાક્યરચનાઓ - સઘળું એક અ-પૂર્વ વાર્તારચનાની સામગ્રી બને છે. આ કૃતિને માણવામાં જે આનંદ મળે છે એનાથી સહેજ અલગ પ્રકારનો 'એમ.પી. અજમેરા' શીર્ષકધારી કથામાંથી લાધે છે. એક ખાસ પ્રકારની તીક્ષ્ણતા ધરાવતી આ વાર્તા નરેન્દ્રકુમાર અજમેરા (એમ.એ. સંસ્કૃત વિશેષ યોગ્યતા) તરીકે ખ્યાત એવા ભીરુ અને નિષ્ઠાવાન શિક્ષકને કેન્દ્રમાં રાખી રચાઈ છે.

અહીં સરકાર મા-બાપના જાતભાતના હુકમોને પગલે તાબેદાર પ્રાથમિક શિક્ષકોનાં વૈતરાંનો ઉલ્લેખ છે. કુંડલા પંથક માથાભારે ને ત્યાંના અંતરિયાળ ગામે અજમેરા પ્રિસાઈડિન્ગ ઑફિસર ! હવે વાર્તાકારની રમતિયાળ કલમ જુઓ.

'ભારતની લોકશાહી વિશે ચિંતવન કરતાં આખી રાત ફફડતા જીવે ઉભડક પસાર કરેલી. સવારમાં ચાર વાગ્યામાં પ્રાતઃકર્મ 'પતાવી' લેવાના દબાણમાં નિશાળની ટાંકીથી જલપાત્ર ભરી જતા હતા ત્યાં મતપત્રકોની ચિંતા પેઠી. એક થેલીમાં લીધા સાથે. એક હાથમાં જલપાત્ર ને બીજા હાથમાં મતપત્રો !' (પૃ.૬૫)

બોગસ વોટિંગના દબાણ વચ્ચે અડીખમ ઊભા રહેલા અજમેરા પર વરિષ્ઠ અધિકારીની તવાઈ આવે છે. બીજે બધે ૭૦ ટકા મતદાન અને તમારું ૪૦ ટકા શી રીતે ? ઉપરથી પૂછપરછ આવે તો જવાબ અમારે આપવાનો !

આટલો ઉપાલંભ ઓછો હોય એમ અંતે મહાનુભાવ બબડે છે : 'ક્યાંથી આવા પકડી આણ્યા છે ?' અંતે થાકેલા-હારેલા અજમેરા લોકસભાની ચૂંટણીમાં નામાંકનપત્ર ભરીને નિરાંતનો શ્વાસ લે છે. મત મળે છે કુલ બાવીસ પણ છોકરાઓ હવે એમને એમ.પી. સર કહે છે !

સંવાદોમાં ખૂલતાં-ખીલતાં ચરિત્રોને પામવાની રંગમંચના પરખંદા આ વાર્તાકારને ફાવટ છે, એવી જ કુનેહ એમની પાસે નાટ્યાત્મક ક્ષણોને ઝડપી લેવાની છે. પ્રસ્તુત



સંગ્રહને મહેન્દ્રસિંહની આ લાક્ષણિકતાઓનો મોટો લાભ મળ્યો છે.

આવનાર સમયમાં આ વાર્તાકાર કેવી વાર્તાઓ રચશે એ જોવું ગમે, કારણ કે એ તાજગીસભર અને નવીનક્કોર રજૂઆતના પક્ષમાં છે !

## સહજતા અને સ્વાભાવિકતાનો રસ | વિજય શાસ્ત્રી

[ **હારોહાર'** (વાર્તાસંગ્રહ) : ઊજમશી પરમાર, પ્રકાશક : હર્ષ પ્રકાશન, ૪૦૩, ઓમદર્શન ફ્લૅટ્સ, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫, પૃષ્ઠ : ૦૮+૨૦૦, કિંમત : રૂ.૧૭૦/- ]

ઊજમશી પરમાર છેલ્લા ચારેક દાયકાથી વાર્તાલેખનક્ષેત્રે સક્રિય છે. તેમના આ સંગ્રહમાં કુલ ત્રીસ રચનાઓ ગ્રન્થ-સ્થ થઈ છે. વાર્તાક્ષમ કથાબીજની ઓળખ અને સક્ષમ કથનકળા એમની રચનાઓને આસ્વાદ્ય બનાવે છે. પ્રથમ કૃતિ 'હારોહાર' જેના પરથી સંગ્રહને નામ અપાયું છે તે-માં પચાસની ઉંમરે પહોંચી ચૂકેલા હરિલાલની લગ્નઝંખનાને વળ ચડાવતી ઘટનાઓ એક પછી એક ગૂંથાઈ છે તે સાભિપ્રાય બની છે કેમ કે એકલદોકલ ઘટનાથી સંવેદના ઘૂંટાતી નથી. લાગણીઓને વળ પર વળ ચડાવતા જઈ પરાકાષ્ઠાએ પહોંચાડવાની રીતિ ઊજમશીભાઈની વાર્તાકળામાં નોંધને પાત્ર બને છે. વળી ગામડાના પરિસરમાં જીવતાં પાત્રોના જીવનમાં ક્યાંય, (આ કે બીજી વાર્તાઓમાં પણ) અતિરંજિતતાનો અંશ નિરૂપાયો નથી. સહજતા અને સ્વાભાવિકતાના સ્તરે જ સાદ્યન્ત નિરૂપણ કરવું સહેલું નથી.

'રઝળપાટ' નારીચરિત્રના સંકુલ અને અટપટા પ્રદેશોને ઉજાગર કરે છે. આમ છતાં ગુજરાતી વિવેચનામાં રૂઢ અને તેથી લપટો પડી ગયેલો શબ્દ નારીચેતના આ રચના માટે પ્રયોજવાનું પસંદ થાય એમ નથી કેમ કે બૈરાંછોકરાંવાળા મદનને પોતાની માયામાં સપડાવી પરબવાળી બાઈ બધું પડતું મેલીને મદન સાથે ચાલી નીકળે અને થોડા જ વખતમાં તેમની વચ્ચે મોટો ઝઘડો થાય પછી એક દિવસ આ મદન તેને જીવતી સળગાવી દે ત્યારે આ બાઈના મરણોન્મુખ ઉદ્‌ગારો છે : 'આદમી રઝળપાટ કરે તો ઈ આદમીને જોવાસમજવાનું  છે, પણ બાઈમાણાને રઝળપાટ કરી કયે ભવ આરો આવવાનો ?' (પૃ.૧૮). આમ મદનનો આરોપ પોતાના માથે ઓઢી લઈને તે મદનને છૂટો કરી દે છે એ હૃદયપરિવર્તનની કથામાં મજા એ છે કે કશું એકાએક કે અણધાર્યું બનતું નથી. પાત્રને જે રીતે આલેખાયું છે એ રીત જ આખી વાતને સહજ,સ્વાભાવિક અને તેથી પ્રતીતિકર બનાવે છે. વાર્તાકાર ઊજમશી પરમારની આ સહજતાને ન છોડતી રીતિ વિશેષ નોંધને પાત્ર છે.

'પણ તારી વાત જુદી, તારા ખોયડા હેઠળ મારું ઘર મંડાવાનું હતું ને તું મારો

વેપલો કરવાની હદે પોગી ગ્યો !' (પૃ.૩૨). આ શબ્દો છે 'કવળી' વાર્તાની નાયિકા કવળીના. ઘરભંગ થયેલો અમરત કવળીને મેળવવા મથે છે, મેળવેય છે પણ અજાણ્યા પરપુરુષો ઘરમાં લાવી કવળીના દેહનો વિક્રય કરાવે છે ત્યારે કવળી રણચંડી બની અમરતને ભોંય ભેગો કરી બહાર નીકળી જાય છે. અમરત અને કવળીના પરસ્પર માટેના વિરોધી મનોભાવોનું સંનિધિકરણ અને વર્ણનો વાર્તારસને ઘટ્ટ બનાવે છે. વાર્તાના અંતભાગે ડચકાં ખાતાં ફાનસ અને અમરતનું સંનિધિકરણ સરસ પ્રતીકાત્મકતા ઉપસાવે છે.

'કહેવું હતું પણ...' રચના સંબંધોના ગૂંચવાયેલા તાણાવાણામાં પાંગરતા સ્ત્રીના માતૃત્વની કથા છે. ચમનના બાપ ગલાલમાસી સાથે અવૈધ સંબંધ ધરાવે છે. પરિણામે તેનો પેટનો જણ્યો જીવરામ પણ તેની સામું જોતો નથી. પણ ગલાલમાસી ચમનને પેટના જણ્યાથી અદકો રાખે છે. સગી મા ન હોવા છતાં સગી માથી વિશેષ એવાં ગલાલમાસીની મૂર્તિ વાચકની આંખ સામે તેજસ્વીપણે ઝળહળી રહે છે. ભૂતકાળમાં સાચું બોલવું મોકૂફ રાખવું પડેલું તેનો ચચરાટ જશવંત શાકભાજીનો સાચો ભાવ શાંતાબહેનને જણાવી દઈ (શાકવાળાની નારાજગી વેઠ્યા છતાં) શાંતિથી નીંદર માણી શકે એવું ઘટનાવિધાન નાટ્યાત્મક છે. એ માટે 'પાછું વળી ગયું સાચ' વાર્તા વાંચવી રહી. 'સાંઢ' વાર્તામાં જાતીય આવેગથી પીડાતા પાત્રની વાત બોલકી બની જતી લાગે છે.

'ઘંટીનું પડ' વાર્તામાં સાસુ પાર્વતીબાના પાત્રનું આલેખન તેમનાં વાણી અને વર્તન દ્વારા થયું છે. દીકરાવહુની તરફેણ કરતાં પાર્વતીબાનાં વાક્યો ખરેખર તેમનો વિરોધ કરનારાં છે એ પ્રયુક્તિ વાચકને જચે એવી છે. એકસાથે બે અર્થો આપતી વાક્ધારા થોડો વિસ્તાર વહોરીને પણ જાણવા-માણવા જેવી છે.

'ઘણુંય ના બોલવું હોય, પણ માનો જીવ છે ને, આપણેય સમજીએ છીએ કે કાયમની ભાગદોડની જિંદગીથી છોકરો કંટાળ્યો હોય, થોડાક દિવસેય વાતાવરણફેર થાય તો તેને બહુ સારું લાગે, પણ હવે એ એકલો તો ક્યાંય જાય નહીં, સુધાય ભેગી જાય જ ને ! મારે પંદરવીસ દિવસ ઘરમાં શું એકલાં એકલાં ધૂણવાનું ?' (પૃ.૬૭).

'આવાં' પાર્વતીબા જ્યારે જ્યારે પ્રવાસનું ઉપાસણ (?) થાય ત્યારે દરેક વખતે કાંઈ ને કાંઈ વાંધાવચકા કાઢીને દીકરાવહુનું પ્રવાસે જવાનું ખોરંભે પાડી દેતાં એ સંદર્ભે વાર્તાનું શીર્ષક 'ઘંટીનું પડ' અર્થવિસ્તાર સાધતું જાય છે. વાર્તાનું અંતિમ વાક્ય 'હવે એનો જમાનો જતો રહ્યો' (પૃ.૭૧) સાચી ઘંટીના પડ માટે બંધબેસતું થાય છે પણ સુધા પૂછે છે તેમ 'ખરેખર જતો રહ્યો'માં જમાનો હજુ ચાલુ જ છે-ની અર્થવત્તા વાર્તાક્ષમ બની રહે છે. સુધાનું પાત્ર વાચકનો પૂરો સમભાવ પ્રાપ્ત કરી શકે છે.

પૂર્વપતિના મૃત્યુ પ્રસંગે અંતરમાં વૈધવ્ય ધારણ કરતી હુલાસનું પાત્ર પણ કાબિલેતારીફ છે. તૂટેલા સંબંધ જોડવાની દાનત હોય તો બધું શક્ય છે. દાનત ન હોય તો સંજોગો પણ સાથ આપી શકતા નથી એ વાત 'વાડ' વાર્તામાં જેને આવવું જ હોય ઈના કાજે તો દહ ડગલાં છેટું જ ખોડીબારું...!' (પૃ.૮૬) જવલકાકીના વાક્યમાં સબળ



પ્રતીક બની રહે છે. 'ઘંટીનું પડ' વાર્તાના થીમને મળતું આવે એવું કથાવસ્તુ 'નવો અધ્યાય'માં પણ વાચક જોઈ શકશે. ઊજમશીભાઈ બનાવટી ભાવનાત્મકતાને સ્વીકારતા નથી એની સામે કટુ વાસ્તવિકતાનું ચિત્ર આલેખી શકે છે. જે કદાચ તેમની હેડીના અન્ય વાર્તાકારોથી તેમને જુદા પાડે એવું લક્ષણ ગણી શકાય. 'ધોળા ધરમે'ની નાયિકાની ખુમારી પણ વાચકહૃદયને સ્પર્શી જાય તેવા પ્રસંગવિધાન થકી આલેખાઈ છે. ખુમારીની કથાઓમાં 'આટલી અમથી વાત' પણ આસાનીથી ઉમેરી શકાય. 'વયા જવાનો વખત' મનજીમાસાના અણધાર્યા મરણથી સરસ એકાંકી બને તેવી રચના છે. 'ખાલી ખોયું'માં પોતાનું બાળક ગુમાવનાર દંપતીની કથા વેદનાને પ્રસંગો વડે આવિષ્કૃત કરે છે. 'તરફડાટ'માં પત્ની હૂંફવંચિત પતિ મરણ ઈચ્છે ત્યારે બોલાતું વાક્ય સમગ્ર રચનાને 'વાર્તા' બનાવે છે. ક્યારેક આવા એકાદ વાક્યમાં જ 'વાર્તા' પ્રગટી રહેતી હોય છે. એ પણ આસ્વાદ્ય પ્રયુક્તિ ગણાય. એ વાક્ય છે 'વ્હેલા વ્હેલા થઈ જાશું લાકડાભેગી, ઠઠરતાં (કે થથરતાં ? રહેતાં હાડકાંને પછી તો શું કામને ગરમાવો નો મળે ?' (પૃ.૧૭૯)

તળપદા ગ્રામસમાજની બોલી, નાટ્યોચિત સંવાદો, વાતાવરણને વિવિધ વાનાંથી ઘૂંટવાની આવડત અને સંવેદનાનાં એકથી વધુ સ્તરને શબ્દમાધ્યમમાં પરોવવાની સૂઝ ઊજમશીભાઈની આ વાર્તાઓને ગુજરાતી વાર્તાસાહિત્યમાં માનભર્યું સ્થાન અપાવે છે.

## 'હૃદયલિપિ'ની કવિતા | દક્ષા વ્યાસ

[ **હૃદયલિપિ'** : ભારતી રાણે, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬, પૃષ્ઠ : ૧૨+૧૨૦, કિંમત : રૂ.૪૦૦/- ]

'હૃદયલિપિ' સુંદર અને પ્રસ્તુત ચિત્રો તથા એમાંથી ઊપસતી કાવ્યધારાને કારણે નોખી જ ભાત પાડતો ભારતી રાણેનો તાજેતરમાં પ્રકાશિત કાવ્યસંગ્રહ છે. સંગ્રહમાં ૫૪ રચનાઓ છે. એમાં કવયિત્રી અછાંદસ, સૉનેટ, ગઝલ, ગીત, મૉનોઈમેજ જેવાં વિવિધ સ્વરૂપો ઉપર કામ કરતાં દેખાય છે. અહીં મુકાયેલાં લગભગ તમામ ચિત્રોમાં પ્રાકૃતિક સૌંદર્ય છલકાય છે તેમ કવિતામાંય પ્રકૃતિ વિવિધ ઇન્દ્રિયસંવેદ્ય રૂપોમાં છવાયેલી છે. કહી શકાય કે આ સંગ્રહની કવિતાનાં શબ્દો અને સંવેદનો પ્રકૃતિની આંગળી ઝાલીને ચાલે છે. સાથે એ અપાર સૌંદર્યના સર્જક અદૃશ્ય-અકળ એવા ઈશ્વરના અહેસાસનો પણ અનુભવ આપે છે. એ રીતે આ કવિતા પોતાનું વિશિષ્ટ વિશ્વ લઈને પ્રગટી છે.

સંગ્રહના ચાર વિભાગોમાં સૌથી સમૃદ્ધ અને અસરકારક વિભાગ છે અછાંદસનો. અહીં અન્ય સ્વરૂપો કરતાં અછાંદસમાં અભિવ્યક્તિ વધુ ચુસ્ત અને સહજ જણાય છે. કવિકલ્પનાને પાંખો પણ એમાં જ વિશેષ મળી છે. યાયાવર પંખીની જેમ પચાસેક દેશોનો પ્રવાસ કરી ચૂકેલાં કવયિત્રીએ ત્યાંના સ્થળસૌંદર્યને, મબલખ કુદરતને મન

ભરીને માણ્યાં છે. તેથી પ્રગાઢ સંવેદનશીલતા અને એમાંથી નિષ્પન્ન કાવ્યરસનો અનુભવ એમનાં પ્રવાસવર્ણનો અને નિબંધોના ગદ્યમાં પણ થાય છે.

સંગ્રહની ૧૪ અછાંદસ કૃતિઓમાંની સાદી, સરળ, સહજ અભિવ્યક્તિથી દીપતી કૃતિ 'ચકલી'માં આયનાને ટોચતી ચકલીનું વર્ણન છે. એનો પાંખને બદલે ચાંચથી આકાશને ખોજવાનો વ્યાયામ કવિકલ્પનાનો પરિચય આપે છે. અંતિમ પંક્તિ :

**'આયનાના આકાશમાં ઊડી શકાતું નથી !'** (૩)

માત્ર ચકલીને માટે જ નહીં, સમસ્ત જીવનના વાસ્તવને સંદર્ભે વ્યંજક બને છે. એમાં કવયિત્રીનું અંતર્મુખ વલણ અને ચિંતનશીલતા પ્રગટ થાય છે. 'અવાજોનું વિશ્વ' અને 'પિયરઘર' સાદ્યંત આસ્વાદ્ય રચનાઓ છે. સંવેદનની તીવ્રતા પ્રતીત કરાવવાની શૈલી એમની પોતીકી છે :

**નિરર્થકતાના અડાબીડ વનને પાર કરવાની ઉતાવળમાં**
**હું છાંયડાઓની ઉપેક્ષા કરતી દોડ્યા કરું છું.** (૨૧)

*

**વીતેલો સમય ફરી હીંચકે ઝૂલવા આવી ચડે છે,**
**ને દુર્ભાગ્યનો પડછાયો જાણે માની ઠેસે ઠેસે**
**દૂર ને દૂર હડસેલાતો જાય છે.** (૨૩)

આ અભિવ્યક્તિ કોઈ અકળ અનુભૂતિમાંથી આવે છે :

**તું સવારોને છલકાવે છે સૂર્યરશ્મિના ફુવારાથી**
**ને રાત્રિઓને સંગોપે છે ગાઢ નિસ્પંદમાં.** (૫)

આવો ઉપાડ હૃદયને વશ કરી લે છે. અભિવ્યક્તિના આ માર્ગે અલબત્ત વાયવ્ય રહી જવાનું જોખમ રહેલું છે. પિરામિડની કેટલીક મૉનોઇમેજમાં તેમ બન્યું છે. 'તેજનો ભારો', 'સુગંધનો ભારો' જેવાં રૂપક વૃદ્ધ લાગતાં નથી.

આ કવિતા ઇન્દ્રિયસંવેદ્ય વર્ણનો-ચિત્રોથી ખચિત છે :

**કાળમીંઢ રાત્રિએ સંચિત કરેલું મૌન**
**તમરાંની રણઝણમાં ઝમી રહ્યું છે.** (૨૫)

*

**મારી પાંપણોમાં ફરકી ઊઠશે,**
**જળકુંડમાં નાહ્યા પછી પાંખ સૂકવતા**
**પંખીનાં પીંછાંનો ફરકાટ.** (૨૫)

સૉનેટોમાં 'વરસાદી રાત' ઇન્દ્રિયસંવેદ્ય પ્રકૃતિચિત્રો થકી આકર્ષે છે તો 'શાંતિપથ' ઉત્કટ સંવેદનાથી. 'શાંતિપથ'ના બાહ્ય સંઘર્ષમાંથી આંતરસંઘર્ષ તરફ લઈ જતો ઘાટીલો



મરોડ અને અંતિમ પંક્તિમાં સધાતી ભાવપરાકાષ્ઠા સ્પર્શી જાય છે :

**શું યુદ્ધ એક જ હશે પથ શાંતિ કેરો ?** (૪૧)

**એ નિર્મમ વાસ્તવના વૈષમ્યને વ્યંજિત કરે છે.**

અહીં અરધોઅરધ સંખ્યામાં ગઝલો છે. એમાં 'સમેટી જાઉં છું', 'વનમાં પાનખર', 'જીવી ગઈ', 'સ્મરણ', 'ગોરજટાણું', 'હોય જો નિર્ણય' લગભગ સાદ્યંત નભે છે. કેટલાક સ્પર્શક્ષમ શેર જોઈએ :

**પાંપણે વીત્યો સમય ટોળે વળે,**
**ને ક્ષણોનાં શહેર એમાં ટળવળે.** (૮૩)

*

**સાતતાળી દઈ લપ્પા છૂપ્પા કરે સુખદુઃખ સતત,**
**જિંદગીનું નામ બીજું, આગ-પાણીની રમત.** (૯૧)

*

**આભઊંચા ઓરતાની આ સફર,**
**ને વિસામો કોઈની પલકો તળે.** (૯૫)

*

**ઝાંઝવાં રણમાં નથી મળતાં હવે,**
**આંખમાં સૌની હવે એ ટળવળે.** (૮૩)

મુસલસલ ગઝલ 'વનમાં પાનખર'માં પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય સહજ રીતે અનુભવાય છે.

'સાંભરે'માં સૉનેટ-ગઝલનું તો 'ઢાઈ અક્ષરની શાહી'માં ગીત-ગઝલનું મિશ્ર રૂપ પ્રગટેલું જણાશે. ગીતોમાં 'ક્યાં છે સૂરજનું ગામ ?' અને 'વાસંતી લહેરખી' ધ્યાન ખેંચે છે. ગીતમાં આકર્ષક ઉપાડ અર્ધી બાજી જીતી લે છે :

**અમે વૃક્ષોને પૂછ્યું છે**
**પંખીના ટોળામાં ટહુકાનું નામ**
**અમે ઝાંખા પરોઢની ઝાકળને પૂછ્યું કે**
**ક્યાં છે સૂરજનું ગામ ?** (૧૦૭)

*

**આંગળીને ટેરવે ઊગ્યાં કૈં ફૂલ,**
**તને અડવાની કીધી મેં ભૂલ !** (૧૧૯)

આ કવિતા આંસુની - પીડાની વાત વારંવાર કરે છે. એક ગઝલની તો રદીફ જ છે : 'ડૂસકે ચડ્યું' :

**સ્વપ્ન કોરી આંખ પર ડૂસકે ચડ્યું. (૭૯)**

*

**મારું એક-એક અશ્રુ શિલ્પીનું ટાંકણું બની જઈ**
**અવકાશમાં ઘડે છે તારા શિલ્પને. (૫)**

*

**પણ હું તને અનુભવું છું મારી આસપાસ, દર્દની પરાકાષ્ઠા પર. (૧૯)**

*

**આ સિતારા સ્મિત છે કે, અશ્રુ અનરાધાર છે ? (૬૭)**

**આખરે અકળ પીડા તો કવિઓને મળેલું વરદાન જ છે ને !**

'વિસ્મયાંક્તિ'માં કવયિત્રી કહે છે :

**કોઈ ચિરંતન તપસ્વીની જેમ**
**હું સમાધિ લગાવીને બેસું છું ને સાક્ષાત્કારું છું,**
**નિગૂઢ અંધકારમાંથી ઊભરતા વિશ્વને. (૧૧)**

નિબિડ પ્રકૃતિ સાથેના આવા નિગૂઢ સંવેદનશીલ તાદાત્મ્યમાંથી ભવિષ્યમાં પણ તાજેતાજાં કાવ્યઝરણ ફૂટતાં રહો.

## જળ પર સુરેખ લકીર | ઉર્વીશ વસાવડા

[**'જળ પર લકીર'** : સુધીર પટેલ, પ્રકાશક : લટૂર પ્રકાશન, ભાવનગર-૩૬૪૦૦૨, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬, પૃષ્ઠ : ૧૦૨, કિંમત : રૂ.૧૫૦/- ]

છેલ્લાં ઘણાં વરસોથી ગઝલ ક્ષેત્રે પ્રવૃત્ત રહેલા સુધીર પટેલ આપણને સાતત્યપૂર્વક ચોથો ગઝલસંગ્રહ 'જળ પર લકીર' આપે છે. આપણા દેશમાં બંધાયેલ ગઝલપિંડ સાથે પરદેશ ગયા પછી પણ એમણે ત્યાંની આબોહવામાં એનું રાખરખોપું સુંદર રીતે કરેલ છે એ પ્રતીતિ આ સંગ્રહમાંથી પસાર થતાં આંખે વળગે એવી વાત છે.

ગઝલના દરેક શેર સ્વતંત્ર હોવા છતાં એક પ્રચ્છન્ન તંતુથી જોડાયેલ હોય છે અને એ સર્જકની અંતઃચેતનાને પ્રતિબિંબિત કરે છે. આજે લખાતી મોટા ભાગની ગઝલોમાં આ અનુસંધાનની ઊણપ ઊડીને આંખે વળગે છે ત્યારે આ ગઝલસંગ્રહ એમાં મહદ્ અંશે અપવાદ છે એ અત્યંત આનંદની વાત છે.

**સૌ પ્રથમ એના વિષે વિચારવાનું રાખીએ**
**ને પછી લૈ ટાંકણું કંડારવાનું રાખીએ.**



આ શેરમાં લખે છે તેમ આ વાતનો અમલ એમણે એમની સર્જનયાત્રા દરમ્યાન ચુસ્ત અને સભાનપણે કરેલ છે એ સંગ્રહમાંથી પસાર થતાં તરત ખ્યાલ આવે છે. અન્ય એક બાબત ધ્યાન ખેંચે એવી છે. આ સંગ્રહમાં ૮૧ માંથી ૨૧ ગઝલમાં સાની મત્લા પ્રયોજાયો છે, જે એમની ગઝલની શાસ્ત્રીયતા બાબતે સજ્જતાનું દ્યોતક છે.

સંગ્રહમાં પાનબાઈ રદીફથી ૬ ગઝલનું ગુચ્છ મળે છે. સ્વ. મનોજ ખંડેરિયા જેવા માતબર સર્જકે જે કામ કરેલ હોય એ ઈલાકામાં પગ મૂકવો એ ખૂબ હિંમત માગી લે એવું કામ છે. વળી આ રચનાઓ વાંચતી વેળા સ્વાભાવિક રીતે જ ભાવક મનોમન એક સરખામણી કરતો રહેતો હોય છે. તેમ છતાં સમગ્ર ગઝલગુચ્છમાં મનોજભાઈની સ્પષ્ટપણે અસરનો સ્વીકાર કરીને વાંચવાલાયક રચનાઓ થઈ છે એ એનું જમાપાસું. આ ઉપરાંત પણ સંગ્રહમાં પૂર્વસૂરિઓ, મરીઝ, રાજેન્દ્ર શુક્લ વગેરેની અસર જોવા મળે છે પણ એમાં યે કવિના પોતાના હસ્તાક્ષર બહુ જ સ્પષ્ટપણે વાંચી શકાય છે.

કવિ ગઝલોમાં પરંપરિત રીતે ખેડાતા અને આજકાલ અતિશય વપરાતા છંદોને બદલે થોડાક ફેરફાર સાથે પ્રયોજાતા મિશ્ર છંદોનો ઉપયોગ વધારે કરે છે. અલબત્ત આમ કરવામાં છંદોની ચુસ્તતા બાબતે એ ક્યાંક ઊણા ઊતરે છે એની નોંધ લેવી રહી. એમને પ્રયોગશીલતા ગમે છે અને એટલે શ્રી મનોહર ત્રિવેદીએ પ્રસ્તાવનામાં જેનો ઉલ્લેખ કરેલ છે તે પા.૬૩ પરની 'આઝાદ' ગઝલમાં કરેલ પ્રયોગ ખરેખર નોંધનીય છે. પ્રારંભે મુકાયેલ ત્રિપદીઓ પણ ધ્યાન ખેંચે તેવી છે. પા.૫૨ની મકતા સાથેની મત્લા ગઝલ પણ ધ્યાનાર્હ બની છે. જોકે સંગ્રહની લગભગ બધી ગઝલોમાં મક્તાનો શેર રાખવાનો આગ્રહ શેરીયત પર ક્યારેક અવળી અસર કરતો હોય એવું લાગ્યા કરે છે. પા.૭૩ પરની ગઝલમાં ઝનો ઉપયોગ કાફિયા તરીકે કાબિલેદાદ છે. તો પા.૪૪ પર મોંહે-જો-દડો જેવો કાફિયા પણ ગમે એવો છે.

પા.૫૨ પરની ગઝલ હોરીમા વ્રજ ભાષાનો ઉપયોગ કરીને લખેલ પણ ધ્યાન ખેંચે એવી બાબત છે. જોકે આ ગઝલમાં ત્રીજા શેરમાં :

**રહી સઘળી ગલી-કુંજો ય કોરી**

**જેવો એકમાત્ર શુદ્ધ ગુજરાતી મિશ્રો નિવારી શકાયો હોત.**

ગઝલોમાં પર્યાવરણ અંગે કવિ ચિંતિત છે અને એટલે આપણને આવા શેર સાંપડે છે.

**નથી બચવા દીધું એક વૃક્ષ પણ ને પાછો**
**શીળી છાંયાની રસ્તા પર પરબ ઈચ્છે છે.**

*

**પંખીનો ટહુકો મને જંગલ ભણી લઈ જાય છે.**
**વૃક્ષનો પડઘો મને જંગલ ભણી લઈ જાય છે.**

આમ તો પા.૪૪ પરની આ 'જંગલ ભણી લઈ જાય છે' રદીફવાળી ગઝલ

સાદ્યંત સુંદર છે, તો બીજી કેટલીક સાદ્યંત સુંદર ગઝલો આપણને મળે છે. ઉદા. પા.૮ પરની ***જુદું જુદું***, પા.૫૯ પરની ***એ જ તો એની ખૂબી છે***, પા.૭૩ પરની ***આપે તો બોલું*** જેવી આમાંની થોડીક ગણાવી શકાય. વળી પા.૬૫ પરની ***ઈચ્છા પુરાણ*** શીર્ષક ધરાવતી ગઝલ શીર્ષકને સાર્થક કરતી સાદ્યંત સુંદર ગઝલ છે. સામે પક્ષે પા.૬૧ પરની ગઝલ ***નદી બેય કાંઠે વહે છે***માં રદીક લટકે છે એવું લાગ્યા કરે છે.

સમગ્ર સંગ્રહમાં અટકવા જેવાં અનેક સ્થાનો મળે છે એમાંથી બેત્રણ ગમતા શેર નોંધું છું :

**સુએ છે રોજ જે ફૂટપાથ પર રાતે**
**પૂછો તો નામ એનું પણ સિકંદર છે.**

*

**વ્યર્થ તું દ્વાર ખોલ બંધ ના કર**
**શોધ ભીતર પ્રમાણ કોણ ગયું ?**

*

**લોહી સીંચી બાળ સૌ મોટાં કર્યાં**
**એ પછી મા સાચું હરખાઈ નથી**

*

**કલ્પના એની કરો ને તમને એ ક્ષણમાં મળે**
**એ સનમ હો કે ખુદા, ખુદના જ આંગણમાં મળે.**

એકંદરે ગઝલસર્જનમાં સાતત્ય અને પ્રતિબદ્ધતા જાળવતા થોડાક સંગ્રહોમાં આ એક ઉમેરણ બની રહેતો ગઝલસંગ્રહ છે.

❑

## સાભાર સ્વીકાર

(૪૪) ઉમાશંકર : મારા આભલામાં : ધીરેન્દ્ર મહેતા, ૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૪+૧૩૩, રૂ. ૧૨૫/- (૪૫) વૉટસપ અને અન્ય લઘુનાટકો : ઉત્તમ ગડા, ૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨+૧૬૭, રૂ. ૨૦૦/- (૪૬) મારી સફરમાં મારી જીવન સંગિની : સંપા. રમેશ સી. જસાણી, ૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, ૮+૧૨૪, રૂ. ૧૭૫/-



# અહેવાલ

# અસ્મિતાપર્વ-૨૦

■ અજય પાઠક ■

ભાવનગર જિલ્લાના મહુવા ગામે માલણ નદીના કાંઠે શ્રી કૈલાસ ગુરુકુળમાં પૂ.શ્રી મોરારિબાપુની ઉપસ્થિતિમાં આદિ શંકરાચાર્ય સંવાદ ગૃહમાં તા.૭-૪-૨૦૧૭થી ૧૧-૪-૨૦૧૭ના રોજ અસ્મિતાપર્વ-૨૦નું આયોજન થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરિશ્ચન્દ્ર જોશીએ સંભાળ્યું હતું.

શ્રી હરિશ્ચન્દ્રભાઈએ પૂ. બાપુની સમગ્ર પ્રવૃત્તિની એક આછી રૂપરેખા આપીને 'આહુતિ' ગ્રંથના લોકાર્પણની ભૂમિકા બાંધી હતી. 'આહુતિ' ગ્રંથનું લોકાર્પણ શ્રી રઘુવીર ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. લોકાર્પણ વિધિ બાદ ટૂંકા ઉદ્‌બોધનમાં શ્રી રઘુવીર ચૌધરીએ ગ્રંથનો પરિચય કરાવ્યો હતો.

ગ્રંથવિમોચન પછી સંગોષ્ઠિ-૧, કવિકર્મ પ્રતિષ્ઠા અને કાવ્યપાઠ બેઠકનું સંયોજન શ્રી તુષાર શુક્લએ કર્યું હતું. પહેલાં શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની કવિતા વિશે શ્રી યોગેશ જોષીએ વક્તવ્ય આપ્યું હતું. શ્રી યોગેશ જોષીએ હર્ષભાઈની કવિતાનો પરિચય કરાવ્યો. સાથે કવિના સમગ્ર વ્યક્તિત્વનો વિગતપૂર્ણ ખ્યાલ આપ્યો. તેમના વક્તવ્યમાં કવિ સાથેનો વક્તાનો અંતરંગ સંબંધ હોઈને કવિના વ્યક્તિત્વની કેટલીક સરસ રેખાઓ તેમણે અંકિત કરી હતી. કાવ્યપાઠમાં હર્ષ બ્રહ્મભટ્ટ પોતાનો વિશેષ ઉપસાવી શક્યા હતા. સામયિકો દ્વારા ભાવક પાસે પહોંચતી કવિતા જ્યારે આ રીતે સર્જકના મુખે રજૂ થતી સાંભળવા મળે છે ત્યારે કવિતાનું રૂપ નિખરતું હોય છે. શ્રી મહેન્દ્ર જોશીએ સંજુ વાળાની કવિતા વિશે વક્તવ્ય આપ્યું હતું. તેમણે સંજુ વાળાની કવિતામાં રહેલ સર્જક-કર્મની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે 'આ કવિ અરૂઢ ભાષાના છે.' કવિના નવસર્જનની મથામણને તેમણે ચીંધી બતાવી. કવિ મધ્યકાલીન, આધુનિક, અનુઆધુનિક વલણો સાથે કાવ્યસર્જન કરે છે. કવિનાં કાવ્યોમાં રહેલ રચનાકૌશલને ખોલીને સમજાવ્યાં. ત્યારબાદ સંજુ વાળાએ પોતાની પ્રભાવક ઢબે કાવ્યપાઠ કર્યો. બે સમર્થ કવિઓને પામવાનો આ બેઠકનો ઉપક્રમ સફળ રહ્યો.

તા.૮-૪-૨૦૧૭, શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સંગોષ્ઠિ-૨નો આરંભ થયો હતો. આ બેઠકનું સંયોજન શ્રી ભાગ્યેશ જહાએ સંભાળ્યું હતું. સંગોષ્ઠિનો વિષય હતો 'વહીવટના લેખાંજોખાં' વક્તાઓ હતા સર્વશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, પ્રવીણ લહેરી

તથા વસંત ગઢવી. વક્તાઓ તથા સંચાલકે શુષ્ક વિષયને, તનાવયુક્ત ચર્ચાને બદલે હળવી શૈલીમાં રસપ્રદ બનાવ્યો અને વહીવટની આંટીઘૂંટીને સરળતાથી રજૂ કરી. વિવિધ ખંડોમાં વહેંચાયેલું તંત્ર તત્ત્વતઃ અખંડ છે તેવું દર્શન રજૂ કર્યું.

બપોરની બેઠક, સંગોષ્ઠિ-૩, મારું હાસ્યલેખન - મારી હાસ્યપ્રસ્તુતિ, ૩.૦૦ કલાકે શરૂ થઈ હતી. આ બેઠકના સંયોજક હતા શ્રી ભદ્રાયુ વછરાજાની. વક્તાઓ હતા સર્વશ્રી શાહબુદ્દીન રાઠોડ, જગદીશ ત્રિવેદી, સાંઈરામ દવે. ત્રણ જુદા જુદા પ્રકારના હાસ્યકારોને પ્રશ્નો પૂછીને ભદ્રાયુભાઈએ સમગ્ર બેઠકને રસપ્રદ બનાવી હતી. શાહબુદ્દીન રાઠોડે કહ્યું કે વ્યક્તિ ખડખડાટ હસે ત્યારે વિચારશૂન્ય બની જાય છે, ત્યારે અ-મનની સ્થિતિ સર્જાય છે. હાસ્ય ધ્યાનનું પ્રવેશદ્વાર છે. ત્યારે અહંવિહીન દશાનો આનંદ પ્રાપ્ત થાય છે. સાંઈરામ દવે નવા કલાકારના પ્રેરણારૂપ હાસ્યકલાકાર છે. પોતે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરનું ભણતા ત્યારે ફિલ્મી કલાકારોના જુદા જુદા ૨૦/૨૨ અવાજ કાઢીને ગ્રૂપમાં હાસ્ય પ્રયોજન કરતા. જગદીશ ત્રિવેદી વળી એક વિશિષ્ટ કલાકાર છે. 'ડીંગડીંગાણું ને ડીંગની ટોળી...' રજૂ કરીને પોતાની આઈડેન્ટિટી-આઈટેમ આપી. ત્રણ વખત પીએચ.ડી.નો અભ્યાસ કરીને પોતાનામાં પડેલા વિદ્યાર્થીને દઢપણે સ્થાપિત કર્યો છે. પોતાનો પરિચય તે 'જગો ઝેરોક્ષવાળો' તરીકે આપે છે. જેટલી સબળ હાસ્યપ્રસ્તુતિ છે, તેટલી જ સબળ હાસ્યલેખનપ્રવૃત્તિ છે. જુદા જુદા પ્રશ્નો પૂછીને ત્રણે કલાકારોની પ્રસ્તુતિ એવં લેખનપ્રવૃત્તિનો પરિચય હળવી શૈલીમાં ભદ્રાયુભાઈએ કરાવ્યો.

તા.૯-૪-૨૦૧૭, રવિવાર સવારે ૯.૦૦ કલાકે સંગોષ્ઠિ-૪, ગુજરાતી ગઝલના ગઢનો આરંભ થયો. આ બેઠકનું સંચાલન સંજુ વાળાએ કર્યું હતું. વક્તાઓ હતા સર્વશ્રી અંકિત ત્રિવેદી, રઈશ મનીઆર અને જલન માતરી, તેઓએ અનુક્રમે બરકત વીરાણી 'બેફામ', 'શૂન્ય' પાલનપુરી તથા 'મરીઝ' વિશે વક્તવ્યો આપ્યાં. સંજુ વાળાએ ગુજરાતી ગઝલની પરંપરાની વાત કરી. શ્રી અંકિત ત્રિવેદીએ 'બેફામ'ને સદાબહાર શાયર ગણાવ્યા. તેમણે કહ્યું કે 'બેફામ' તડપનનો તહેવાર ઊજવનારો કવિ છે. તેનામાં વેદનાની ઝીણી સિતારી વાગે છે. 'બેફામ'નું યાદગાર તરન્નુમ યાદ કર્યું. ૧૯૫૨માં રચાયેલ ગઝલના પ્રખ્યાત મક્તાના શેરને ટાંક્યો... 'નહિતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી' આકાશવાણી મુંબઈની વાત કરી. તેમણે આકાશવાણીમાં રહીને પ્રોફેશનલ/કોમર્શિયલ કામ કર્યું. અંકિત ત્રિવેદીએ જણાવ્યું કે કાવ્યતત્ત્વ અકબંધ રાખીને કોમર્શિયલ થવું મુશ્કેલ છે. 'બેફામે' આ કામ પાર પાડ્યું છે. તેમણે જણાવ્યું કે સહેલું લખવું અઘરું છે. બેફામ આ કરી શક્યા.

ત્યારબાદ શ્રી રઈશ મનીઆરે 'શૂન્ય' પાલનપુરીનો પરિચય કરાવ્યો, તેમની ગઝલોનો આસ્વાદ કરાવ્યો. તેમણે પંક્તિ ટાંકી, 'બધા સમજી શકે એવી કહાની લઈને આવ્યો છું.' તેથી સમજાવવા નથી. કવિના ૬ કવિતાસંગ્રહો; ૧૯૫૬માં ૧લો સંગ્રહ, ૧૯૯૨માં સમગ્ર કવિતા-'શૂન્યનો વૈભવ'. ફિટ્ઝરાલ્ડે જે રૂબાઈઓનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે તે ઉમર ખય્યામની ફારસી રૂબાઈઓનો ગુજરાતી અનુવાદ 'શૂન્ય' પાલનપુરીએ



કર્યો છે તે વિગત આપી.

તેમણે નોંધ્યું કે સૂફીરંગમાં 'શૂન્ય' અનન્ય છે. ત્યારબાદ જલન માતરીએ તેમની આગવી લાક્ષણિક શૈલીમાં 'મરીઝ'નો પરિચય કરાવ્યો. બે સમર્થ વક્તાઓ, યુવાન વક્તાઓની આકર્ષક શૈલીની રજૂઆત પછી આ પીઢ, વયસ્ક વક્તાની અનોખી અદાથી શ્રોતાસમૂહ અચરજભરી રીતે વાહ વાહની દાદ આપી રહ્યો હતો. તેમણે કહ્યું કે 'મરીઝ' ફકીરી અંદાઝના કવિ હતા. દાઉદી વ્હોરા કોમના 'મરીઝ' વ્યક્તિ તરીકે નમ્ર હતા. તેઓ ઊંચી કક્ષાના શાયર હતા. અહંકારથી પર અને પ્રેમાળ વ્યક્તિ હતા. તેઓ માત્ર બે ચોપડી ભણેલા શાયર હતા. મુશાયરામાં 'મરીઝ'ની રજૂઆત નબળી રહેતી. જલન માતરીએ 'મરીઝ'ની નબળી રજૂઆતનો નમૂનો સાભિનય પેશ કર્યો હતો. તેથી મુશાયરામાં સફળ નહિ એવો આ કવિ છે. આમ આ બેઠકમાં ગુજરાતી ગઝલના ત્રણ સ્તંભો પર ત્રણ વક્તવ્યોની ભવ્ય ઇમારત ઉદ્‌ભવી હતી.

બપોરે ૩.૩૦ કલાકે 'કાવ્યાયન'ની બેઠક હતી. સંયોજન શ્રી હિમલ પંડ્યાએ કર્યું હતું. કવિઓમાં સર્વશ્રી જયંત ડાંગોદરા, ભરત ભટ્ટ 'પવન', મનોજ જોશી 'મન', લતા હિરાણી, 'સ્નેહી' પરમાર, વારિજ લુહાર ઉપસ્થિત હતાં. ભરત ભટ્ટ તથા સ્નેહી પરમારને ખૂબ દાદ મળી હતી.

તા.૧૦-૪-૨૦૧૭ સોમવાર સવારે ૯.૦૦ કલાકે સંગોષ્ઠિ-૫નો આરંભ થયો. વિષય હતો 'ફિલ્મજગત અને હું'. આ બેઠકનાં સંયોજક હતાં શ્રી મેઘા ઠક્કર, વક્તા કલાકારો હતાં સર્વશ્રી કંવલજીત (આશા પારેખની અનુપસ્થિતિમાં), પ્રિયા દત્ત (નરગીસ અને સુનીલ દત્તનાં દીકરી), આનંદ રાજ આનંદ (સંગીતકાર, કવિ). ફિલ્મજગતનાં કલાકારોનો પરિચય આગવી ઢબે કરાવવાનું ઊંડાણપૂર્વકનું હોમવર્ક કરીને મેઘા ઠક્કર આવ્યાં હતાં. અંગ્રેજી, હિન્દી ભાષામાં આકર્ષક, પ્રભાવક અભિવ્યક્તિ ધરાવતાં આ સંયોજક તેમની પહેલી જ ઓવરમાં કંવલજીત જેવા સફળ ટીવી કલાકારને ખુશ કરી શક્યાં અને તેમાંથી જન્મ્યો જીવન્ત સંવાદ. કલાકારના બાહ્ય (Formal) 'હું' અને કલાકારની અંદર છુપાયેલા 'હું'ને મેઘા વિવિધ પ્રશ્નો દ્વારા પ્રગટ કરતાં રહ્યાં જે જોવું-સાંભળવું એક લ્હાવો હતો. કંવલજીતને 'બુનિયાદ' સિરિયલથી લોકો જાણે છે, ચાહે છે, પણ 'ફરમાન' નામની સિરિયલમાં એક જુદા જ કંવલજીતનો પરિચય મળે છે. આ ભૂમિકા, કંવલજીતે આત્મસાત્ કરેલી છે અને તેનાથી પોતાને ઓળખાવું ગમે છે તેમ તેણે કહ્યું. પ્રિયા દત્તના ઉછેરમાં રહેલ Secular અભિગમ, Human Personality, માનવધર્મ વગેરે ધ્યાન ખેંચનારા મુદ્દા રહ્યા. ફિલ્મજગતમાં કેવી ઉમદા ભાવનાઓ સાથે કુટુંબ જીવે છે તેનો ખ્યાલ તેની વાતોમાંથી મળ્યો. આનંદ રાજ આનંદની સંગીતસાધના વિશેની કલાકારની કેફિયત રસપ્રદ રહી.

બપોરની બેઠક 'કાવ્યાસ્વાદ' અને 'કાવ્યગાન' ૩-૦૦ કલાકે શરૂ થઈ હતી. બેઠકનું સંયોજન વિનોદ જોશી તથા તુષાર શુક્લએ સંભાળ્યું હતું. આ બેઠકમાં કવિશ્રી કાન્ત, મરીઝ, રાજેન્દ્ર શાહ, હરીન્દ્ર દવે, નીનુ મઝુમદાર, જગદીપ વીરાણી, પ્રિયકાન્ત

મણિયાર, સુરેશ દલાલ, રમેશ પારેખ, અનિલ જોશી, રાજેન્દ્ર શુક્લ, માધવ રામાનુજ, વિનોદ જોશીની જાણીતી રચનાઓનો આસ્વાદ કરાવવામાં આવ્યો હતો તથા તે રચનાઓનું સુંદર ગાન પ્રસ્તુત થયું હતું. શ્યામલ-સૌમિલ મુનશીનાં સંગીત-સંયોજનમાં સર્વશ્રી ઓસમાણ મીર, ગાર્ગી વોરા, કલ્યાણી કૌઠાળકર, શ્યામલ-સૌમિલ મુનશીએ ગાનપ્રસ્તુતિ કરી હતી. જે સ્વરકારોનાં સ્વરસંયોજનોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી તે હતા સર્વશ્રી જગદીપ વીરાણી, નીનુ મઝુમદાર, દિલીપ ધોળકિયા, અજિત શેઠ, ઉપેન્દ્ર ત્રિવેદી, દક્ષેશ ધ્રુવ, પુરુષોત્તમ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસ, હરિશ્ચન્દ્ર જોશી, પરેશ ભટ્ટ, શ્યામલ-સૌમિલ તથા અમર ભટ્ટ. ઉત્તમ રચનાઓના ઉત્તમ આસ્વાદો થયા. ઉત્તમ ગાનપ્રસ્તુતિ થઈ. એક યાદગાર બેઠક બની રહી.

રાત્રિકાર્યક્રમોમાં હનુમંત સંગીતમહોત્સવ-૪૦ અંતર્ગત તા.૭ના રોજ કૈલાસ ગુરુકુળ-વાતાનુકૂલિત સભાખંડમાં ‘વહાલના વારસદાર’ નાટકની પ્રસ્તુતિ રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સૂરત દ્વારા કરવામાં આવી. તા.૮ના રોજ ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે પં. શિવકુમાર શર્માનું સંતૂરવાદન હતું તથા પં. ભવાનીશંકરનું પખવાજવાદન હતું. શ્રી યોગેશ શમ્સીએ તબલાંસંગત કરી હતી. તા.૯ના રોજ પં. હરિપ્રસાદ ચૌરસિયાનું બાંસુરીવાદન હતું. કંઠ્યસંગીતમાં બેગમ પરવીન સુલતાનાએ રજૂઆત કરી હતી. પં. ભવાનીશંકર (પખવાજ), શ્રી યોગેશ શમ્સી (તબલાં). વાદ્યસંગીત સાથે સંગતમાં હતાં અને સુશ્રી શાદાબ એસ. ખાન (સ્વર), શ્રી શ્રીનિવાસ આચાર્ય (તબલાં) કંઠ્યસંગીતમાં સંગતમાં હતાં. તા.૧૦ના રોજ શાસ્ત્રીય વાદ્યસંગીતમાં પં. બુધાદિત્ય મુખરજીનું સિતારવાદન હતું. સંગત શ્રી સોમેન નાન્દી. શાસ્ત્રીય નૃત્યમાં સુશ્રી માલવિકા સરુક્કાઈએ ભરતનાટ્યમ્‌માં પ્રસ્તુતિ કરી હતી.

તા.૧૧-૪-૨૦૧૭ મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે શ્રી હનુમાન જયંતી : એવૉર્ડ સમારોહનો આરંભ થયો હતો. ચિત્રકલાની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં શ્રીમતી માધવી મનુ પારેખને કૈલાસ લલિતકલા એવૉર્ડ અર્પણ થયો. અભિનયક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં સર્વશ્રી મણિલાલ નાયક, સરિતા જોશી, હૈદર અલી અને સાયરાબાનુને અનુક્રમે ગુજરાતી લોકનાટ્ય (ભવાઈ), ગુજરાતી રંગભૂમિ (નાટક), ભારતીય ટેલિવિઝન શ્રેણી (હિન્દી) અને ભારતી ફિલ્મ (હિન્દી) માટે નટરાજ એવૉર્ડ અર્પણ થયા. ભારતીય શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં સર્વશ્રી પં. ભવાનીશંકર, પં. બુધાદિત્ય મુખરજી, સુશ્રી માલવિકા સરુક્કાઈ, બેગમ પરવીન સુલતાનાને અનુક્રમે શાસ્ત્રીય તાલવાદ્ય સંગીત (પખવાજ), શાસ્ત્રીય નૃત્ય (ભરતનાટ્યમ્), શાસ્ત્રીય કંઠ્યસંગીત માટે હનુમંત એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યા.

એવૉર્ડ વિધિ બાદ પૂ. મોરારિબાપુએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે પોતાના હૃદયની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમોમાં રહેલી આયોજનદૃષ્ટિની પ્રશંસા કરી હતી. હનુમાનજી મહારાજના પંચપ્રાણના રક્ષક, પંચધર્મ, પંચતત્ત્વ, પંચભૂત, પંચભ્રમણ વગેરે મુદ્દા કરી વાર્તાલાપ કર્યો હતો. એક તકે તેમણે જણાવ્યું કે પ્રત્યેકને આયુષ્ય હોય



તેમ પ્રસિદ્ધિને પણ આયુષ્ય હોય છે. ‘સાધુ તો ચલતા ભલા’ ઉક્તિની સામે નવી ઉક્તિ પ્રયોજી ‘સાધુ તો ભજતા ભલા’. હનુમાનજી વીણાપાણિ છે, વ્રજપાણિ નહિ, તેથી ગદાના સ્વરૂપમાંથી વીણા બનાવી દીધી.

પૂ.બાપુ આ પ્રસંગે સાહિત્ય અને કળાને પ્રોત્સાહન પ્રાપ્ત થાય તેવા ઉપક્રમો યોજે છે. તેમાં અસ્મિતાપર્વ અંતર્ગત ચિત્રવીથિકામાં પરમેન્દ્ર ગજ્જર અને પ્રતાપસિંહ જાડેજાનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. શ્રી ગજ્જરનાં ચિત્રો કાલિદાસની કૃતિઓ ‘કુમાર-સંભવ’, ‘શાંકુતલ’ પર આધારિત હતાં. શ્રી પ્રતાપસિંહનાં ચિત્રો ઝવેરચંદ મેઘાણીની ‘સૌરાષ્ટ્રની રસધાર’ વારતાઓના પ્રસંગો પર આધારિત હતાં.

તમામ નિમંત્રિત સર્જકો/સહભાવકોને ‘આહુતિ’ ગ્રન્થ પ્રસાદ-ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો. આ ગ્રન્થમાં આ પ્રવૃત્તિનાં ૨૦ વર્ષનું નયનરમ્ય ફોટોગ્રાફ્સ સાથેનું સરવૈયું પ્રસ્તુત છે. ગુજરાતની સાહિત્યકલાપ્રેમી જનતાને તે વિલોકવું જરૂર ગમશે.

❑

## સાભાર સ્વીકાર

(૪૭) ગોપાલગીત (સાંખ્યયોગ) સંકલન અને શબ્દાર્થ : હીના વોરા, ૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૮+૧૪૪, રૂ. ૧૫૦/- (૪૮) પુષ્ટિસંગીત પ્રકાશ : ગુજ.અનુ. સ્નેહલ મઝુમદાર, બીજી-૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૩૨+૨૮૦, રૂ. ૩૫૦/- (૪૯) વિચાર-વલોણુ : ત્ર્યંબક પંડ્યા, ૨૦૧૬, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, ૮+૧૧૨, રૂ.૧૨૫/- (૫૦) જીવન સંધ્યાએ અરૂણોદય : ગુણવંત બરવાળિયા, ૨૦૧૬, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૮+૧૧૨, રૂ.૧૨૫/- (૫૧) અભિનયની પાઠશાળા : વનલતા મહેતા, ૨૦૧૬, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ.૧૨+૧૩૦, રૂ. ૧૫૦/- (૫૨) સ્વીકાર : જયવતી કાજી, ૨૦૧૬, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ.૧૨+૧૪૮, રૂ.૧૬૦/- (૫૩) શિવ ભૂમિનો સાદ : પ્રજ્ઞા પટેલ, ૨૦૧૫, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૬+૨૮૪+૪૦ રૂ. ૩૦૦/-

# આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

- તા.૧૪-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રાના સંયુક્ત ઉપક્રમે શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી, ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા ડૉ. દર્શના ધોળકિયાએ 'ધીરેન્દ્ર મહેતાની વિવેચક પ્રતિભા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં એસ.ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના આચાર્ય ડૉ. એલ. વી. ફફલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે રવીન્દ્ર ભવન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ૧૫૬મા જન્મ દિવસે તા. ૯મીમે ૨૦૧૭ના રોજ ગુજરાત વિશ્વકોશભવન ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમ 'અંતિમ વસંત'નું નાટ્યાત્મક પઠન સર્વશ્રી નિસર્ગ ત્રિવેદી, આરતી પટેલ, નૈષધ પુરાણી, નંદિશ વગેરેએ કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'પાક્ષિકી' અંતર્ગત તા.૪-૫-૨૦૧૭ના રોજ શ્રી કિરીટ દૂધાતે મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૮-૫-૨૦૧૭ના રોજ 'પાક્ષિકી' અંતર્ગત શ્રી રામ સોલંકીએ 'પાણી' વાર્તાનું પઠન કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨૭-૫-૨૦૧૭ના રોજ સાંજે ૫.૩૦ વાગે વિદેહ થયેલા સાહિત્યકાર શ્રી નલિન પંડ્યાને શોકાંજલિ આપવા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સાહિત્યવૃત્ત

જાણીતા પક્ષીવિદ્ તથા વન્યપ્રાણી ક્ષેત્રે પાયાનું પ્રદાન કરનાર રાઓલશ્રી ધર્મકુમારસિંહજીના એકસો એકમા જન્મદિવસે તા.૧૪-૪-૨૦૧૭ના રોજ તેમના ચાહકો, પરિવારજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં મહારાજશ્રી ધમાબાપાને યાદ કરીને એક વિશિષ્ટ કાર્યક્રમ એમ. કે. યુનિવર્સિટી ભાવનગરના ઉપક્રમે શ્રી પ્રવીણ સરવૈયા લિખિત પુસ્તક 'પંખી પરિવાર'નું લોકાર્પણ મ. કૃ. શ્રી શિવભદ્રસિંહજી ગોહિલના હસ્તે થયું હતું.

❑



# પત્રસેતુ

## સપ્ટેમ્બરના 'પરબ'નું આવરણચિત્ર

સપ્ટેમ્બર, ૨૦૧૬ના 'પરબ'ના અંકના મુખપૃષ્ઠ ઉપરના આવરણચિત્રને જો મનમાં અનેક ભાવો ઉદ્‌ભવ્યા. ત્યાર પછી અંદર શ્રી પીયૂષભાઈ ઠક્કરે આપેલ સુંદર વિશ્લેષણ વાંચવા મળ્યું. શ્રી ઠક્કરે આપેલો અર્થ જ મને કંઈક જુદી રીતે સમજાયો હતો.

ચિત્રકારે અધોલિખિત વર્ણનથી ચિત્રના હાર્દને 'નાદ' રૂપે નીરખી પ્રયોજ્યું છે. અવાજના તરંગોના ત્રણ આયામો હોય છે તરંગ-લંબાઈ, એમ્પ્લિટયૂડ (ગુરુતા) અને ફ્રિક્વન્સી (આવર્તનસંખ્યા) જે ગતિ અને તીવ્રતાનું માપ છે. તરંગોની લંબાઈ (વેવલેંગ્થ) ઉપર ફ્રિક્વન્સીનો આધાર છે. જેમ તરંગલંબાઈ વધુ તેમ ફ્રિક્વન્સી ઓછી. લાંબા તરંગ (લૉંગ વેવ), ઓછી ફ્રિક્વન્સી અને ઓછા એમ્પ્લિટયૂડનો અવાજ રુક્ષ અને ધીમો સંભળાય છે. મધ્યમ લંબાઈ, એમ્પ્લિટયૂડ અને ફ્રિક્વન્સી (મીડિયમ વેવ)નો અવાજ મધ્યમ ગતિ અને તીવ્રતાનો હોય અને એ રીતે, નાની તરંગલંબાઈ (શૉર્ટ વેવ)ના અવાજની ગતિ અત્યંત ઝડપી અને તીવ્રતા (shrillness) ઘણી હોય છે. લૉંગ વેવનું ઘનીકરણ થતાં અને તરંગો વચ્ચેનું પરસ્પર અંતર ઘટતાં અવાજ મીડિયમ અને શૉર્ટ વેવમાં રૂપાંતરિત થતો જાય છે. છેવટે અત્યંત તીવ્ર બનીને શ્રવણક્ષમતાને અતિક્રમી જાય છે, એટલે કે આપણા માટે શૂન્ય બની જાય છે. આવો જ કંઈક અનુભવ આપણને ફિલ્મ 'પાકિઝા'ના એક ગીતના અંતે વાગતી રેલગાડીની સિસોટીને સાંભળીને થાય છે.

ચિત્રકારે મોટાં વર્તુળોને લૉંગ વેવ અને ક્રમશઃ ઘટતી ત્રિજ્યાથી મીડિયમ અને શૉર્ટ વેવ દર્શાવ્યાં છે. જેમ જેમ તરંગલંબાઈ ઘટતી જાય અને ફ્રિક્વન્સી વધતી જાય તેમતેમ વર્તુળો નાનાં થતાં બિન્દુત્વ તરફ ગતિ કરે છે.

અવાજના તરંગોને કાગળ ઉપર અનુરેખિત કરીએ તો લાંબા અને ઓછી ઊંચાઈ (એમ્પ્લિટયૂડ)નાં મોજાં ક્રમશઃ વધુ સઘન થઈ પરસ્પર નજીક અને ઊંચાં થતાં જાય છે અને છેવટે અત્યંત નજીક આવી અંતે એક ઊભી લીટીમાં રૂપાંતરિત થઈ જાય છે; જે બિન્દુત્વની નિશાની છે.

આ શૂન્યને આપણે 'બ્રહ્મ' કહ્યું છે અને 'નાદ'ને નાદબ્રહ્મ પણ કહીએ છીએ. એ આપણી સમજ અને ક્ષમતાથી પર છે અને તેથી જ નિગમોએ *'नेति नेति'* કહ્યું છે.

આ તથ્ય મને બીજી રીતે પણ સમજાય છે. આકાશગંગાઓના તારકો કોઈક આકર્ષણકર્તા કેન્દ્રબિંદુ તરફ આકર્ષિત થતા હોય છે. લૉંગ વેવની જેમ દૂરના તારકો ઓછા ગુરુત્વાકર્ષણને લીધે ઓછા ખેંચાય છે. નજીકના તારકો વધુ ગુરુત્વાકર્ષણને લીધે વધુ બળથી કેન્દ્ર તરફ ખેંચાતા હોય છે. આ તારકોના પરસ્પરના ખેંચાણને લીધે દૂરના તારકો પણ નજીક આવતા જાય છે. આ પ્રક્રિયાની સઘનતા અને પરાકાષ્ઠાએ બધા તારકો આકર્ષક કેન્દ્રબિંદુમાં ભળી એકાકાર થઈ જાય અને દેખાતા બંધ થઈ શૂન્યનું સર્જન કરે છે જેને વૈજ્ઞાનિક સ્ટીફન હૉકિન્સે 'બ્લૅક-હોલ'ની સંજ્ઞા આપી છે. આમ

'બ્લૅક-હોલ' પણ શૂન્ય છે અને તે બ્રહ્મ સ્વરૂપે છે. પ્રલયથી સમગ્ર વિશ્વ બ્લેક હોલ બની જઈ બ્રહ્મ સ્વરૂપમાં વિલીન થઈ જાય.

**- મહેન્દ્ર પુરોહિત**

## ભૂલ સુધારણા

આદરણીય શ્રી યોગેશભાઈ,

નમસ્કાર. 'પરબ'ના ફેબ્રુઆરી ૨૦૧૭ અને માર્ચ ૨૦૧૭ના અંકમાંના માત્ર એક-એક લેખમાં જે ભૂલો છે, તે જ દર્શાવેલ છે. આમાં, અમુક લખી નથી.

'પરબ' એ ગુજરાતી ભાષાનાં અન્ય સામયિક કરતાં ઉચ્ચતર છે. આથી, વિશેષ તો 'પરબ'ની જોડણી સમગ્ર ગુજરાતીઓમાં એક આધાર - સાર્થકોશરૂપ - બની રહે તે દિશામાં સર્વેએ પ્રયત્ન કરવા જોઈએ.

| અંક | પૃષ્ઠ | છે | જોઈએ |
|---|---|---|---|
| ફેબ્રુઆરી ૨૦૧૭ | ૪૮ | મહોહારી | મનોહારી |
| ” | ” | અલ્હાબાદની | અલ્લાહાબાદની |
| ” | ૪૯ | ફીરોજશાહ | ફિરોજશાહ |
| ” | ” | નરહરિ પારેખ | નરહરિ પરીખ |
| ” | ” | મૂર્તીકરણ | મૂર્તિકરણ |
| ” | ૫૦ | ધુંવાધાર | ધૂંવાંધાર |
| ” | ૫૧ | સ્ત્રીપુરુષોના | સ્ત્રીપુરુષોનાં |
| ” | ૫૨ | અકારાં | અકારા |
| ” | ૫૩ | જોકે | જો કે |
| ” | ૫૪ | 'ગાંધીઝ ટ્રુથ' | 'ગાંધીઝ ટ્રુથ' |
| ” | ૫૫ | વ્રજં | વ્રજ |
| ” | ” | દ્વિતીયમ હૃદયમ | દ્વિતીયમ્ હૃદયમ્ |
| ” | ” | નાનાસૂનો | નાનોસૂનો |
| ” | ૫૬ | વૈશાખની | વૈશાખના (પું.) |
| ” | ૫૮ | કેટકેટલા | કેટકેટલાં |
| ” | ૫૯ | પૂર્વરચિત | પૂર્વચરિત |
| માર્ચ ૨૦૧૭ | ૫૦ | ફ્લોશીપ | ફેલોશીપ |
| ” | ૫૧ | ભગવદ્ ગોમંડળ | ભગવદ્ગોમંડળ |
| માર્ચ ૨૦૧૭ | ૫૨ | ધુરા | ધૂરા |
| ” | ” | કેટલાક | કેટલાંક |
| ” | ” | લાયસન્સ | લાઈસન્સ |
| ” | ૫૪ | હપ્તેથી | હપતેથી |
| ” | ૫૫ | સામુહિક | સામૂહિક |

**- એન. એલ. રાઠોડ**



## આ અંકના લેખકો

| | | |
|---|---|---|
| અજય પાઠક | : | ૪૩૨/એ, તપોવન, જૂના એરોડ્રામ રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ |
| ઉર્વીશ વસાવડા | : | આશીર્વાદ એક્સ રે ક્લિનિક, ચિત્તાખાના ચોક, સિવિલ હૉસ્પિટલ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧ |
| કમલ વોરા | : | એ/૪૦૩, પારસનાથ સુધાપાર્ક, શાંતિપથ, ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૦૭૭ |
| કિશોર વ્યાસ | : | ૬/બી, મહેતા સોસાયટી, હાઈસ્કૂલ પાછળ, કાલોલ-૩૮૯૩૩૦, જિ. પંચમહાલ |
| ગિરિમા ઘારેખાન | : | સુરધારા, સતાધાર રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪ |
| ચંદ્રકાન્ત શેઠ | : | બી/૯, પૂર્ણેશ્વર ફ્લૅટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| ચન્દ્રકાન્ત ટોપીવાળા | : | ડી/૬, પૂર્ણેશ્વર ફ્લૅટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| જગદીશચંદ્ર ત્રિવેદી | : | રાધેકૃષ્ણ, ૬, બૉમ્બે હાઉસિંગ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| દક્ષા વ્યાસ | : | કોટ, વ્યારા-૩૯૪૬૫૦, જિ. સુરત |
| દક્ષા સંઘવી | : | પો.બો. નં. ૯, સેક્ટર-૧/એ, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૧ |
| નલિન રાવળ | : | ૧૦/એ, સત્તરતાલુકા સોસાયટી, નવજીવન પાસે, અમદાવાદ-૩૮૦૦૧૪ |
| નરોત્તમ પલાણ | : | 'દર્શન', ૩, વાડીપ્લૉટ, પોરબંદર-૩૬૦૫૭૫ |
| પારસ હેમાણી | : | હેમાણી હૉસ્પિટલ, કાન્તા સ્ત્રી વિકાસગૃહ પાસે, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૩૬૦૦૦૨ |
| પ્રદીપ ખાંડવાળા | : | બી-૧૧૦, જ્યુપિટર ટાવર્સ, અતિથિ રેસ્ટોરન્ટ લેન, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪ |
| પ્રફુલ્લ રાવલ | : | ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦ |
| મહેન્દ્ર પુરોહિત | : | નિરાંત, પ્લૉટ નં. ૨૮૭, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦ |
| મુકુન્દ પરીખ | : | હર્ષ, ખારાકૂવા, બાલાસિનોર-૩૮૮૨૫૫ |
| મેહુલ દેવકલા | : | સી/૮, સુદર્શન બંગલો, પ્રીત બંગલો પાસે, સીતારામ કૉમ્પલેક્સ પાછળ, છાણી કેનાલ રોડ, વડોદરા-૩૯૧૭૪૦ |
| યોગેશ જોષી | : | બી/૩૦૩, અર્જુન ગ્રીન્સ, નીલકંઠ મહાદેવ, કે.કે.નગર રોડ, રન્નાપાર્ક, અમદાવાદ-૩૮૦૦૬૧ |
| રાધેશ્યામ શર્મા | : | ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨ |
| વિજય શાસ્ત્રી | : | જે/૩/૩૦૨, મુક્તાનંદ, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯ |
| હર્ષ બ્રહ્મભટ્ટ | : | 'પ્રસાદ', ૭૪/૯, જગાભાઈ પાર્ક સોસાયટી, રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮ |
| હર્ષવદન ત્રિવેદી | : | સી/૪૦૧, સમર્પણ ટાવર્સ, ૧૩૨ ફૂટ રીંગરોડ, અંકુર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ |

**શાળા-કૉલેજોમાં ઉપયોગી દેશ-વિદેશના**
**મહાન ચિંતકોના સુવિચારનાં પુસ્તકો**

| | | |
|---|---|---|
| રજકણ | ધૂમકેતુ | 100 |
| ચિંતનકણિકાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| ગુરુ નહિ, માર્ગદર્શક | સ્વામી સચ્ચિદાનંદ | 3 |
| **જીવનપંથ ઉજાળ પુ. 5** | રોહિત શાહ | 250 |
| સુવિચારબિન્દુ | રોહિત શાહ | 50 |
| સુવિચારસૌરભ | રોહિત શાહ | 50 |
| સુવિચારપાથેય | રોહિત શાહ | 50 |
| સુવિચારસાગર | રોહિત શાહ | 50 |
| સુવિચારસરિતા | રોહિત શાહ | 50 |
| તાઓસૂત્ર | અનુ. માવજી સાવલા | 60 |
| નાનાભાઈ નવનીત | સંપા. ભરત ના. પટેલ | 50 |
| બાવન ફૂલડાંનો બાગ કાગવાણી : 5 | દુલા ભાયા કાગ | 100 |
| ગુજરાતનો વિચારવૈભવ | સંપા. ડૉ. પી. જી. શાહ | 40 |
| ભારતીય ચેતના | ડૉ. અબ્દુલ કલામ, અનુ. હરેશ ધોળકિયા | 150 |
| નરેન્દ્ર મોદીનો વિચારવૈભવ | સંપા. દિનેશ દેસાઈ | 100 |
| મૃત્યુ-સંદેશ | બબાભાઈ એસ. પટેલ | 5 |
| સૌરસ | દેવેન્દ્ર ત્રિવેદી | 65 |
| શિક્ષક-ઉદ્દયન | સંપા. દક્ષેશ ઠાકર | 100 |
| શિક્ષણ-ઉદ્દયન | સંપા. દક્ષેશ ઠાકર | 100 |
| જીવન-ઉપનિષદ | બબાભાઈ પટેલ | 150 |
| શિક્ષક-ઉપનિષદ | બબાભાઈ પટેલ | 100 |
| Perents Know Best | Com. C. F. Patel | 100 |
| સુભાષિત-સૌરભ | કુલિનચંદ્ર યાજ્ઞિક | 300 |

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
■ ફોન : 22144663, 22149660 ફેક્સ : 22144663
■ ઈ-મેઈલ : *goorjar@yahoo.com*

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન :** 102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15. ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com





**રંગદ્વાર પ્રકાશન**

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન નંબર : 079-27913344, વેબ સાઇટ : http://www.rangdwar.com

**નવાં પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| આજની નારી | દિવ્યાશા દોશી | ચરિત્રલેખો | 250 |
| વણજોયું મહુરત | અનુ. દક્ષા પટેલ | વાર્તાસંગ્રહ | 180 |
| એકલવીર સનત મહેતા | ડંકેશ ઓઝા | ચરિત્ર | 200 |
| મન માટીમાં | ઘનશ્યામ પટેલ | કાવ્યસંગ્રહ | 120 |
| ધુમાડા વિનાની ધૂણી | અનુપમ બુચ | સંસ્મરણો | 180 |
| દશ પાશ્ચાત્ય નવલિકાઓ | અનુ. રેમંડ પરમાર | વાર્તાસંગ્રહ | 200 |
| રણની વચ્ચે | વીનેશ અંતાણી | વાર્તાસંગ્રહ | 100 |
| *बिन्दु से सिन्धु की ओर* | *सं. नियाझ पठान* | *विवेचन* | 350 |
| વિજય બાહુબલી | રઘુવીર ચૌધરી | નવલકથા | 120 |
| એક મુઠ્ઠી આસમાન | અનુ. રેમંડ પરમાર | નવલકથા | 200 |
| લોકલીલા | રઘુવીર ચૌધરી | નવલકથા | 160 |
| રસવૈભવ | નીતિન ત્રિવેદી | વાર્તાસંગ્રહ | 200 |
| સોક્રેટીસથી માર્ક્સ | મનુભાઈ પંચોળી | ચિંતન | 130 |
| શ્રાવણનો પાઠ | હિતેષ પંડ્યા | નિબંધ | 80 |
| વિસામા વિનાની વાટ | સં. રમેશ ર. દવે | ર. ચૌધરીની વાર્તાઓ | 180 |
| સોમતીર્થ | રઘુવીર ચૌધરી | નવલકથા | 200 |
| આજની ઘડી તે.. | કંદર્પ ર. દેસાઈ | નવલકથા | 160 |
| આવરણ | રઘુવીર ચૌધરી | નવલકથા | 140 |
| Steps towards Mastering Gujarati | રેમંડ પરમાર | શિક્ષણ | 400 |

## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્‌ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poems, મૂળ અંગ્રેજી સાથે) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

**આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :**

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧




## માય ડિયર જયુની પોત્તાની પ્રકાશન-વ્યવસ્થા

## લટૂર પ્રકાશન

‘અવનિલોક’, ૩, શાંતિનગર સોસાયટી, ૨૨૭૩ હિલ ડ્રાઇવ, ભાવનગર-૧

લટૂર એટલે પુરસ્કારોનો પર્યાય

૧. ગુજરાત સાહિત્ય અકાદમી પ્રથમ પુરસ્કાર : ૨૦૧૫
‘પડથરો’ : ગોરધન ભેંસાણિયા : રૂ. ૧૮૦/-

૨. ધૂમકેતુ નવલિકા પારિતોષિક : ૨૦૧૩
‘થુંબડી’ : સંજય ચૌહાણ : રૂ. ૧૫૦/-

૩. કેતન મુનશી વાર્તાસ્પર્ધાના વિજેતા : ૨૦૧૨
‘અત્તરગલી’ - ‘સુગંધ’ - ‘ગોત્ર’ના સર્જક ગિરીશ ભટ્ટ

૪. ગુ.સા. અકાદમીના પ્રથમ-દ્વિતીય પુરસ્કાર : ૨૦૧૦
‘નાતો’ : મનોહર ત્રિવેદી : રૂ. ૧૨૦/-
‘સામા કાંઠાની વસ્તી’ : નવનીત જાની : રૂ. ૧૫૦/-

૫. ગુજરાતી સાહિત્ય અકાદમી પ્રથમ પુરસ્કાર : ૨૦૦૯
‘મને ટાણા લઈ જાવ !’ : માય ડિયર જયુ : રૂ.૧૪૦/-

અને, પુરસ્કારપાત્ર નવાં પ્રકાશનો

૧. પોલિટેકનિક : મહેન્દ્રસિંહ પરમાર : રૂ.૧૭૦/-
૨. રખડુનો કાગળ : મહેન્દ્રસિંહ પરમાર : રૂ. ૧૭૦/-
૩. ફરીથી : નસીમ-હરીશ મહુવાકર : રૂ. ૧૫૦/-
૪. ફરી એક વાર : નીલમ દોશી : રૂ. ૧૮૦/-
૫. ટોપીઓ ભરતી સ્ત્રીઓ : ગિરીશ ભટ્ટ : ૧૮૦/-
૬. દેવીપૂજક : માય ડિયર જયુ : રૂ. ૧૫૦/-

● ૧૧ કાવ્યસંગ્રહોની કિં. રૂ.૧૫૧૫/- થાય છે. આખો સેટ ખરીદનારને રૂ. ૧૦૦૦/-માં ઘેર બેઠાં પહોંચાડીશું.

● માય ડિયર જયુની વાર્તાકળા વિશે. (૫૩ અભ્યાસલેખો) - રૂ. ૪૫૦/-

તમારા બુકસેલર પાસેથી મળશે. સીધો સંપર્ક કરો : વિશેષ વળતરથી ઘેર બેઠાં પહોંચાડીશું.

**માય ડિયર જયુ** : ૯૮૯૮૯૬૯૬૨૬ - ૯૪૨૬૧૬૦૨૦૯
**અવનીન્દ્ર** : ૯૬૨૪૬૯૫૬૪૬ - ૯૩૭૭૧૧૫૬૪૬
**Email** : latoorprakashan@yahoo.com

વાંચે ગુજરાત અને વિચારે ગુજરાત, એમ બેઉ ઝુંબેશ સાથોસાથ ચાલવી જોઈએ. વિચારવાની ટેવ ન કેળવાય તો વાંચેલું બેકાર છે. જ્ઞાન કરતાં પણ દૃષ્ટિ મહત્ત્વની હોય છે. યુનિવર્સિટીનું મિશન તો પારમિતાની સાધના થાય તે માટેનું પર્યાવરણ સર્જવાનું છે. વિચારવાની ટેવ ન હોય છતાં પીએચ.ડી. થયેલા કેટલાક પ્રાધ્યાપકોને તમે મળ્યા છો ? જો ન મળ્યા હો તો તમે નસીબદાર છો. એ બાબતે હું કમનસીબ છું. વિચારવાની ટેવ પડે અને જીવનદૃષ્ટિ કેળવાય તે માટે કૉલેજોમાં વિચારશિબિરો યોજવી જોઈએ. વિચારોનું વૃંદાવન સર્જાયું ન હોય એવા કેમ્પસને પણ લોકો કેવળ ટેવને આધારે 'યુનિવર્સિટી' કહે છે.

***- ગુણવંત શાહ***

વાંચ્યે રાખવું એ જ નિયમ હતો. એ રીતે મારી સાહિત્યિક દૃષ્ટિમતિનો ઉઘાડ થયેલો ને એ ઉઘાડના સીધા ફળ રૂપે મારી સર્જનપરક સૂઝબૂઝ વિકસવા લાગે છે.

***- સુમન શાહ***

કોઈ પણ માસ્ટરના ચરણે ન બેસવું અને આપણે પોતે માસ્ટર થઈને કોઈને આપણા ચરણે બેસાડવાના ચાળે ન ચડવું. એટલે સમાદરપૂર્વક જગતસાહિત્યના સર્જકોને હેતપૂર્વક વાંચવા. એમની કવિતાઓ તો જ ઊઘડે જો સંશોધનવૃત્તિથી વાંચીએ, નહીં કે પૂજનવૃત્તિથી.

***- સિતાંશુ મહેતા***

ગાંધીજીની ખૂબી એ હતી કે પોતાના ગ્રંથો કરતાં તેઓ વધારે ઊંચા હતા, જ્યારે જીવનની દૃષ્ટિએ શેક્સપિયર અને મિલ્ટન પોતાના ગ્રંથો કરતાં નાના હતા.

***- વિનોબા***

દરેક ભાષામાં આ બે પ્રકારના લેખકો તો હોય જ : (૧) શક્તિ-સંપદા ઓછી, પણ નામના વધારે; (૨) શક્તિ અને નિષ્ઠા અસાધારણ, પણ બહુ ઓછા લોકો એમને જાણે અને માને. બીજા પ્રકારના લેખકો, એમની સર્જકતા વિદ્વતા અને મહેનતના પ્રમાણમાં ઘણાં ઓછાં જાણીતાં હોય છે. આમા કંઈક અંશે ક્યારેક ભીરુતા જેવી લાગે તેવી તેમની લો પ્રોફાઇલ રાખવાની વૃત્તિ જવાબદાર હોય છે. જોકે એમની કદર કરનારા થોડાક જાણકારો તો હોય છે જ.

***- રઘુવીર ચૌધરી***


સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,

દેવમણિ કૉલેજ, વિસાવદર




**આપણાં સુખ-દુઃખ તુલનાનાં !**

વિચાર કરતાં એમ લાગે કે આ તુલનાશક્તિની તો કેવી ખૂબી છે !

મનમાં એક વિચાર ચાલતો હતો, મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો હતો. અચાનક જ કાંઈ યાદ આવ્યું; તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું ! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું ! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ ? તુલનાની આ તે કેવી તાકાત ?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતા માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાત જાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ ! મસ્તીનાં ગીતો વરાળ થઈ ઊડી ગયાં ! હાય રે ! મારા પગમાં કાંઈ નહીં ? હું ઉઘાડપગો ! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો ! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સૂતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા ! તેને જોયો અને થયું : હાશ ! મને પગ તો છે ! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણાં સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું ? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે ! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે ! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણીએ જ ને ?

હવે, તુલનાના કશા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે.

તુલના બધે ખપની નથી.

(પાઠશાળા) - પ્રદ્યુમ્નસૂરિ


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

**ગુજરાતી સાહિત્યને અજવાળતા ઉત્કૃષ્ટ નિબંધસંગ્રહો**

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| નિત નવા વંટોળ (લલિતનિબંધ) | પ્રીતિ સેનગુપ્તા | ૧૦૦.૦૦ |
| કાગળની પૂંછડી (લલિતનિબંધ) | લાભશંકર ઠાકર | ૭૫.૦૦ |
| ઝાકળનો ઝ (લલિતનિબંધ) | લાભશંકર ઠાકર | ૮૦.૦૦ |
| તરુરાગ અને નદીસૂક્ત (નિબંધસંગ્રહ) | જયંત પાઠક | ૬૫.૦૦ |
| સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે (ટૂંકા નિબંધો) | લાભશંકર ઠાકર | ૬૫.૦૦ |
| પવનની વ્યાસપીઠ (લલિતનિબંધ) | અનિલ જોશી | ૨૩.૫૦ |
| તરુરાગ (નિબંધસંગ્રહ) | જયન્ત પાઠક | ૧૧.૦૦ |
| વાંચન વિશ્વ ઝરૂખે (સાહિત્યિક લેખો) | માવજી કે. સાવલા | ૨૧૫.૦૦ |
| વિવેકમાધુરી (રૅશનાલિસ્ટ લેખો) | યાસીન દલાલ | ૨૫૦.૦૦ |
| સૂડાબહોંતેરી (સ્ત્રીકથાનકો) | હસુ યાજ્ઞિક | ૧૬૦.૦૦ |
| અશ્રુ આઝાદીની આંખનાં (આઝાદીવિષયક) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૯૫.૦૦ |
| આજે પણ એ યાદ છે (ઇન્ટરવ્યૂ-લેખો) | દિનેશ દેસાઈ | ૧૦૫.૦૦ |
| કામકથા (સ્ત્રીકથાનકો) | હસુ યાજ્ઞિક | ૧૬૦.૦૦ |
| કિતાબી સફર (સંગ્રહિત સાહિત્યિક લેખો) | માવજી કે. સાવલા | ૧૫૦.૦૦ |
| કિતાબી દુનિયા વાંચનની આનંદયાત્રા (સંગ્રહિત સાહિત્યિક લેખો) | માવજી કે. સાવલા | ૯૫.૦૦ |
| લાગણીનું ઘર (કૌટુંબિક લેખો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૧૨૫.૦૦ |
| ઘરની લાગણી (કૌટુંબિક લેખો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૧૦૦.૦૦ |
| અંધશ્રદ્ધાના એક્સરે (રૅશનાલિસ્ટ લેખો) | જમનાદાસ કોટેચા | ૧૩૫.૦૦ |
| સ્થળાંતર (નિબંધ/અવલોકન) | પ્રીતિ સેનગુપ્તા | ૯૦.૦૦ |
| હુતશેષ (ડૉ. પ્રભાશંકર તેરૈયાના લેખો) | ડૉ. રમેશ મહેતા/ ડૉ. મનોજ જોષી | ૧૪૦.૦૦ |
| વિચારમાધુરી (રૅશનાલિઝમ લેખો) | યાસીન દલાલ | ૫૦.૦૦ |
| ક્ષણાર્ધનું મહાભારત (તરુણાવસ્થાના કથાનકો) | યોસેફ મેકવાન | ૩૫.૦૦ |
| નાનાવિધ (લેખસંગ્રહ) | ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૧૦૫.૦૦ |





રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

**માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજો માટે ઉપયોગી કેટલાંક વિવેચન**

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| શબ્દાવબોધ (વિવેચન) | પ્રવીણ દરજી | ૧૭૫.૦૦ |
| અનુમાન (વિવેચન) | મોહન પરમાર | ૨૪૫.૦૦ |
| સૃજનની અંતરયાત્રા (વિવેચન) | રાજેન્દ્ર પટેલ | ૧૨૫.૦૦ |
| સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિના પરિસરમાં (વિવેચન) | ચંદ્રકાન્ત શેઠ | ૧૮૫.૦૦ |
| અવગત (વિવેચન) | રાજેન્દ્ર પટેલ | ૧૫૦.૦૦ |
| અનુઘટન (વિવેચન) | પ્રવીણ દરજી | ૧૯૦.૦૦ |
| કૃતિબોધ (વિવેચન) | પ્રવીણ દરજી | ૧૩૫.૦૦ |
| ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રની ગતિવિધિ (વિવેચન) | સંપા.ડૉ.પન્ના ત્રિવેદી | ૩૮૫.૦૦ |
| ભારતીય શબ્દ અને સંવેદના (વિવેચન) | પ્રવીણ દરજી | ૧૧૫.૦૦ |
| મરીઝનું જીવન અને કવન (વિવેચન) ‘નાશાદ’ | ગુલામ અબ્બાસ | ૧૦૦.૦૦ |
| વાક્સંદર્ભ (વિવેચન) | ઉશનસ્ | ૮૫.૦૦ |
| અવગાહન (વિવેચન) | રાજેન્દ્ર પટેલ | ૭૦.૦૦ |
| એકલતાનું ઉપનિષદ (વિવેચન) | ચિનુ મોદી | ૧૧૦.૦૦ |
| ચૈતન્યલક્ષી વિવેચન (વિવેચન) | નીતા ભગત | ૩૫.૦૦ |
| ગઝલ : સંજ્ઞા અને સંપ્રત્યય (સંશોધન-વિવેચન) | ડૉ. એસ.એસ. રાહી | ૪૫.૦૦ |
| સાહિત્યનું ઘડતર (વિવેચન) | વિનાયક રાવલ તથા અન્ય | ૧૦૦.૦૦ |
| મહાત્મા ગાંધી સિક્કાની બીજી બાજુ (વિવેચન) | પ્રણવ મહેતા | ૪૦.૦૦ |
| સન્નિધિ-ચિંતન-ચેતોવિસ્તાર-સંસ્પર્શ-શોધ (પુ.૫) (વિવેચન) | કૃષ્ણવીર દીક્ષિત | ૨૦૦.૦૦ |

**ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે**

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તોપણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છેઃ ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા, પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું. એટલે વિઘ્ન શરૂ ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ તેટલી જ જરૂરી છે. તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં ‘આ કે તે’ વિકલ્પ ભલે શોધ્યા કરીએ - એ ચાલે. પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યા ગામ અને ઠામ પહોંચાય છે. માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું. પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે - જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

નિમેષભાઈ ડગલી

**એમ.બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧**
**(ઈ. ૧૧૫૦-૧૪૫૦) પ્રાચીનકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૪+૩૧૨, કિંમત રૂ. ૨૧૦/-




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૧**
**(ઈ. ૧૪૫૦-૧૬૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૪૯૨, કિંમત રૂ. ૨૮૦/-




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૨**
**(ઈ. ૧૬૫૦-૧૮૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૩૯૫, કિંમત રૂ. ૨૫૦/-




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩**
**(દલપતરામથી કલાપી)**
પ્રથમ આવૃત્તિ : સંપા : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. : રમણ સોની
પાકું પૂઠું : પૃ. ૧૬+૬૫૬, કિંમત રૂ. ૫૦૦/-



## ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૪**
**ન્હાનાલાલથી ઝવેરચંદ મેઘાણી**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ સંપાદક : રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+ ૬૦૦, કિંમત રૂ. ૪૯૦/-




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫**
**(૧૮૯૫-૧૯૩૫) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ**
સંપાદક : રમેશ ર. દવે
સંપાદન સહાય : પારુલ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૧૪+૪૯૪, કિંમત રૂ. ૪૨૫/-




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૬**
**(ઈ. ૧૮૯૫-૧૯૩૫)**
**ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો**
સંપાદક : રમેશ ર. દવે
પાકું પૂઠું, પૃ. ૧૮+૭૩૪, કિંમત રૂ. ૪૭૦/-




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૭**
**(ઈ. ૧૯૧૦-૧૯૩૫) સ્વાતંત્ર્યોત્તર યુગ-૧**
સંપાદક : રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિંમત રૂ. ૪૧૫/-

**PARAB 2017** June

Regd. under Postal Registration No.

RNI No. GUJGUJ/2006/17273 GAMC-306/2015-2017, valid upto 31-12-2017

Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd

ISSNO 250 - 9747 પરબ

